वर्ष : 8 ◆ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ 2018
સળંગ અંક : 46

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

ભારતીય સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિ પર રામાયણનો પ્રભાવ કલ્પનામાં ન આવે તેટલો ઊંડો, વ્યાપક અને સૂક્ષ્મ છે. ઇતિહાસ ભૂતકાળમાં બનેલા પ્રસંગોનો અહેવાલ રજૂ કરે છે. પુરાણકથાઓની આધારભૂમિ હકીકતો નહીં, પરંતુ અચેતનમાં સદીઓથી જળવાયેલા સંસ્કાર હોય છે. રામ આપણા સામૂહિક અચેતનમાં સદીઓથી જળવાયેલા પૂજનીય મહામાનવ છે. રામકથા કોઈ ઐતિહાસિક અહેવાલ નથી. રામકથા ભારતીય પ્રજાના સામૂહિક અચેતનમાં સદીઓથી જળવાયેલી સંસ્કારકથા છે. એ કેવળ રામના વિભૂતિમત્ત્વની પાવનકારી કથા નથી, પરંતુ ખરા અર્થમાં ભારતીય મનની કથા છે. રામાયણ અને મહાભારતને બાદ કરીએ પછી ભારતમાં શું બચે ? આવો પ્રશ્ન ઋષિ વિનોબાએ જ નહીં, રૅશનલિસ્ટ અને નાસ્તિક એવા પંડિત નેહરુએ પણ ઉઠાવ્યો હતો. આવાં બે મહાકાવ્યોથી ભારતનાં યુવકયુવતીઓ અજાણ્યાં રહી જાય એ તો ભારે ખોટનો ધંધો ગણાય. **– ગુણવંત શાહ**

✴

મહાભારત એક ધર્મકાવ્ય છે તે ત્રણ રીતે : (૧) એમાં આવીઆવીને ઉમેરાયેલી ધર્મપ્રચુર ઇતર (કથાથી ઇતર) સામગ્રીને લીધે, (૨) મૂળ કથામાં ધર્મજીવનનું એક અદ્‌ભુત રૂપક જોવાની શક્યતા રહેલી છે તેને લીધે અને (૩) એ કથાના વિવિધ પ્રસંગોના આલેખન દ્વારા ઋષિકવિએ ધર્મજીવનના વિવિધ પ્રશ્નોના સ્વરૂપ પર અજવાળું પાથર્યું છે એને લીધે, અર્થાત્ આખી કૃતિના કાવ્યત્વ દ્વારા ધર્મની સુગંધ ફોર્યાં કરે છે એને લીધે. ભારતવર્ષનો જનસમાજ યુગોથી મહાભારતમાંથી ધર્મપ્રેરણા પીતો આવ્યો છે તે એની ઉપર ગણાવેલી ત્રિવિધ લાક્ષણિકતામાંથી ત્રીજી લાક્ષણિકતાને લીધે. જીવનમાં કાંઈક ઘાંટી આવે ત્યારે માણસ ઘણુંખરું મહાભારતના કોઈક ને કોઈક પ્રસંગનો ખ્યાલ કરી પોતાનો રસ્તો વિચારી શકે છે. અનુસરી શકે છે એમ નહિ, વિચારી શકે છે. મહાભારત દ્વારા વ્યાસે જાણે ધર્માચરણનું વ્યાકરણ પ્રજા આગળ મૂકી દીધું ન હોય! પાશ્ચાત્ય અને અત્રત્ય બુદ્ધિમંતોને મહાભારત મૂંઝવે છે, કેમ કે મહાભારત જેને બેધડક અનુસરી શકાય એવાં નીતિમંત સ્ત્રીપુરુષોની કથા ન હોઈ માણસો એમાંની ધર્મપ્રેરણા કેમ પામી શકે એવો પ્રશ્ન એના મનમાં ઊઠે છે. પણ મહાભારત આદર્શ ધર્મચર્યાનું નિરૂપણ કરે છે માટે ધર્મકાવ્ય છે એવું નથી, પણ આદર્શ ધર્મચર્યા કેવી હોય તે વિશે તીવ્રપણે વિચારતા કરી મૂકે છે એ કારણે એ ધર્મકાવ્ય છે. **– ઉમાશંકર જોશી**





રાષ્ટ્રના ૭૨મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.



એમ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ એન્ડ રિસર્ચ, ગાંધીનગરના પ્રિન્સિપાલ ડૉ. કેયૂર શાહ સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે ધ્વજારોહણ કરાવી રહ્યા છે તેનું દ્રશ્ય.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ 'શિશુ વિદ્યાવિહાર' અને 'કિન્ડર ગાર્ટન', કડી દ્વારા આયોજિત રથયાત્રાનો પ્રારંભ કરાવી રહ્યા છે તે પ્રસંગનાં બે દ્રશ્યો.



શેઠ સી.એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના આચાર્યશ્રી બચુભાઈ પટેલ સેવાનિવૃત્ત થતાં કવિશ્રી હર્ષદ ત્રિવેદી સન્માનપત્ર એનાયત કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.



શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ માટે સજ્જ છે તેની તસવીર.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૮, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૮; સળંગ અંક : ૪૬

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : મોબાઈલ અને વાચન ટેવ — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર ઇતિહાસની અટારીએથી ત્રિમૂર્તિ : પૂ. છગનભા, શ્રી ધનશા ભગત અને શ્રી માધવજીભાઈ — પોપટલાલ ગુલાબદાસ પટેલ ૪

૨. લખ્યા વગરનાં મોટાં નામ — મોહનલાલ પટેલ ૭

૩. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો સમાજલક્ષી અભિગમ — મણિભાઈ ઈ. પટેલ (મમ્મી) ૯

૪. રામાયણનું હૃદય અને હૃદયનું રામાયણ — ગુણવંત શાહ ૧૧

૫. મહાભારત : એક ધર્મકાવ્ય — ઉમાશંકર જોશી ૨૫

૬. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૬
   - 'પ્રત્યક્ષ' સૂચિ / સંપાદક : પ્રવીણ કુકડિયા
   - ચાણક્ય નીતિ / પ્રવક્તા : મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ; સંકલન : મધુસૂદન કૃ. સોની

૭. સંસ્થા સમાચાર
   - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૦
   - શાળા વિભાગ ૪૪



**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬


## સંપાદકીય

### મોબાઈલ અને વાચન ટેવ

એક સહૃદયી ગ્રંથપાલ મિત્રએ તેના મોબાઈલમાં વોટ્સએપના માધ્યમથી પ્રાપ્ત કરેલ નીચે દર્શાવેલ સચિત્ર વાર્તાલાપ વંચાવ્યો :

???

"Just open it and read it. You don't need a password."

It's called 'a book'...

... Not sure where the bettries go.

No joystick ? No mouse ? No key-board ?

How do you turn the page ?

ભોંય ઉપર પડેલ કોઈ અદીઠ વસ્તુ જોઈને કેટલાંક બાળકો એકઠાં થઈ જાય છે અને તેને જોતાં જ કુતૂહલતાપૂર્વક આશ્ચર્યચકિત થઈ જઈ હૃદયોદ્ગાર વ્યક્ત કરે છે કે આ છે શું ? આ સમયે એક શિક્ષિકા / માતા પોતાના બાળકને સમજાવે છે કે બેટા ! આ પુસ્તક કહેવાય. પુસ્તક વાંચવા માટે તેના હાથમાં મૂકતાંની સાથે જ જણાવે છે કે આ પુસ્તકના ઉપયોગ માટે તારે કોઈ પાસવર્ડની જરૂરિયાત નથી. ત્યારે બાળક વળતા સવાલો કરે છે કે તો તેની બૅટરી ક્યાં રાખવાની ? શું કોઈ જોયસ્ટીક, માઉસ કે કી-બોર્ડ પણ નથી ? તો કઈ રીતે તેનાં પૃષ્ઠ પલટાવી શકાય ?

આ સંવાદ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે આજનાં બાળકો પ્રત્યાયનનાં અત્યાધુનિક વિવિધ ઉપકરણો જેમ કે મોબાઈલ, લેપટોપ, ટીવી વગેરેની દુનિયામાં વ્યસ્ત તથા મસ્ત અને ક્વચિત તેના અતિરેકપૂર્ણ ઉપયોગમાં ગળાડૂબ જોવા મળે છે. પરિણામસ્વરૂપે પુસ્તકની ઓળખ ગુમાવતાં જાય છે –

પુસ્તકથી અળગાં થતાં જાય છે. પુસ્તકની ઉપયોગિતા અને મહત્તાને ધ્યાને લેતાં આ સ્થિતિ ભારે ચિંતાકારક બની રહી છે, તેમજ સમગ્ર સમાજ સામે લાલબત્તી ધરે છે અને સંબંધિત પક્ષો-વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે-ને જાગ્રત થવા માટે ગર્ભિત સંદેશ આપે છે.

આ સાથે એક હકીકત એ પણ છે કે સામ્પ્રતયુગમાં પ્રત્યેક વ્યક્તિ ટૅક્નૉલૉજીના ઉપયોગમાં કાર્યકુશળતા ધરાવતો હોવો જોઈએ, કારણ કે જ્ઞાનવિજ્ઞાનના ઢગલાબંધ કલ્પનાતીત સ્રોતો / અપ્રાપ્ય પુસ્તકો કે જે પ્રાયઃ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ હોતાં નથી અથવા તે બધાં સરળતાથી મેળવી શકાતાં નથી તે બધી સામગ્રી ઇચ્છિત સમયે અને સ્થળે ટેકનૉલૉજીના ઉપયોગ થકી ઘેર બેઠાં સરળતાથી મેળવી શકીએ છીએ. પુસ્તકની માફક જીવનજરૂરી ઘણી ખરી સામગ્રી પણ ઘેરબેઠાં પ્રાપ્ત કરી શકીએ છીએ. આ ટેકનૉલૉજીનો પોતાની જીવનનૈયાને ઊર્ધ્વગતિએ લઈ જવાના ઉમદા ધ્યેય સાથે વિવેકપૂર્ણ ઉપયોગ કરનાર વિદ્યાર્થી ઘેરબેઠાં બહુવિધ વિદ્યાક્ષેત્રોમાં પ્રવીણતા હાંસલ કરી શકે છે, જેના પરિણામસ્વરૂપે આ જ્ઞાન રોજગારી મેળવવામાં પણ અનિવાર્ય બની રહ્યું છે. વાંચી-લખી નહીં શકનાર નિરક્ષર કે અભણ તરીકે ઓળખાવાય છે તે જ રીતે અત્યાધુનિક ટેકનૉલૉજીનો ઉપયોગ નહીં જાણનાર 'technologically illiterate' ઓળખાશે. સ્વાભાવિક રીતે જ આ સ્થિતિ અસહ્ય છે. તેથી પ્રત્યેક વ્યક્તિ માટે ટેકનૉલૉજીના વપરાશનું જ્ઞાન અપરિહાર્ય બની રહે છે. બાળકોની આ કાર્યકુશળતાનો તેના બહુવિધ લાભોને ધ્યાને લઈ વાલીઓએ ગર્વ અનુભવવો જોઈએ. તેમજ, તેમને આ સંબંધી વધુ જ્ઞાન મેળવવા માટે – અદ્યતન રહેવા માટે – પ્રોત્સાહિત પણ કરવાં જોઈએ. આ જ્ઞાન અને કૌશલ્યએ આજના સમયની જરૂરિયાત હોવાથી તેને ધ્યાને લેવાં જ રહ્યાં.

જોકે મોબાઈલ વગેરેનો અતિરેકપૂર્ણ ઉપયોગ પણ હિતાવહ નથી જ. આપણી કમનસીબી એ છે કે આપણે ભાગ્યે જ ડોકિયું કરીએ છીએ કે બાળક મોબાઈલ વગેરેનો ઉપયોગ કયા હેતુથી કરી રહ્યો છે. શું તેને બધી જ અધ્યયન-સામગ્રી નેટ ઉપર સુલભ છે ખરી ? આ સામગ્રીની અધિકૃતતા કેટલી ? મોબાઈલ વગેરે ઉપકરણોના માધ્યમથી પાઠ્ય કે જ્ઞાન-વિજ્ઞાનની સામગ્રીના વાચન માટે બાળક કેટલો સમય ફાળવે છે અને વિવિધ પ્રકારની કમ્પ્યૂટર આધારિત રમતો કે અન્ય મનોરંજનાત્મક સાહિત્ય ઇત્યાદિ પાછળ કેટલો સમય ખર્ચે છે તે જાણવાની આપણે દરકાર કરતા નથી. વળી, આ ઉપકરણો પ્રતિ અતિરેકપૂર્ણ લગાવથી ઘરમાં પધારેલાં સ્વજનો કે પરિવારજનો સાથે ભાવપૂર્વક વાતચીત કરવાનો વિવેક દાખવવાનું પણ બાળકો ભૂલતાં જાય છે. આ સાથે ધ્યાને રાખવું રહ્યું કે આ બધાં સાધનોનો અત્યાધિક ઉપયોગ મગજ, આંખ અને કાનને નુકસાનકર્તા બની રહે છે તથા સ્વભાવમાં પણ નકારાત્મક અભિગમ પ્રવેશતો જોવા મળે છે. તેમ જ ટી.વી. ઉપરની જાતજાતની લોભામણી જાહેરાતોના રવાડે પણ ચઢી જવાય છે, જે અંતતઃ ભારે નુકસાનકર્તા સાબિત થઈ શકે છે. પુસ્તક જેટલો આ ઉપકરણોનો વાંચન હેતુ સરળતાથી ઉપયોગ થઈ શકતો નથી અને તેથી જ આ બધાં ઉપકરણોના ઉપયોગમાં નિયમન અને સ્વાતંત્ર્ય અર્થાત્ વિવેકબુદ્ધિના સંસ્કારનું સિંચન અનિવાર્ય બની રહે છે. અન્યથા, બાળકો પોતાના કર્તવ્ય-પથથી વિમુખ થઈ સમય અને શક્તિના વ્યય તરફ વળી જશે, જે સરવાળે હાનિકારક બની રહેશે. અને તેથી જ વાલીઓએ પોતાના પાલ્યના સુયોગ્ય ઉછેર હેતુ આ ઉપકરણોના ઉપયોગ પ્રતિ પ્રેમપૂર્વક સમજણ થકી કેટલાંક નિયંત્રણો રાખવાં જરૂરી બની રહે છે.

આજનાં આપણાં ઘણાંખરાં બાળકોમાં મોબાઈલ વગેરેના ઉપયોગમાં વિવેકબુદ્ધિના અભાવે આગળ ઉપર પ્રારંભમાં દર્શાવેલ કાલ્પનિક સંવાદ જેવી સ્થિતિ હકીકતજન્ય બની રહેતાં ઝાઝી વાર લાગશે નહીં. સંભવ છે કે મોબાઈલ વગેરે ઉપર પ્રાપ્ત અધ્યાપકીય નોટ્સ / પ્રશ્નોત્તરથી સંતુષ્ટ બની રહીને કોઈ વિદ્યાર્થી ઉચ્ચ ગુણાંક / ગ્રેડ પણ મેળવશે. અને પસંદગીના ક્ષેત્રમાં નોકરી / વ્યવસાય મેળવવા યશભાગી નીવડી ધન-દૌલતથી સમૃદ્ધ પણ થશે, પરંતુ શું માનવજીવનનું આ એકમાત્ર લક્ષ્ય છે ? અભ્યાસની સાથે સાથે દરેકે આજીવન વિદ્યા-અર્થી બની રહી સાહિત્યના રસપાનનો શોખ કેળવવો જ જોઈએ. સવિશેષતઃ વિદ્યાર્થી અવસ્થા દરમિયાન વાંચનનો ખાસ શોખ કેળવીને પુષ્કળ વાંચન કરવું જોઈએ. સર જોન હર્શલે વાંચનનો મહિમા વર્ણવતાં નોંધ્યું છે કે ''અદ્યાપિપર્યંત થઈ ગયેલા વિદ્વાનો પૈકી નવાણું વિદ્વાનો ગ્રંથો વાંચીને જ્ઞાન સંપાદન કરી વિદ્વાનોમાં ગણાયા છે. કેવળ સ્વબુદ્ધિથી વિદ્વાન થયેલા ઘણા જ થોડા જાણમાં છે. જ્ઞાન સંપાદન કરવાને અમારી નજરમાં તો 'વાંચન' વિના બીજો સુલભ માર્ગ જ નથી.''

આ સાથે જ આપણા પ્રબુદ્ધ ચિંતક ગુણવંત શાહ કહે છે તેમ અધોળ જેટલું વાંચન કરીને ટનબંધ ચિંતન કરવું જોઈએ. આ જ વાત રવિશંકર મહારાજના શબ્દોમાં જોઈએ : ''કેટલાક જલદી જલદી પુસ્તકો વાંચી નાખે છે. મનન કરતા નથી. જે ઢોરને વાગોળતાં ન આવડે, તેને લોહી ન ચઢે. તેમ જે વાંચીને મનન ન કરે, તેને જ્ઞાન પચે નહિ. નિદિધ્યાસન થાય નહિ'' ને પણ ધ્યાને લેવા રહ્યા. અર્થાત્ વાચન એકલું પર્યાપ્ત નથી. વાંચનની સાથે ગહન-ગંભીર ચિંતન પણ અનિવાર્ય છે. સૌપ્રથમ તો વાંચનથી પ્રજ્ઞાશીલ સર્જકોના વિચાર-વારસાથી લાભાન્વિત થવાય છે, તેમજ માનવસમાજના ધબકતા જીવનથી અંતરંગ નાતો કેળવાય છે. વાંચનથી વિષય ક્ષેત્રમાં જ્ઞાનપ્રાપ્તિની સાથે સાથે તરોતાજા વિચાર અને તર્કશક્તિ કેળવાય છે. તેમજ માનવીય ભાવોથી સુપરિચિત બની રહેવાય છે. વાંચન વ્યક્તિની વૈચારિક ચેતનાને જાગ્રત કરીને તેની વિચારસરણીને દઢમૂળ કરે છે યા સ્વસ્થ અને સમતોલ વિચારરૂપી પ્રાણવાયુનું સિંચન કરીને તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં પુનઃવિચારણા કરવા બાધ્ય કરી નવી સમજ કેળવવામાં ઉપકારક નીવડે છે, જે અંતતઃ ઉદાત્ત જીવનપથ પર લઈ જાય છે કે જે માનવજીવનનું અંતિમ લક્ષ્ય પણ છે.

આજનાં આપણાં બાળકો / વિદ્યાર્થીઓ વાંચન વિમુખ થવા પાછળનાં કેટલાંક કારણો પૈકીનું એક કારણ આપણું પોતાનું જ – વાલીઓ તથા શિક્ષકોની – ઘટતી જતી વાચનટેવ છે. આ ઉપરાંત એક જમાનો હતો કે આપણાં ગામડાંઓમાં શ્રાવણ તેમજ અધિક માસમાં રામાયણ, ભાગવત વગેરે જેવા ગ્રંથોનું વાંચન નિયમિતપણે થતું તેમજ ઉનાળામાં ધાર્મિક કથા સપ્તાહોનું આયોજન કરવામાં આવતું, જેનો લાભ આબાલવૃદ્ધ સૌ ગ્રામજનો લેતાં. આજે આ કથા સંસ્કૃતિ પ્રાયઃ અદશ્ય થઈ ગઈ છે. આપણાં સાર્વજનિક ગ્રંથાલયો કે શાળા - કૉલેજો - યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયોનો ઉપયોગ દિનપ્રતિદિન ઘટી રહ્યો છે. કેટલાક અપવાદોને બાદ કરતાં આચાર્યો / અધ્યાપકોની સંબંધિત ગ્રંથાલયોમાં હાજરી ક્વચિત્ જ જોવા મળે છે, જેની સીધી અસર વિદ્યાર્થીઓ ઉપર પડે છે. અર્થાત્ પોતાના રોલ-મોડલ સમ પોતાના ગુરુજનોની ગ્રંથાલયમાં અનુપસ્થિતિ પણ તેમને તેમ કરવા પ્રેરે છે. વિદ્યાર્થીઓ પણ ગ્રંથાલયના ઉપયોગના સ્થાને ગાઇડો કે 'નોટ્સ'ના આધારે કામ ચલાવતા થઈ ગયા છે અને કવચિત અધ્યાપકો પણ પરિણામે સંબંધિત વિષયની પાઠ્યેતર કૃતિઓથી પ્રાયઃ અજ્ઞાત થતા જઈ રહ્યા છે. એક સમય હતો કે સંસ્કૃતના વિદ્યાર્થીઓ માત્ર કૃતિ આધારિત સંપાદનોનો પ્રાયઃ ઉપયોગ કરતા હતા તેના સ્થાને આજે ગાઇડોનો વપરાશ અનિવાર્ય બની ગયો છે. આજે પ્રાયઃ બધા જ વિષયોમાં પાઠ્યપુસ્તકો અદશ્ય થઈ ગયાં છે અને તેનું સ્થાન ગાઇડોએ લઈ લીધું છે.

એક અન્ય મહત્ત્વનું કારણ એ છે કે આજની આપણી શિક્ષણ પ્રણાલી અને વાલીઓની પોતાના પાલ્યને અંગ્રેજી માધ્યમમાં ભણાવવા તરફની આંધળી દોટ. કહેવાતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં હિન્દી ભાષાનું જ ભારે પ્રચલન જોવા મળે છે. વળી, આવી શાળાઓમાં માતૃભાષાના અધ્યાપન પ્રતિ ઉપેક્ષા સેવવામાં આવે છે કે તેનું મહત્ત્વ ગૌણ ગણીને તેનું અધ્યાપન કરાવવામાં આવતું હોય છે. પરિણામસ્વરૂપે ધોરણ ૧૦-૧૨ સુધીનો અંગ્રેજી માધ્યમનો વિદ્યાર્થી નથી માતૃભાષા સરખી રીતે લખી, બોલી કે વાંચી શકતો અને આ જ સ્થિતિ અંગ્રેજી અને હિન્દી ભાષાઓના જ્ઞાનની પણ જોવા મળે છે. આવા અધકચરા ભાષાજ્ઞાનના કારણે વિદ્યાર્થીઓ લલિત સાહિત્ય કે જ્ઞાન-વિજ્ઞાનના અન્ય વિષયોના પાઠ્યેતર ગ્રંથો ભાગ્યે જ વાંચવા સમર્થ હોય છે અને તેની ઇચ્છા પણ ધરાવતા નથી. અને તેના પરિણામે વિદ્યાર્થીઓની મૌલિક વિચાર - ચિંતન શક્તિ કુંઠિત થતી જતાં વિચારશૂન્યતા તરફ ઢસડાઈ રહ્યાં છે. વળી, શાળા / કૉલેજો / ટ્યૂશન વર્ગોમાં પરીક્ષાકેન્દ્રી ગોખણવિદ્યાના પ્રોત્સાહનના કારણે વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણાંક સાથે ડિગ્રીધારી બહાર પડે છે, પરંતુ અપેક્ષિત જ્ઞાનથી કોરાધાકોર રહે છે. આ સ્થિતિ જ્ઞાનીકવિ અખાના શબ્દો : 'તલમાં તાંદળા ભળ્યા, ન થાય ઘેંસ કે ઘાણી'માં અભિવ્યક્ત ભાવ જેવી પરિણમતી જાય છે. આ સ્થિતિના નિવારણ અર્થે તેમજ પોતાના પાલ્યના સર્વાંગી વિકાસ અને હિતને ધ્યાને લઈ વાલીઓએ અંગ્રેજી માધ્યમનો વ્યામોહ છોડીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, ઉમાશંકર જોશી, નિરંજન ભગત, ભોળાભાઈ પટેલ વગેરેની દૂરંદેશિતાપૂર્ણ શીખ 'ઉત્તમ અંગ્રેજી માધ્યમ ગુજરાતી'ને હૈયે ધરવી રહી ! તેમજ મોબાઈલ વગેરે ઉપકરણોના ઉપયોગ ઉપર વિવેકપૂર્ણ નિયંત્રણ કરવામાં આવશે તો આ સ્થિતિ બાળકોને સત્ત્વશીલ વાચન કરવા પ્રેરશે અને વધુ સામર્થ્યશીલ બનાવશે.

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર

## ઈતિહાસની અટારીએથી

# ત્રિમૂર્તિ : પૂ. છગનભા, શ્રી ધનશા ભગત અને શ્રી માધવજીભાઈ

પોપટલાલ ગુલાબદાસ પટેલ

**(શ્રી એ મહાન ત્રિમૂર્તિની ઓળખ આપતો લેખ, આ સંસ્થાના ભૂતપૂર્વ આચાર્ય, મંત્રી અને તેમની સાથે પ્રત્યક્ષ કાર્ય કરનાર પોપટલાલ ગુલાબદાસ પટેલની અધિકૃત કલમે લખાયેલ, અત્રે રજૂ કરતાં આનંદ થાય છે.)**

### ૧. પૂ. છગનભા

પ્રથમ મહાયુદ્ધની પૂર્ણાહુતિ થઈ હતી. બ્રિટિશ સલ્તનતની ધૂંસરી દૂર થાય એમ દેશ ઝંખી રહ્યો હતો. પણ રોલેટ કાયદાના રૂપમાં તે પકડ મજબૂત બની. દેશનું વાતાવરણ ઘેરું બન્યું. સમાજ રિવાજ-કુરિવાજોની પકડમાં સૈકાઓથી જકડાયો હતો અને અજ્ઞાન વ્યાપ્યું હતું. આવે પ્રસંગે ઉત્તર ગુજરાતને જે એક વિરલ પુરુષ સાંપડ્યો તે આપણા છગનભા. સંન્યાસી મહાત્માઓનાં ચરણો તળાંસતાં તેમને પ્રેરણા અને જ્ઞાન લાધ્યું કે 'સમાજમાં અજ્ઞાન છે તેને દૂર કરવાનો એક માત્ર ઉપાય કેળવણી છે. કેળવણીનો પ્રચાર કરવો એ જ સાચી સામાજિક સેવા છે.' તેમણે જોકે ધૂળી નિશાળના મહેતાજી પાસે ખાસી મોટી ઉંમરે માત્ર દોઢેક વર્ષમાં વ્યવહારુ કેળવણી લીધી હતી. છતાં કેળવણીના પ્રચાર માટે કમર કસી. તે માટે રાતદિવસ પ્રયત્ન આદર્યો અને તેમાં સિદ્ધિ મેળવવા સુધી જંપ્યા નહિ.

આ ધ્યેય પાર પાડવા તેમના પ્રયત્નથી સંવત ૧૯૭૫ના ઉનાળામાં પોતાના વતન સરઢવ ગામે આગેવાનોની સભા મળી તેમાં કેળવણીની સંસ્થાનો ઠરાવ થયો. તે વખતે છગનભાએ પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી છાત્રાલયની શરૂઆત ન થાય ત્યાં સુધી પોતે મિષ્ટાન્ન નહિ લે. સાત આઠ માસમાં જ છાત્રાલય શરૂ થયું તેમાં તે પ્રતિજ્ઞાનું બળ હતું. શાળા પણ બે વર્ષ બાદ શરૂ થઈ, અને સંસ્થાના મકાન માટે જમીન ખરીદાઈ અને ખાતમુહૂર્તની ક્રિયા થઈ. તેમણે એકલે હાથે ધૂણી ધખાવી. સિલ્લકમાં માત્ર પાંચ રૂપિયા હતા છતાં મકાનના પાયાનું કામ શરૂ કર્યું. ઈશ્વર ઉપર અડગ શ્રદ્ધા, સત્કાર્ય માટેની તાલાવેલી અને અખૂટ નિશ્ચયબળ આ એમનાં હથિયાર હતાં. શ્રાવણ માસની હેલી હતી. ગામમાં જે મકાનમાં છાત્રાલય હતું તે જીર્ણ હતું. વિદ્યાર્થીઓ પથારીઓ સંકેલી આખી રાત ટૂંટિયું વાળી બેસી રહેતા. એ કરુણ દૃશ્ય 'ભા'થી જોયું ન ગયું. આ દૃશ્યે તેમને વધુ ઉત્તેજિત કર્યા અને તેમણે દૃઢ સંકલ્પ કર્યો કે બાળકોને એ ત્રાસમાંથી મુક્ત કરવાં. ભાદરવા માસમાં ચણતર શરૂ થયું અને વિજ્યા-દસમીએ વાસ્તુ કર્યું. પોતાની પથારીઓ લઈ નવા પણ અધૂરા મકાનમાં આવેલા વિદ્યાર્થીઓનો હર્ષ અને ઉલ્લાસ ખરેખર અવર્ણનીય હતો.

છગનભા સત્સંગી અને વેદાંત જ્ઞાનના પિપાસુ હતા. દરેક પંથના મહાત્માઓ કે રાષ્ટ્રપુરુષો પાસેથી, તેમનાં ભાષણોમાંથી કે મહાત્માઓનાં જીવનચરિત્રોમાંથી જ્યાંથી મળી શકે ત્યાંથી જ્ઞાન મેળવી લેતા. પોતે નક્કી કરેલી કસોટીએ તેને કસી જોતા અને તેને પ્રત્યક્ષ જીવનમાં ઉતારતા.

છગનભાએ ૫૬-૫૮ વર્ષની ઉંમરે સામાજિક ઋણ અદા કરવા અને સમાજનું સંસ્કાર જલ વહેતું રાખવા જીવનના છેલ્લા શ્વાસ સુધી તપ કર્યું. તેમણે સૈકાઓથી ભુલાઈ ગયેલી વાનપ્રસ્થ અને સંન્યસ્ત પ્રણાલિકાને નવીન સ્વરૂપમાં સજીવન કરી, આચરી બતાવી અને સુંદર દાખલો બેસાડ્યો.

બહારગામથી છગનભા જ્યારે સંસ્થામાં આવે ત્યારે નવજીવન લેતા આવે. વિદ્યાર્થીઓ ઘેરી વળે, પોતાનાં સુખ-દુઃખની વાતો તેમને ખુલ્લા દિલે કરે. શક્ય તેટલી મદદ બાળકોને તેઓ તરત જ કરતા અને ન બને ત્યાં વિદ્યાર્થીને લઈ કોઈ શ્રીમંતને ઘેર, પહોંચી જઈ મદદ અપાવતા.

છગનભાએ આ સંસ્થા તેમ જ બીજી સંસ્થાઓ માટે ફંડની સફળ ઝોળી ફેરવી છે. સંસ્થામાં કે ગામડામાં કે ગાડીમાં હોય કે પગપાળા મુસાફરી કરતા હોય, જે મળે તેની સાથે સમાજસુધારા અને કેળવણી સંબંધી વાતચીત

ચાલુ જ હોય અને તેના ગામ સંબંધે સંપૂર્ણ હકીકત જાણી લે. પોતાના છેલ્લા શ્વાસ સુધીમાં તેમણે આખા ગુજરાત અને કાઠિયાવાડનાં ગામડાં અને શહેરોમાં અનેક વાર ફરી ફંડફાળા કર્યા જ કર્યા હતા. કડીની સંસ્થાના તો છગનભા જાણે કલ્પવૃક્ષ હતા. તેમના પગ ચાલ્યા ત્યાં સુધી સંસ્થાને નાણાંની ભીડ જણાઈ નથી.

ભાની ભાષણશૈલી અનુકરણીય હતી. કલાકો સુધી તેમની રસમય વાતો ખૂટતી ન હતી. 'તેમની ભાષણશૈલી નૈસર્ગિક અને વિદ્વાનોને અનુસરવા જેવી છે.' એમ કાકા કાલેલકરે કહ્યું હતું. વિદ્વાનોની વાણી સાંભળી કંટાળેલો શ્રોતાવર્ગ ભાની વાણી સાંભળવા આગ્રહ રાખતો. તેમની પ્રેરક વાણી સાંભળી શ્રીમંતવર્ગ દાન આપવા તૈયાર થઈ જતો.

છગનભા ગોપ્રેમી હતા. ગોપાલનનું માહાત્મ્ય સમાજને સમજાવવા તેમણે સારી જહેમત ઉઠાવી હતી. એ હેતુથી તેમણે ગોશાળા સ્થાપવાનો વિચાર કરેલો.

'કર ભલા તો હોગા ભલા' એ એમનો જીવનમંત્ર હતો. ત્રણ મહાવાક્યોની જેમ તે મંત્ર પણ તેમને મન ચોથું મહાવાક્ય હતું. જીવનભર એ મંત્ર એમણે જપ્યો, તે પ્રમાણે અમલ કર્યો અને સમાજમાં સેવાવૃત્તિનાં બીજ રોપ્યાં.

આવા સાદાસીધા નિરક્ષર ગણાતા છગનભાની સાધના પૂજ્ય મહાત્મા ગાંધીજીના કાને પહોંચી. છગનભા મહાત્માજીના દર્શને ગયા. ત્યાં વાતોચીતો થઈ. મહાત્માજીએ આશ્રમની મુલાકાતે પધારવા વચન આપ્યું. મહાત્માજી સંસ્થાની મુલાકાતે પધાર્યા તે દિવસ સંસ્થાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાયેલો છે.

કડીના આશ્રમ, વિદ્યાલય અને ગોશાળામાં, વિસનગરના આશ્રમ અને વિદ્યાલયમાં, અમદાવાદના વિદ્યાર્થી ભવનમાં અને વડોદરાના છાત્રાલયમાં છગનભાના આ કાર્યની ઝાંખી આજે પણ થઈ રહેલી જોઈ શકાય છે.

એ મહાપુરુષ સાથે ૨૫ વર્ષ સુધી આ સંસ્થા અને સમાજ સુધારાના ક્ષેત્રે કામ કરવાનું અને એ મહાપુરુષનાં છેવટનાં દર્શન પામવાને હું ભાગ્યશાળી થયો હતો. જીવનમુક્તની જેમ સનાતન નિદ્રામાં પોઢેલા એ મહાપુરુષનાં છેલ્લાં દર્શન આજે પણ મારી નજર સમક્ષ તાજાં જ છે. એ મહાપુરુષ ઘણું જીવો.

### ૨. શ્રી ધનશા ભગત (સ્વામીશ્રી ધનરાજગિરિ)

સ્વ. છગનભા, સ્વ. માધવજીભાઈ અને સ્વ. ધનશા ભગતની ત્રિપુટીએ કડીની સર્વ વિદ્યાલય સંસ્થાને આર્થિક દૃષ્ટિએ પગભર કરવા સારુ અને તેનો વિકાસ કરવા સારુ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. એ ત્રિપુટીએ સમાજમાંથી કુરિવાજો નાબૂદ કરવા સારુ અગાઉ પરિષદોમાં હાજરી આપી તેના આદેશ અનુસાર જોશભેર પ્રચાર પણ કરેલો. પરંતુ તેમને લાગ્યું કે કેળવણી એ જ સમાજના ઉદ્ધારનું ખરું સાધન છે. એથી તેમણે કેળવણીની સંસ્થા કડીમાં ઊભી કરી, અને સંસ્થાના પ્રાણરૂપ બન્યા.

ધનશા ભગતની આર્થિક સ્થિતિ તદ્દન સામાન્ય. તેમનો ગૃહસંસાર પણ સરળ નહોતો. માવિહોણાં બે બાળકોને ઉછેરવાનું તેમના માથે આવ્યું. એવામાં જ સંસ્થાની શરૂઆત થઈ. વેદાંતના સંસ્કારો તેમના હૃદયમાં દૃઢ થયેલા. એથી એક વખત ઘર છોડી સંન્યસ્ત ધારણ કરવા ગયેલા, પરંતુ તેમના અને સંસ્થાના નસીબજોગે તેઓ સેવાકાર્ય તરફ વળ્યા. બાળકોને પ્રભુના આશરે આજુબાજુના પાડોશીઓને ભળાવી સંસ્થાના કામમાં ઓતપ્રોત થઈ ગયા. સંસ્થા માટે તેમને એવી તો લગની લાગી કે સંસ્થાની ફંડપ્રવૃત્તિ કરવા ગામેગામે ફરે ત્યારે કેટલાંય અઠવાડિયાં સુધી પાછા ફરે નહિ. બાળકોનું શું થશે એની ચિંતા મનમાં રાખે જ નહિ.

ત્રિપુટીમાં ધનશા ભગત સૌથી નાના. એ ત્રિપુટીના જાણે કે કન્વીનર. પ્રોગ્રામો ઘડે અને પોતાના સાથીઓને કહે કે ચલો. એટલે તેમના સાથીઓ પોતાને ગમે તેવું મહત્ત્વનું કામ હોય તોપણ છોડી દઈ તૈયાર થઈ જાય. ત્રણે જણા સંસ્થામાં આવે. સાધનો વગેરે લઈ આગળ પ્રયાણ કરે. ધનશા ભગત સંસ્થામાં જ્યાં સુધી હોય ત્યાં સુધી તેમને મેં નવરા જોયા નથી. આખા માથે અસ્ત્રો ફેરવવાનું પોતાના હાથે, પોતાનાં બે બાળકોનાં કપડાં સીવવાનાં પોતાના હાથે, કપડાં ફાટ્યાંતૂટ્યાં હોય તોપણ પોતાના હાથે જ સીવે, કપડાં ધોવાનાં પોતાના હાથે, સંસ્થામાં હોય ત્યારે રેંટિયો ફેરવે. ઘેર એટલે આદરજ હોય ત્યારે રસોઈ પોતે કરે, મકાનનું ચણતર કામ પણ જાતે કરે, ખેતી પણ જાતે જ કરે. બળદ નહિ છતાં બીજા ખેડૂતોની હારોહાર ખેતી કરે અને સરસ પાક લે. ગામના બીજા ખેડૂતો તેમનું અનુકરણ કરે. લોકો કહે કે ભગતજી જનસેવા કરે છે એટલે પ્રભુ તેમને બરકત આપે છે.

વેદાંતના અભ્યાસમાં ઠીક-ઠીક ઊંડા ઊતરેલા. 'વિચારચંદ્રોદય', 'વિચાર સાગર' અને 'વૃત્તિપ્રભાકર' નામનો ન્યાયનો ગ્રંથ – એમાં પ્રતિપાદન કરેલા સિદ્ધાંતોની ચર્ચા તેમની પાસે સાંભળવામાં ખૂબ આનંદ આવતો. કેટલાય મુદ્દાના શ્લોકો તેમને કંઠાગ્ર. ઘણી વખતે તેઓ તે શ્લોક લલકારતા અને વિવરણ કરતા. આદરજ ગામના મંદિરની પ્રતિષ્ઠા વખતે સંસ્થા માટે ગામ તરફથી ફંડ કરી આપવામાં તેમનો અનન્ય ફાળો હતો. તેમની છેલ્લી માંદગી

વખતે તેઓશ્રી સંસ્થામાં જ બ્રહ્મલીન થયા.

સંસ્થાના કંપાઉન્ડના મુખ્ય પ્રવેશદ્વારની બાજુમાં આવેલી તેમની સમાધિ અને પગલાંનાં દર્શનનો લાભ સંસ્થાના મુલાકાતીઓ લઈને આજે પણ પાવન થાય છે.

### ૩. શ્રી માધવજીભાઈ

હિંદમાં અંગ્રેજોના આગમન પછી અને એમના સંસર્ગ પછી આપણે લઘુતાગ્રંથિના ભોગ બન્યા. અંગ્રેજો શક્તિશાળી, બુદ્ધિવાન અને પ્રગતિમાન, જ્યારે આપણે કાયર, અજ્ઞાન અને પછાત છીએ એમ માનતા થયા. સત્તા શું ન કરે, એ તો માથા વચ્ચે વાટ પાડે, આવા ઘણા ખ્યાલો આપણામાં ઘર કરી ગયેલા. ઉપરાંત શહેરોમાં જ બુદ્ધિવાન પુરુષો છે, જ્યારે ગામડાંનાં માણસો અબુજ, ક્લેશી અને દ્વેષિલા એમ આપણે માનવા લાગ્યા.

પરંતુ ગામડામાં માધવજીભાઈ જેવાં ઢાંક્યાં રત્નોનો ખ્યાલ કરીએ છીએ ત્યારે ઉપરોક્ત અભિપ્રાય ખોટો ઠરે છે. ગામડામાં જન્મી, ગામડાના વાતાવરણમાં ઊછરી, સંન્યાસી મહાત્માઓનાં પાસાં સેવી વેદાંત જેવા ગૂઢ વિષયના સંસ્કારો મેળવી, સેવાનો ભેખ ધારણ કરી લગભગ પાછોતરની આખી જિંદગી માધવજીભાઈએ પોતાના ગામની અને આજુબાજુના પ્રદેશની સુંદર સેવા કરી, અને કડીની કેળવણીની સંસ્થા માટે ફંડ પ્રવૃત્તિનું સતત રટણ કરી સમાજને એક અનુપમ દાખલો બેસાડ્યો છે. આજે પણ તેમનું નામ યાદ આવતાં એ ભદ્ર પુરુષની મનોમૂર્તિ પ્રત્યે માનની લાગણીથી શિર ઝૂકી પડે છે. તેઓશ્રી જ્યાં-જ્યાં અન્યાય થતો જણાય ત્યાં-ત્યાં એ અન્યાય દૂર કરવા ભગીરથ પ્રયત્ન કરી છૂટતા. ડંઢાયના ગોળમાં, બેતાળીસના ગોળમાં કે ચુંવાળમાં તેમની શાખ એક સાત્ત્વિક, પ્રામાણિક અને નિષ્પક્ષપાતી સજ્જન તરીકે ફેલાઈ હતી. જો કોઈને અન્યાય થયો હોય તો તે તેમની પાસે દોડી જતો અને એઓશ્રી તેને જરૂર ન્યાય અપાવતા. કડીમાં કેળવણીની સંસ્થા શરૂ થઈ ત્યારથી તેઓશ્રી તેમ જ તેમની પ્રેરણાથી અને દોરવણીથી આદરજ ગામ સંસ્થાને મદદરૂપ થતા આવ્યા છે. ડંઢાયના ગોળની પાસે પડેલી પરંતુ જુદાંજુદાં ગામોના ગૃહસ્થો પાસે અનામત મૂકેલી એક માતબર રકમ રૂ. ૬૯૦૦ સંસ્થાને ફંડમાં આપી દેવાનો ઠરાવ તેમણે કરાવ્યો હતો અને એ રકમ સંસ્થાને અપાવી હતી. તેમણે એવી પ્રતિભા મેળવી હતી કે તેમનું વચન સામાન્યતઃ કોઈ ઉથાપે નહિ. ખાખરિયા ટપ્પો અને ચુંવાળના પ્રદેશનાં ગામડાંઓમાં સંસ્થા માટે જે ફંડપ્રવૃત્તિ શરૂનાં વર્ષોમાં સતત ચાલેલી તેમાં માધવજીભાઈની પ્રતિષ્ઠાએ અમૂલ્ય ફાળો આપ્યો હતો. તેમની સાથે ધનશા ભગત (પાછળથી સંન્યાસ્ત લેતાં ધનરાજગિરિ) અને છગનભા હોય જ. આ ત્રિપુટીનું કાર્ય કોઈ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.

માધવજીભાઈનો ધંધો ખેતીનો, તેમની ખેતી વિસ્તૃત – બે ત્રણ હળ જેટલી. બે દીકરા મદદમાં. એટલે ચોમાસાની ખેતી માટે ચીવટથી ધ્યાન આપી વાવેતર વ્યવસ્થિત રીતે કરાવવાનું તેમનું કામ. પછી આખું વર્ષ સંસ્થાની ફંડપ્રવૃત્તિ માટે હાજર થઈ જ જાય. આમ સતત પંદર વર્ષ સુધી એકધારો તેમણે સંસ્થા માટે ભોગ આપ્યો. વેદાંત અને 'રામાયણ' 'મહાભારત'ના પ્રસંગોની ચર્ચામાં જ્યારે એ ત્રિપુટી ચઢે ત્યારે ભલભલા વિદ્વાનોને પણ એ ચર્ચા સાંભળવામાં ખૂબ જ આનંદ આવે એવી તેમની ચર્ચા ચાલતી.

એક પ્રસંગ તો યાદ રહી જાય તેવો છે. માધવજીભાઈની પ્રેરણાથી આદરજ ગામે રામજી મંદિરની પ્રતિષ્ઠા હતી. તે પ્રસંગે કડીની સંસ્થાના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓને ગામે આમંત્રણ આપેલું. એ વખતે ગામની એકતા અને સંસ્કારિતાનો ખરો ખ્યાલ આવ્યો. **स्थित प्रज्ञस्य का भाषा** વાળો ગીતાના બીજા અધ્યાયનો છેલ્લો ભાગ તથા **उर्ध्वमूलमघः शाखः** ભગવાનનું વિરાટ સ્વરૂપ વર્ણવતો અધ્યાય પ્રાર્થનારૂપે વિદ્યાર્થીગણ ઉચ્ચારવા માંડ્યો અને ગામનાં ભાઈબહેનો તરફથી તેમાં સૂર પુરાવવામાં આવ્યો ત્યારે જે શુદ્ધ, આલ્હાદક અને આકર્ષક વાતાવરણ મંદિરના ચોગાનમાં ખડું થયું તેની ફોરમ આજે તે પ્રસંગ યાદ આવતાં પણ જાણે હવામાં પ્રસરે છે. પ્રાર્થના પૂરી થતાં જ ધનશા ભગતે પોતાની આર્થિક સ્થિતિ કરતાં સારી રકમ સંસ્થાની ટીપમાં લખાવી અને ટીપ શરૂ કરી, કે તુરત જ એક પછી એક ફંડમાં લખણી શરૂ થઈ. માત્ર એક કલાકમાં સારી એવી ચાર હજારની રકમની લખણી થઈ.

તેમનાં છેવટનાં દર્શન અર્થે સંસ્થાના કાર્યકર્તાઓ આદરજ મુકામે બસમાં ગયા હતા ત્યારે તેમની અંતિમ પળ હતી. ''ઈશ્વરના સંસ્થા ઉપર ચારે હાથ છે.'' એવી મતલબના શબ્દો બોલી એમણે સંસ્થા માટે પોતાના અંતરની ઊંડી સદ્ભાવના વ્યક્ત કરી હતી.

**('સુવર્ણજયંતી' સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક વર્ષ ૧, અંક ૧૧, તા. ૪-૧૨-૧૯૬૯, પૃ. ૪-૬માંથી સાભાર)**

# લખ્યા વગરનાં મોટાં નામ

**મોહનલાલ પટેલ**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ !

નામ કેટલું નાનું જ જણાય છે ! આગળ કોઈ દાતાનું નામ નથી અને છેલ્લો શબ્દ પણ એકવચનમાં – સાયન્સ !

પણ આ નાના દેખાતા નામના નિર્માણ પાછળ એક મોટું નામ રહેલું છે. એક જ વ્યક્તિના ૧૫ વર્ષના સતત પુરુષાર્થનું એ ફળ છે. આ સંસ્થાની રચના અને નિભાવ માટે પોતાની અડધી મિલકત ન્યોચ્છાવર કરવાની એ વ્યક્તિની તમન્ના રહેલી છે. આ વ્યક્તિએ આ હેતુ માટે મુંબઈમાંના પોતાનાં ૧૪ બિલ્ડિંગો અને ચાર અસ્કયામતો જુદાં કાઢી રાખ્યાં હતાં.

આ સંસ્થાની સ્થાપના પાછળ યુનિવર્સિટીની સ્થાપના માટે જરૂરી હોય એવી કાર્યવાહી થઈ હતી. એનું સ્વરૂપ હતું યુનિવર્સિટીનું. પણ નામ આપ્યું ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ ! આ સંસ્થાના મૂળ સ્વપ્નદૃષ્ટા હતા જમશેદજી તાતા.

ઈ. સ. ૧૮૮૯માં મુંબઈ ઇલાકાના એ વખતના ગવર્નર લૉર્ડ રિયેનું એક પ્રવચન જમશેદજી તાતાને ઘણું સ્પર્શી ગયેલું. વાત કેળવણીની હતી. ગવર્નરે એમના પ્રવચનમાં એવી યુનિવર્સિટીઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે માત્ર પરીક્ષાઓ જ ન લે પણ જે વિદ્યાર્થીઓમાં જ્ઞાનની ભૂખ જગાડે, જે તેમને સંશોધન કરવા પ્રેરે, જે એમનામાં વિવેચન, મીમાંસા અને વિશ્લેષણની સૂઝ મેળવે. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રમાં એમને તાલીમ આપે. ગવર્નરનું મંતવ્ય એવું હતું કે દેશમાં આવી યુનિવર્સિટીઓ હોય તો ભવિષ્યની પ્રજા નિષ્ઠાવાન, તાકાતવાન અને આત્મવિશ્વાસવાળી બને. આ જ દેશની પ્રગતિનો પાયો હોઈ શકે.

જમશેદજીના મનમાં ઊંડે ઊંડે આ સંસ્કારો તો હતા જ. ગવર્નરના પ્રવચને પ્રદીપ્ત કર્યા. સાત વર્ષ સુધી આ વિચારો મનમાં ઘોળાતા રહ્યા અને એક ઉદ્દાત્ત સ્વપ્ન રચાતું રહ્યું. ઈ. સ. ૧૮૯૬માં એમણે લૉર્ડ રિયેને એક પત્ર લખ્યો અને જણાવ્યું કે એમના ખ્યાલ પ્રમાણેની યુનિવર્સિટીની સ્થાપના થઈ શકતી હોય તો પોતે એવી યુનિવર્સિટીને સ્પૉન્સર કરવા તૈયાર છે અને એ માટે પોતાની અડધી મિલકત દાનરૂપે આપવાની પણ પોતાની તૈયારી છે.

સરકારનો નિર્ણય તો જ્યારે થાય ત્યારે ખરો પણ આ સંકલ્પની સાથે જ જમશેદજીએ પોતાની તરફે તૈયારીઓ કરવા માંડી. એમણે એ વખતના પ્રસિદ્ધ કેળવણીકાર અને ગણિતશાસ્ત્રી બી. જે. પાદશાહને ઇંગ્લૅન્ડ અને અમેરિકાની યુનિવર્સિટીઓના અભ્યાસ માટે એ દેશોમાં મોકલ્યા અને બાદશાહનો રિપોર્ટના આધારે એમણે અમેરિકાના બાલ્ટિમોરની જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીની પેટર્ન પ્રમાણેની યુનિવર્સિટી સ્થાપવાનો વિચાર કર્યો. એવી યુનિવર્સિટી જે જ્ઞાનની બધી શાખાઓને આવરી લેતી હોય. જેમાં ઇજનેરી, ભૌતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્રની બધી શાખાઓ ઉપરાંત ઇતિહાસ અને પુરાતત્ત્વ સંશોધન, શિક્ષણનો ઇતિહાસ અને ભાષાવિજ્ઞાન વગેરેને સ્થાન હોય. આ માટે એમણે એક કામચલાઉ કમિટિની રચના કરી. જેના ચેરમૅનપદે મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર જસ્ટિસ કેન્ડી હતા.

હવે બ્રિટિશ સરકારની મંજૂરીની રાહ જોવાની હતી.

આ સંબંધમાં ૧૮૯૯ના વર્ષના આરંભમાં જ જસ્ટિસ કેન્ડી, કેળવણીકાર બી. જે. પાદશાહ અને જમશેદજી તાતા વાઈસરૉય લૉર્ડ કર્ઝનને મળવા ગયા. લૉર્ડ કર્ઝનને ભારતમાં આવ્યે હજી બે દિવસ થયા હતા.

જસ્ટિસ કેન્ડી અને પાદશાહે સૂચિત યુનિવર્સિટીની યોજના લૉર્ડ કર્ઝનને વિગતે સમજાવવા માંડી. તાતા તો શાંત જ રહ્યા. લૉર્ડ કર્ઝન પણ અત્યંત ઠંડકથી સાંભળી રહ્યા હતા. એટલે એમનો પ્રતિભાવ પણ ઠંડો અને ઉદાસીન જણાતો હતો. પેલા બંને મહાનુભાવોને સાંભળ્યા પછી એમણે કહ્યું : 'આ બધું તો ખરું, પણ તમે વિદ્યાર્થીઓ ક્યાંથી મેળવશો ? અને આ યુનિવર્સિટીમાંથી બહાર પડનાર વિદ્યાર્થીઓ માટે નોકરીની તકો કેટલી ?' આ પ્રશ્નો લૉર્ડ કર્ઝનની ઉદાસીનતાના દ્યોતક હતા.

પણ જમશેદજી તો આ દિશામાં પોતાની રીતે આગળ વધતા જ હતા. એમણે રૂપિયા ૬૦ લાખનું એક પેકેજ ડીલ તૈયાર કરાવ્યું. જેમાં એવી જોગવાઈ કરવામાં આવી કે અડધી રકમની ઊપજ યુનિવર્સિટીને દર વર્ષે આપવામાં આવે અને

બાકીના ૩૦ લાખમાંથી જે ઊપજ મળે તે એમના કુટુંબની તરફેણમાં જાય. કુટુંબ અને યુનિવર્સિટી બંને માટેના આ ભેગા પેકેજ ડીલના કારણે લૉડ કર્ઝનના મનમાં એક એવી શંકા ઊભી થયેલી કે જમશેદજી આ યુનિવર્સિટીના ચિત્રમાં પોતાના કુટુંબને લાવવા માગે છે અને આમ કરવા પાછળ બેરોનેટ બનવાની એમની પેરવી છે.

પણ જ્યારે જમશેદજીએ આ ભેગા ડીલ બાબતે ચોખવટ કરી ત્યારે લૉર્ડ કર્ઝનના આશ્ચર્યનો પાર ન રહ્યો. જમશેદજીએ ખુલાસો કરતાં જણાવ્યું કે ઊપજની વહેંચણી માટે કુટુંબ અને યુનિવર્સિટીના નામે ભેગું ડીલ બનાવવાનો હેતુ એ છે કે યુનિવર્સિટીના નિભાવ ખર્ચમાં દર વર્ષે ફાળો આપવાની જવાબદારીનો કુટુંબના સભ્યોને ખ્યાલ રહે. એટલું જ નહિ પણ દર વર્ષે યુનિવર્સિટીને આપવાના ૮૦૦૦ પાઉન્ડ ઓછા પડે તો કુટુંબ પોતાના હિસ્સે આવતી રકમમાંથી કોઈ નવા બોજ વગર ફાળવી આપી શકે.

લૉર્ડ કર્ઝને જમશેદજીનેએ પણ જણાવ્યું હતું કે બ્રિટિશ સરકારના ૨૭ જુલાઈ, ૧૮૮૯ના પત્રના આધારે યુનિવર્સિટી સાથે કુટુંબનું નામ જોડી શકાશે નહિ. યુનિવર્સિટી સાથે પોતાનું કે કુટુંબનું નામ જોડવાની જમશેદજીની કલ્પના હતી જ નહીં. એટલે જમશેદજીએ સહેજ પણ વિલંબ કર્યા વિના જણાવી દીધું કે યુનિવર્સિટી સાથે કુટુંબનું નામ જોડવાનો પોતે ખ્યાલ પણ નથી કર્યો.

જમશેદજીના આટલા ત્વરિત અને નિર્ણાયક પ્રત્યુત્તરથી લૉર્ડ કર્ઝન ઘણા પ્રભાવિત થયા અને એ દિવસથી એમનું વલણ બદલાયું. પરિણામે યુનિવર્સિટી માટેની દરખાસ્તને ફરીથી ચકાસી લેવા એમણે સિમલા ખાતે કેળવણીકારોની એક કૉન્ફરન્સ બોલાવી. જમશેદજીની ધારણા હતી કે હવે રાજા-મહારાજાઓ અને મ્યુનિસિપાલિટીઓ આ યોજનામાં રસ લેશે અને આર્થિક સહાય પણ કરશે, પણ મૈસૂર (આજનું કર્ણાટક)ના મહારાજા સિવાય કોઈએ રસ દાખવ્યો નહીં. મૈસૂરના મહારાજાએ યુનિવર્સિટીના બાંધકામના ઉપયોગ માટે રૂપિયા પાંચ લાખ આપ્યા અને દર વર્ષે ૫૦ હજાર રૂપિયા આપવાનું વચન આપ્યું. ઉપરાંત યુનિવર્સિટી વિસ્તાર માટે ૩૭૦ એકર જમીન આપી. આના કારણે યુનિવર્સિટીનું સ્થળ બેંગ્લોર રહેશે એ સ્પષ્ટ થયું.

ઈ. સ. ૧૮૯૯ના ઑક્ટોબરમાં લૉર્ડ કર્ઝને દેશના મુખ્ય પ્રાંતોમાંથી કાયદાના સલાહકારો અને શિક્ષણ નિયામકોની એક બેઠક બોલાવી અને એમાં જમશેદજીને પણ આમંત્રણ આપવામાં આવ્યું. આ બેઠકમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે આ યુનિવર્સિટીની સ્થાપનાથી દેશમાં ઉચ્ચ કેળવણીની અને દેશની પેદાશોના વિકાસની મહત્ત્વની જરૂરિયાતો સંતોષાશે.

ઈ. સ. ૧૯૦૦માં જમશેદજી ઇંગ્લૅન્ડ ગયા અને યુનિવર્સિટી અંગે સૂચનો કરી શકે એવા કોઈ વૈજ્ઞાનિકનું નામ સૂચવવા રૉયલ સોસાયટીને વિનંતી કરી. રૉયલ સોસાયટીએ પ્રોફેસર રામસેનું નામ સૂચવ્યું. પ્રોફેસર રામસે ભારત આવ્યા અને કેટલાંક કીમતી સૂચનો સાથે એક એવું પણ સૂચન કર્યું કે બ્રિટિશ સરકારે જમશેદજીના વાર્ષિક ૮૦૦૦ પાઉન્ડના ફાળાને અનુરૂપ વાર્ષિક ૮૦૦૦ પાઉન્ડ આપવા જોઈએ. એ શક્ય ના હોય તો ૫૦૦૦ પાઉન્ડ આપવા.

ઈ. સ. ૧૯૦૪માં જમશેદજીએ બ્રિટિશ સરકાર તરફની પોતાની ઑફર ચાલુ રહે એ હેતુથી એમના વિલમાં, લખાણનો ઉમેરો (કોડિસીલ) કરાવ્યું અને પછી લગભગ તરત ૧૯ મે, ૧૯૦૪માં એ અવસાન પામ્યા.

દુઃખની વાત તો એ ગણાય કે આટલો સતત પુરુષાર્થ કરવા છતાં અને આટલી આર્થિક સહાયની તૈયારી હોવા છતાં જમશેદજી પોતાની હયાતીમાં પોતાનું સ્વપ્ન સાકાર થતું ન જોઈ શક્યા.

પણ એમના પુત્રોએ પિતાની ઇચ્છા પૂરી થાય એ માટે કેડ બાંધી. ઈ. સ. ૧૯૦૫માં દોરાબ તાતા ઇંગ્લૅન્ડ ગયા અને બેકસહિલ ખાતે રજા ગાળી રહેલા લૉર્ડ કર્ઝનને મળ્યા. એમણે યુનિવર્સિટીની સ્થાપનાની વાત યાદ કરાવી. કર્ઝને વચન આપ્યું કે આ બાબતમાં પોતે ઘટતી ત્વરા કરશે અને સાથે સાથે એ પણ કહ્યું કે જમશેદજીએ આપવા ધારેલા વાર્ષિક ફાળા જેટલી રકમ સરકાર પણ આપશે.

અને આખરે જમશેદજીના મૃત્યુ પછી એક વર્ષ વીતે એ પહેલાં યુનિવર્સિટીની સ્થાપના માટેની કાર્યવાહી પૂરી થઈ.

ઈ. સ. ૧૯૦૯માં સરકારી ઠરાવ થઈ ગયો. અત્યાર સુધી ચર્ચા અને લખાણમાં યુનિવર્સિટી શબ્દનો પ્રયોગ થયા કરતો હતો પણ હવે સરકારી ઠરાવ પ્રમાણે એ શબ્દ પડતો મૂક્યો અને નવી સ્થપાયેલી આ સંસ્થાનું નામ 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' રહ્યું. આ સંસ્થાની વિશિષ્ટતા એ રહી કે એના વહીવટમાં સરકારનો કોઈ હસ્તક્ષેપ ન રહ્યો. અર્થાત્ આ સંસ્થાની સ્વાયત્તતા સરકાર તરફથી સ્વીકારવામાં આવી. સેનેટ, કૉર્ટ અને કાઉન્સિલની રચના સંસ્થા સ્વતંત્રપણે કરી શકે એવી જોગવાઈ થઈ.

આજે આ સંસ્થા જગપ્રસિદ્ધ છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

**મોહનલાલ પટેલ**
૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, ભાવનિર્ઝર પાસે,
સેટેલાઈટ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫
M. ૯૯૦૪૪૮૦૫૨૨

# શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો સમાજલક્ષી અભિગમ

મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)

જગતજનની મા ઉમિયા સૌની માતા છે. વિશ્વના કડવા પાટીદારોના માદરે વતન ઉમાપુર ઊંઝામાં મા ઉમિયાનું અતિ પૌરાણિક-ઐતિહાસિક મંદિર છે. હજારો વર્ષથી પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ કરવા માટે મા ઉમિયાના દિવ્ય દર્શનાર્થે લાખો લોકો આવે છે. આવો મા ઉમિયાનો આજથી ૩૬ વર્ષ પહેલાં ૧૮મી શતાબ્દી મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો, ત્યારે આ સંસ્થા પાસે માત્ર ૩,૫૦,૦૦૦ની સિલક હતી. એક નાનકડી ઑફિસમાં બેસી વહીવટ ચાલતો હતો. ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો ત્યારે કોઈએ કલ્પના કરી ન હોય તેવો મહોત્સવ જામ્યો. દેશભરમાંથી ૧૮થી ૨૦ લાખ ભક્તો મા ઉમિયાનાં દિવ્ય દર્શન કરવા પધાર્યા. તેથી રૂ. ૫૨ લાખ જેવી માતબર રકમ માના ચરણોમાં ધરી. તેમાંથી ૮ લાખ રૂ. જેવો ખર્ચ જતાં ૪૪ લાખ રૂ. જેવી બચત થઈ. આ મહોત્સવ કોઈ સામાન્ય મહોત્સવ નહોતો. પરંતુ સંસ્કારી પ્રજાનો સંસ્કારી મહોત્સવ બનાવવાનો આપણા સૌનો સહિયારો ભગીરથ પ્રયાસ હતો. આ મહોત્સવ પછી સમાજમાં જાગૃતિ અને ચેતના આવી. સમાજ માટે કંઈ કરી છૂટવાની ભાવના વધી. મા ઉમિયાનો ભક્તિભાવ વધ્યો. સામાન્ય રીતે કોઈ પણ ધાર્મિક સંસ્થા કે મંદિરોની પ્રવૃત્તિ ત્રણ-ચાર બાબતો પૂરતી જેવી કે પૂજા -આરતી કરવી, ચકલાંને દાણા, સદાવ્રત ચલાવવું, આવનાર યાત્રીઓની રહેવા-જમવાની સુવિધા કરવી. આ માટે મોટા ભાગે આપણું મંદિર જ આ કાર્ય કરે છે. જ્યારે ઉમિયા માતા સંસ્થાનના દીર્ઘદ્રષ્ટા હોદ્દેદારો આગેવાનોને એમ લાગ્યું કે આપણે સમય સાથે આપણું મંદિર ફક્ત સીમિત પ્રવૃત્તિઓ ન કરતાં સમાજ સેવાની પ્રવૃત્તિઓ કરે એવા અભિગમ અંગે વિચારવું. ઉમિયા માતા સંસ્થાન એ વિશ્વના કડવા પાટીદારોની અંગત માલિકીની એક માત્ર ધાર્મિક સંસ્થા છે. જેનો સમગ્ર વહીવટ કડવા પાટીદાર સમાજના ૨૫૧ની કારોબારીના સભ્યો કરે છે. આ સંસ્થાના દીર્ઘદ્રષ્ટા અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળા પ્રમુખ મા. શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સહયોગી સમર્પિત આગેવાનો મણિભાઈ (મમ્મી), શ્રી વિક્રમભાઈએ આપણા સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિકાસ કેમ થાય તે માટે વિચારમંથન કર્યું. તેમાં સૌપ્રથમ આપણા સમાજમાં કેળવણીનો વ્યાપ વધે તે માટે આપણા તમામ કુમાર અને કન્યા છાત્રાલયોને કોઈ પણ જાતની માંગણી વગર સામે ચાલીને રૂ. ૨૫૦૦૦ સહાયરૂપે આપવાનું શરૂ કર્યું. તે પછી જ્યાં કડવા પાટીદાર સમાજ સંચાલિત નવા છાત્રાલય બાંધે તો ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ ૫ લાખ રૂપિયાની મદદ કરવાનું શરૂ કરવામાં આવ્યું. આમ ગ્રામવિસ્તારમાં નવાં છાત્રાલયોની અદ્યતન સુવિધા થઈ. ત્યાર બાદ સૌથી વધુ ક્રાંતિકારી અને ગુજરાતમાં કોઈ પણ જ્ઞાતિએ ન વિચાર્યું હોય તેવું આપણી સંસ્થાએ પાટીદાર સમાજમાં લગ્નો પાછળ દેખાદેખીથી થતા મોટા ખર્ચાઓ ટાળવાનો એકમાત્ર રામબાણ ઇલાજ સમૂહલગ્ન કરવાનું વિચાર્યું. આ વિચાર કારોબારી સમક્ષ મૂકવામાં આવ્યો. આ વિચારને સમાજમાં ફેલાવવા માટે આ સંસ્થાએ સૌપ્રથમ સમૂહલગ્ન કરવાનો ઠરાવ કર્યો, તેની સંપૂર્ણ જવાબદારી શ્રી મણિભાઈ મમ્મીને આપવામાં આવી. મને જવાબદારી સોંપ્યા પછી બગલથેલો લઈ, એસ. ટી.માં સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં સંપર્ક કરવા અને આ વિચારનો પ્રચાર કરવા સતત પ્રયત્ન કર્યો અને હું ઊંઝા એસ. ટી.માં ઊતરીને ઘરે આવું ત્યારે ગંજ આગળ બેઠેલા વેપારીઓ પૂછે મણિભાઈ કેટલાં લગ્ન લઈ આવ્યા. ત્યારે હું તેમને જવાબ આપતો કે આ વિચાર કેશુભાઈ કે મણિભાઈનો નથી પણ આ સમયનો તકાદો છે અને મા ઉમિયાની ઇચ્છા છે તેથી જરૂર આ વિચારનો અમલ થવાનો જ છે. થોડા દિવસ પછી અમને રાધનપુર સમાજના સમાચાર જાણવા મળ્યા કે તેઓ સમૂહલગ્ન કરવા વિચારે છે. તેથી હું ચાણસ્મા ગયો અને ત્યાંથી શ્રી નથ્થુભાઈ અને વિક્રમભાઈને લઈ રાધનપુર ગયો. ત્યાં બધા આગેવાનોને ભેગા કરી સમૂહલગ્નો ઉમિયા માતા સંસ્થાન કરે છે તેની વિગત જણાવી. તેમણે ૬ વરઘોડિયાની નોંધણી કરાવી. આમ આ વિચાર જેમ-જેમ આગળ વધતો ગયો તેમ સમગ્ર ગુજરાત રાજ્યમાંથી

માતાજીની કૃપા અને સમાજના સહયોગથી સૌપ્રથમ ઉમિયા માતાજીના ચાચર ચોકમાં સંવત ૨૦૩૫, વૈશાખ સુદ-૩, તા. ૨૯-૪-૭૯, રવિવારના રોજ પ્રથમ સમૂહ લગ્નોત્સવનું સફળતાપૂર્વક આયોજન થયું. આ સમૂહલગ્નમાં ૨૪ વરઘોડિયાંએ પ્રભુતામાં પગલાં માંડ્યાં. આમ ગુજરાત રાજ્યમાં સમૂહલગ્ન પ્રવૃત્તિઓનો વિચાર ઊંઝા, ઉમિયા માતાજીએ આપ્યો. આજે ગુજરાતના તમામ જ્ઞાતિના લોકોએ આ વિચારને સ્વીકાર્યો છે. માતાજી સંસ્થાન દ્વારા આ એક મોટું સામાજિક ક્રાંતિનું વિચારબીજ વવાયું હતું. તેનાં શુભ પરિણામો આજે સમાજમાં દેખાય છે. આ સમૂહલગ્નો દ્વારા સમાજનું કરોડો રૂપિયાનું આર્થિક ધોવાણ અટક્યું છે. જે પ્રત્યક્ષ આપણે જોઈએ છીએ. માતાજીએ પૂરા ગુજરાતમાં તમામ જ્ઞાતિભાઈઓને આ વિચાર આપી ભારે સામાજિક ક્રાંતિ કરી છે. આ એક માતાજીનો નવો અભિગમ હતો.

આપણા સમાજનો આર્થિક, શૈક્ષણિક વિકાસ કરવો હોય તો રૂ. ૧૦૦ કરોડ એકઠા કરીએ તો આપણે શૈક્ષણિક પ્રવૃત્તિઓ સારી રીતે કરી શકીએ એવું લાગવાથી, આ વિચાર કેવી રીતે અમલમાં મૂકવો તેની ચર્ચા-વિચારણાઓ થવા લાગી. તે સમયે માતાજી સમર્પિત મણિભાઈ મમ્મીએ 'જ્યોતિરથ' કાઢવો એવો વિચાર આપ્યો. તે વિચારને અમલીકરણ કરવા માટેનો ઠરાવ કર્યો અને જ્યોતિરથ તૈયાર કરી તા. ૩-૧૧-૧૯૯૭ના રોજ પ્રસ્થાન કરી ગુજરાતના ૩૫૦૦ ગામ, મધ્યપ્રદેશનાં ૭૯૦ ગામ અને રાજસ્થાનનાં ૧૩૬ ગામોમાં આ જ્યોતિરથની પરિક્રમા થઈ. ગુજરાતમાં ૧૩.૫૦ કરોડ રૂપિયા અને મધ્યપ્રદેશમાં ૪.૫ કરોડ રૂ. અને રાજસ્થાનમાં ૨ કરોડ રૂપિયા જેવી માતબર રકમ એકઠી કરી શક્યા. ગુજરાતમાં આપણે ૧૦૦ કરોડના સંકલ્પને પરિપૂર્ણ કરી શક્યા નથી, પરંતુ જ્યોતિરથના પદાર્પણ પછી સમગ્ર વિશ્વમાં પાટીદાર સમાજ જે રીતે જાગી રહ્યો છે, સંગઠિત થઈને શિક્ષણ પાછળ મચી પડ્યો છે તે આપણા ૧૦૦ કરોડના સંકલ્પનું મૂલ્યગામી ઊર્ધ્વગામી પરિબળનું સંમાર્જિત પરિમાર્જિત પરિણામ છે. તમે તેને રૂપિયામાં માપશો તો ૧૦૦ કરોડ નહીં પણ હજારો કરોડમાં તેની ફલશ્રુતિ દેખાઈ રહેશે. આ જ્યોતિરથ આપણા સમાજમાં શું કરીને ઊભો રહેશે તે તો સમય અને ઇતિહાસ કહેશે. આ જ્યોતિરથમાંથી ગુજરાતના ઠાકોર ક્ષત્રિય સમાજ, ચૌધરી સમાજ તેમ જ બીજા અનેક સમાજો પ્રેરણા લઈ પોતાના સમાજના વિકાસ માટેનું ભંડોળ એકઠું કરવા માટે પોતાના ઇષ્ટદેવ કે દેવીનો આવો જ્યોતિરથ બનાવી પોતાની વસ્તીવાળાં ગામોમાં ફેરવી કરોડો રૂપિયાનું દાન એકઠું કરી શક્યા છે.

ઉમિયા માતાજીએ આજથી ૩૬ વર્ષ પહેલાં ૧૮મી શતાબ્દી મહોત્સવ કરેલ. તેમ જ સંવત ૨૦૦૯માં ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો, જેમાં વિશ્વભરમાંથી ૫૦ લાખ ભાવિક ભક્તો ઊમટી પડ્યા હતા. આ બંને મહોત્સવમાંથી પ્રેરણા લઈ ભારત અને ગુજરાતની અનેક ધાર્મિક સંસ્થાઓ તથા જ્ઞાતિ સમાજોને આવા મોટા ઉત્સવ ઊજવવાની પ્રેરણા મેળવી છે. આ ઉપરાંત મોટાં શહેરોમાં ઊતરવા-રહેવા-જમવા માટે પથિકાશ્રમો બનાવવા, વિધવા-ત્યક્તા બહેનોનાં બાળકોને આર્થિક સહાય વિદ્યાભ્યાસ માટે કરવી તેમ જ વિધવા-ત્યક્તા, નિરાધાર બહેનોને પેન્શન, ગૃહિણી તાલીમવર્ગો ચલાવવા, કાયમી સમાધાન પંચ, તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયા ચંદ્રક આપી સન્માનિત કરવા, વિશિષ્ટ પ્રતિભાવંતોનું બહુમાન કરવું, ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને વગર વ્યાજની લોન આપવાની ઉચ્ચ શિક્ષણ સહાયનિધિ, વિકલાંગ બાળકોને ટ્રાઈ સાઇકલ આપવી, અસાધ્ય રોગોની સારવાર માટે સહાય આપવી, કુદરતી હોનારત વખતે સહાય કરવી, પોતાના સમાજની ભવ્યતાની ગાથા રજૂ કરતું સંગ્રહસ્થાન તૈયાર કરવું, ભારત સરકારના તેમ જ રાજ્ય સરકારના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ માટે I. A. S. ટ્રેનિંગ સેન્ટર ચલાવવું, મનની શાંતિ અને ભક્તિ માટે 'શ્રી ઉમિયા શરણમ્ મમ્' લેખનપોથી પ્રવૃત્તિ ચલાવીને આજ સુધી પ્રવૃત્તિઓ પાછળ રૂ. ૪૫ કરોડ જેવી માતબર રકમ વાપરવામાં આવી છે તેમ જ ગુજરાતને અન્ય રાજ્યોના આપણા જ્ઞાતિ સમાજોના સંપર્ક માટે સમાજયાત્રાઓ કરવી, જ્ઞાતિસંમેલનો બોલાવવાં તેમ જ મહિલા અને યુવા સંમેલનો બોલાવવાં. ૨૧મી સદી જ્ઞાન અને વિજ્ઞાનની સદી હોવાથી નવી પેઢી તેજસ્વી અને સશક્ત બને તે માટે સેમિનારો, શૈક્ષણિક સંમેલનો યોજવાં જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી છે. ગુજરાતના તેમ જ ભારતના અનેક સમાજોએ ઉમિયા માતા સંસ્થાન ઊંઝાની પ્રવૃત્તિઓની જાણકારી મેળવી અનેક લોકોએ રૂબરૂ મુલાકાતો લઈ આ અંગેની માહિતી મેળવી છે. આમ શ્રી ઉમિયા માતા સંસ્થાન એક ધાર્મિક સંસ્થા હોવા છતાં સામાજિક ઉત્થાન કરે છે. આજ સુધી ધાર્મિક સંસ્થાઓ ત્રણ-ચાર પ્રવૃત્તિઓ કરવા સિવાય બીજું કંઈ કરતી નહોતી તેવી સંસ્થાઓએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝામાંથી પ્રેરણા લઈ સમાજોપયોગી પ્રવૃત્તિઓ શરૂ કરી છે.

**મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)**
**ઉપપ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, કડી**
**નિવાસ : કે-વન સોસાયટી, ઊંઝા**

# રામાયણનું હૃદય અને હૃદયનું રામાયણ

ગુણવંત શાહ

(સુજ્ઞ વાચકશ્રીઓ,

આજના વ્યસ્ત-અતિવ્યસ્ત સમયમાં એક યા બીજા કારણોસર વાચન વિસરાતું જાય છે. આપણા 'વ્યવસાયી વાચકો' પણ વાચનવિમુખ થતા જાય છે, તેવા સમયમાં આપણાં સુદીર્ઘ અને ચિંતનસભર આર્ષકાવ્યો– 'રામાયણ' અને 'મહાભારત'ના વાચનનો વિચાર સ્વપ્નવત્ બની રહ્યો છે. પરંતુ, એક હકીકત છે કે આ મહાકાવ્યોનો મૂળપાઠ અથવા કમ સે કમ તેના મર્મનું રહસ્યોદ્ઘાટન કરતા એકાદ લેખનું વાચન-મનન-અનુસરણ અનિવાર્ય બની રહે છે. અન્યથા આપણા ચિંતક ગુણવંત શાહ કહે છે તેમ 'આવાં બે મહાકાવ્યોથી ભારતનાં યુવક-યુવતીઓ અજાણ્યાં રહી જાય એ તો ભારે ખોટનો ધંધો ગણાય.'

'સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત'ના વાચકો આપણાં આર્ષકાવ્યોના મર્મને પામી શકે – ભારતીય સંસ્કૃતિના આંતરસત્વને ઓળખીને પામી શકે કે હૃદયની કેળવણી પામે તે હેતુસર આ અંકમાં ગુણવંત શાહ કૃત 'રામાયણઃ માનવતાનું મહાકાવ્ય' અને ઉમાશંકર જોશી કૃત 'મહાભારત : એક ધર્મકાવ્ય' લેખ, કે જેની ગણના ગુજરાતી ભાષામાં આ વિષયક લખાયેલા શ્રેષ્ઠતમ લેખોમાં થાય છે તે એક સાથે પ્રસ્તુત અંકમાં પુનર્મુદ્રિત કરવામાં આવ્યા છે. આપણા આ બંને પ્રજ્ઞાપુરુષોએ આ કાવ્યોનું ગહન અધ્યયન કરીને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જે ચિંતન રજૂ કર્યું છે તે સુપાથેય બની રહે છે. ગુણવંતભાઈએ તો આપણા બુદ્ધિજીવીઓ અને કહેવાતા પ્રગતિશીલ માર્ક્સવાદીઓની આ મહાકાવ્યો તરફની ઉપેક્ષાવૃત્તિ અને તેની સાથે જ ધર્મનિરપેક્ષ ગણાવાનો આપણો ધખારો-બિનસાંપ્રદાયિકતાનાં અવળાં અર્થઘટનોના કારણે ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે ખોરવાઈ ગયેલ અને દિનપ્રતિદિન વધુ ખોરવાઈ જતો અનુબંધ અને તેના પરિણામે થઈ રહેલ દુર્ઘટનાઓથી બચવા દો-ટૂક શબ્દોમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે, જે જાણવું જરૂરી બની રહે છે. અને તેથી જ સુજ્ઞવાચકોને આ લેખોનું પઠન-ચિંતન અને તેનો અર્થબોધ ગ્રહણ કરવા પ્રાર્થના છે. – સંપાદક)

ભારતીય સંસ્કૃતિનો આત્મા વેદ છે,
ઉપનિષદ એનું સત્ત્વ છે,
ભગવદ્ગીતા એનું હૃદય છે,
રામાયણ અને મહાભારત એની આંખો છે,
સત્ય એનો શ્વાસ છે,
ધર્મ એનું રક્ષાકવચ છે,
વિચાર એનું કાળજું છે,
મર્યાદા એની શોભા છે અને
વિવેક એનો ધબકાર છે.
ભારતીય સંસ્કૃતિમાં
આર્ય ભૂમિપુત્ર છે,
પૃથ્વી માતા છે અને
પર્જન્ય પિતા છે.

ભારતવર્ષના એક આર્ય તરીકે આપણી સંસ્કૃતિ વિશે મેં જે કંઈ વિચાર્યું તેનો સાર ઉપરના શબ્દોમાં આવી જાય છે. થોડાક આત્મનિરીક્ષણને અંતે એક વાત જડી છે. મને હિન્દુ ધર્મનું અભિમાન કદી નથી પજવતું, પરંતુ વૈદિક સંસ્કૃતિનું ગૌરવ સતત રહે છે. આર્નોલ્ડ ટૉયાન્બીએ કહેલું કે ઇતિહાસે એમને નિરાશ કર્યા છે, પરંતુ ઉત્ક્રાંતિએ એમને આશાવાદી બનાવ્યા છે. ટૉયાન્બીના મિજાજમાં એવું કહેવાનું પ્રાપ્ત થાય છે કે ધર્મ સાથે અમથા વળગેલા કર્મકાંડી ઉધામા અને સંકુચિત મનોવ્યાપારોને કારણે મને વારંવાર નિરાશા સાંપડે છે, પરંતુ ભારતીય સંસ્કૃતિના અનંત ઉપકારોને કારણે હું આશાવાદી બની રહું છું. જેમ-જેમ સંસ્કૃત વાંગ્મય વાંચતો જાઉં, વિચારતો જાઉં અને વાગોળતો જાઉં તેમ તેમ ભારતીય હોવાનું અને તેથી જ પૃથ્વીપુત્ર હોવાનું ગૌરવ વધતું જ રહે છે. સદીઓથી ધબકતી રહેલી આપણી સૂર્ય-

સંસ્કૃતિ, ઋષિ-સંસ્કૃતિ, કૃષિ-સંસ્કૃતિ, ગાય-સંસ્કૃતિ અને ગ્રામ-સંસ્કૃતિમાં બ્રહ્મવિદ્યાની ઉપાસના થતી રહી છે.

છાન્દોગ્ય ઉપનિષદમાં ભારતીય સંસ્કૃતિનો એક લાડકો શબ્દ પ્રયોજાયો : **ભૂમા.** ભૂમા એટલે વિશાળતા – વ્યાપકતા – અનંતતા. ઋષિ સનત્કુમાર નારદને કહે છે : 'જે વ્યાપક છે તેમાં જ સુખ છે, જે સંકુચિત હોય તેમાં સુખ નથી (યો વૈ ભૂમા તત્સુખં ન અલ્પે સુખમસ્તિ).' જે સંસ્કૃતિમાં હૃદયની વિશાળતાને સુખ સાથે જોડવામાં આવી, તે સંસ્કૃતિ સામે આજે ઘણાં જોખમો ઊભાં થયાં છે. એ સૌમાં સૌથી મોટું જોખમ કોઈ હોય તો તે છે, ટૅક્નૉલૉજીની એંઠ કહી શકાય તેવી હૃદયશૂન્યતા.

લગભગ પાંચ વર્ષ વાલ્મીકિ રામાયણ વાંચવામાં ગયાં. હજારો વર્ષો પહેલાં આદિકવિ વાલ્મીકિના હૃદયમાં રામાયણ જેવું મહાકાવ્ય લખતી વખતે ઊઠેલાં સ્પંદનો કાળનો લાંબો પટ વટાવીને જો આજે પણ હૃદયને ઝંકૃત કરે અને આંખોને ભીની કરે તો એ સ્પંદનો કેટલાં બળૂકાં હશે ! વાલ્મીકિ અને વ્યાસથી સાવ અજાણી રહી ગયેલી આજની પેઢીનાં જુવાનિયાં મને લગભગ અનાથ જણાય છે. તેઓને તો ખબર પણ નથી કે પોતે અનાથ છે. આ ગ્રંથ ('રામાયણ માનવતાનું મહાકાવ્ય') લખવાનું ચાલક બળ કયું ? મારા તાબામાં હોય એટલી નમ્રતા એકઠી કરીને જવાબમાં એક જ વાત કહેવાની ગુસ્તાખી કરું છું. મને યુનિવર્સિટીનાં કૅમ્પસ પર અમથાં અટવાતાં અને હૉસ્ટેલોમાં સડતાં જુવાનિયાંનું 'ચચરે' છે. ભારતના લોકાત્માની શોધ રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોના સેવન વગર અધૂરી જ ગણાય.

'રામાયણ' એટલે 'રામનું અયન.' અયન એટલે ગતિ. અયન એટલે માર્ગ. રામાયણ એટલે રામના જીવનની ગતિ અને રામનો જીવનમાર્ગ. ડૉ. રાધાકૃષ્ણનૂની ટકોર પ્રમાણે ગતિ અને માર્ગને એક જ શબ્દમાં વણી લઈએ તો કહી શકાય કે રામાયણ એટલે રામનો **ગતિપથ.** આપણું આ જગત પ્રતિક્ષણ ગતિમાં છે. 'જગત્' શબ્દનો અર્થ છે : 'ગતિમાન.' રામાયણમાં રામના વિચારનું અને આચારનું અયન પણ પ્રગટ થતું રહે છે. આમ રામાયણની પાછળ પાછળ ભાવકને ખબર પણ ન પડે તે રીતે વિચારાયણ અને આચારાયણ ચાલ્યાં આવે છે. જ્યાં વિચાર અને આચારનો સુમેળ હોય ત્યાં શાણપણ (વૈદગ્ધ્ય) આપોઆપ ઊગતું હોય છે.

જો માનવીની ભીતર પરિશુદ્ધ રામત્વ જ રહેલું હોત તો રાવણનું પાત્ર સાવ પરાયું બની જાત અને કથા રસવિહીન બની જાત. જો માનવીની ભીતર કેવળ રાવણત્વ જ રહેલું હોત તો રામનું ઉદાત્ત આર્યત્વ સમજવાનું અશક્ય બની જાત. પ્રમાણ ઓછું-વધતું હોઈ શકે, પરંતુ પ્રત્યેક માનવીની અંદર રામ અને રાવણ બંને બેઠેલા હોય છે. રામ મહાન છે, પરંતુ એટલા મહાન નહીં કે આપણે એમને અનુસરી પણ ન શકીએ. રાવણ પામર છે, પરંતુ એની પામરતાનો થોડોક અંશ આપણામાં પણ પડેલો હોય છે. હજારો વર્ષો વીત્યાં તોય રામાયણની કથા વાસી નથી બની તેનું રહસ્ય શું ? વાત એમ છે કે માનવીની ભીતર સતત ચાલતા સંઘર્ષની જ એ કથા છે. બહાર જોવા મળતા સંઘર્ષો પણ માનવીના અંતઃસંઘર્ષનું જ પરિણામ છે.

રામાયણ સમગ્ર વિશ્વનું પ્રથમ મહાકાવ્ય છે. એનાં બધાં પાત્રો કવિતામય બની રહ્યાં છે. બલિદાનની ભાવનાથી રસાયેલા સત્યાગ્રહનું કાવ્ય જટાયુ દ્વારા પ્રગટ થાય છે. શબરી એટલે પરિશુદ્ધ પ્રતીક્ષાની કવિતા. વિયોગિની ઊર્મિલાનું મૌન પણ કાવ્ય બનીને સાર્થક થાય છે. એકલી-અટૂલી, પરંતુ સત્યનિષ્ઠ સજ્જનશક્તિનું કાવ્ય વિભીષણ દ્વારા પ્રગટ થાય છે. નિઃશેષ સમર્પણની કવિતા એટલે સીતા. ભરત થકી વૈરાગ્યપૂર્ણ વિવેકનું, લક્ષ્મણ થકી તપોનિષ્ઠ કર્તવ્યપાલનનું અને હનુમાન થકી પ્રચંડ પ્રાણશક્તિથી શોભતા પરાક્રમનું કાવ્ય પ્રગટ થાય છે. રામ એટલે સ્વસ્થ મર્યાદાધર્મનું અપ્રતિમ ઊર્ધ્વારોહણ. રામાયણના નાના-નાના પ્રસંગો પણ કાવ્યતત્ત્વ અને નાટ્યતત્ત્વથી છલોછલ ભરેલા જણાય છે. એના પાને-પાને આપણું જ હૃદયમંથન પ્રગટ થતું હોય એવી લાગણી થાય છે. રામાયણને વાંચ્યા કે સાંભળ્યા પછી તેવા ને તેવા જડસુ રહેવાનું સરળ નથી.

'રામચરિતમાનસ' લખાઈ રહ્યું પછી તુલસીદાસજીએ બે સંસ્કૃત શ્લોકો રચીને પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો. એમણે લખ્યું કે પોતાના અંતઃકરણમાં પડેલા તમોગુણને શાંત કરવા માટે (સ્વાન્તસ્તમઃશાન્તયે) રામાયણની રચના કરી છે. આ ગ્રંથ લખવા પાછળ મારો હેતુ પણ બીજો શો હોઈ શકે ? મારે તો એટલું જ કહેવું છે કે ભીતર પડેલા તમોગુણને શાંત કરવાના મુદ્દે મારો કેસ તુલસીદાસ કરતાં ઘણો વધારે મજબૂત છે. રામાયણનું ભાષ્ય લખવું એ ભીની અને પાવનકારી અનુભૂતિ છે. પાણિનિએ ભાષાના બે

પ્રકાર ગણાવેલા : વેદભાષા અને લોકભાષા. ગોસ્વામી તુલસીદાસે લોકબોલીમાં રામાયણ રચીને રામનો મહિમા ઘરેઘરે પહોંચાડવામાં જે ફાળો આપ્યો તેની નોંધ જાણીતા ઇતિહાસકાર શ્રી જદુનાથ સરકારે લીધી છે.

નાના હતા ત્યારે ગામના સોનીઓ અરીઠાના પાણીથી સોનાનાં ઘરેણાં ધોતા તે દશ્ય હજી યાદ છે. ધોવાયા પછી ઘરેણું અત્યંત શોભાયમાન બની જતું. નિર્મળ હૃદયના માણસનું વ્યક્તિત્વ પણ અનોખી શોભા ધારણ કરે છે. માણસના ઇરાદા માટે વેદમાં મધુર શબ્દ છે : **आकूति** વૈદિક ઋષિ પ્રાર્થના કરે છે : 'હે પરમાત્મન્ ! અમારા સૌના ઇરાદા સમાન હો (समानी व आकूतिः).' માનવીય ઇરાદાઓની અથડામણને જ લોકો સંસાર કહે છે. સોની ઘરેણાં સ્વચ્છ કરે તે રીતે માણસે પોતાના ઇરાદાઓને સાફ કરતા રહેવું જોઈએ. ઇરાદા સ્વચ્છ હોય તો જ પારદર્શિતા (ટ્રાન્સ્પરન્સી) પાલવે. પોતાના ઇરાદાઓનું શુદ્ધીકરણ એ જ સાધના છે. અથર્વવેદમાં સાચું કહ્યું છે કે સ્વચ્છ મન એ જ સ્વર્ગ છે.

રાવણનો ઇરાદો સીતાનું હરણ કરવાનો હતો. પોતાનો ઇરાદો છુપાવવા માટે એણે સાધુવેશ ધારણ કર્યો. સીતાને રાવણના મેલા ઇરાદાની જરા પણ ગંધ ન આવી, કારણ કે સામા માણસના ગંદા ઇરાદાને પકડી પાડવા માટે પણ થોડાક ગંદા ઇરાદાઓના માલિક હોવું જરૂરી છે. સીતાએ રાવણને સાધુ જ માની લીધો. સીતાએ જે ભૂલ કરી તે હજી આજે પણ ચાલુ છે. પરિસ્થિતિ બદલાય છે, પણ ભૂલ તેની તે જ છે. રાવણતા અનેક સ્વરૂપે પ્રગટ થતી રહે છે.

રામાયણમાં મારું અત્યંત પ્રિય પાત્ર જટાયુ છે. ગૃધ્રરાજ જટાયુ સ્વચ્છ ઇરાદાનો માલિક હતો. ભ્રષ્ટ રાવણતાનો સામનો સ્વચ્છ જટાયુતા વિના ન થઈ શકે. આજે પણ નાની-નાની ઘટનાઓમાં ભ્રષ્ટાચારનો સામનો કરતી વખતે સક્રિય પ્રતિકાર થતો હોય ત્યાં જટાયુવૃત્તિનાં દર્શન થાય છે. સમાજનું યોગક્ષેમ રોજ બનતી નાની નાની અસંખ્ય ઘટનાઓ પર આધાર રાખે છે. સમાજ તત્ત્વજ્ઞાનીઓના શાસ્ત્રાર્થ પર નથી જીવતો. સમાજ મહાન માણસોને કારણે આગળ વધે છે, પરંતુ જીવે છે નાના ગણાતા માણસોના પરસેવા પર.

પતનની બાબતે માણસ ખાસો સ્વાવલંબી હોય છે. રાવણનું પતન રાવણની મરજી વગર નથી થતું. રાવણ મેલા ઇરાદાઓનો માલિક હતો. એના પતન માટે બે બાબતો જવાબદાર હતી :

(૧) આત્મનિરીક્ષણનો અભાવ

(૨) આત્મવંચનાની આળપંપાળ

રાવણને આત્મનિરીક્ષણ કરવા માટે અનેક ઇશારા મળ્યા, પણ એણે દર વખતે મિથ્યાભિમાનના ઓડકાર ખાઈને આત્મવંચનાને પંપાળ્યા કરી. પતન થાય એવા પ્રસંગો બધા જ માણસોના જીવનમાં આવે છે. ભલભલા મહાત્માઓ પણ ક્યારેક ઊંડી ખાઈમાં પડે છે. પછડાટ ખાધા પછી જાગી જાય તે બચી જાય છે. રાવણ જાગી ન શક્યો તેથી રામ પણ એને ઉગારી ન શક્યા. પતનની ક્ષણે બચવા માટે અંદર ડોકિયું કરીને ચેતી જવાની તૈયારી ઉપકારક સાબિત થાય છે. એ ક્ષણે મળતા ઇશારાનો અનાદર માનવીય પતન માટે જવાબદાર હોય છે. સ્વામી આનંદનો શબ્દપ્રયોગ યોજીને કહી શકાય કે ગમે તેવો મહાન માણસ પણ જીવનની આખરી ક્ષણ સુધી 'પતનપ્રૂફ' નથી હોતો. ક્ષિતિમોહન સેને 'સાધનાત્રયી'માં ગુરુ મત્સ્યેન્દ્રનાથના જીવનમાં પતનની પળ આવી તે અંગે જાણીતો પ્રસંગ વર્ણવ્યો છે. યોગી મત્સ્યેન્દ્રનાથ ફરતા-ફરતા કામરૂ દેશમાં જઈ ચડ્યા. એ દેશમાં સ્ત્રીઓનું રાજ્ય હતું. અસાવધ ગુરુ ભોગવિલાસમાં ડૂબી ગયા. શિષ્ય ગોરખનાથને કાને વાત આવી. કામરૂ દેશ પહોંચી જઈને એણે ગુરુને મળવા માટે પ્રયત્ન કર્યો પણ કોઈએ અંદર દાખલ થવાની છૂટ ન આપી. આખરે દેવડીએ પડેલા નગારા ઉપર હાથ પછાડીને શિષ્યે ગુરુ સુધી અવાજ પહોંચાડ્યો. બહાર આવેલા ગુરુજીને ગોરખે કહ્યું : 'ચેત મછંદર, ગોરખ આયા.' અથર્વવેદના ઋષિએ સાચું કહ્યું કે શિષ્ય આચાર્યની અપૂર્ણ તપસ્યાને પોતાના તપથી પૂર્ણ કરે છે (आचार्य तपसा पिपर्ति).

રામકથા ઇતિહાસ છે કે પુરાણકથા ? આ પ્રશ્નની ચર્ચા વિગતે કરવી પડે તેમ છે. આપણા દેશમાં ઇતિહાસનું પગેરું ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થઈ ગયેલા બુદ્ધ અને મહાવીર સુધી જ પહોંચતું જણાય છે. ત્યાર પહેલાંની વાતો ગમે તેટલી પ્રચલિત હોય તોય ઇતિહાસની સીમ પૂરી થયા પછીની વાતો ગણાય. ઇતિહાસનો પ્રદેશ પૂરો થાય ત્યાંથી પુરાણકથાનો પ્રદેશ શરૂ થાય છે. રામાયણ ઇતિહાસ નથી, પુરાણકથા (માયથોલોજી) છે. આ વાતમાં હવે ઊંડા ઊતરીએ. ઇતિહાસ હકીકતો અને પુરાવાઓને આધારે લખાય છે. પુરાણકથાઓ માનવીય ઝંખનાઓ અને કલ્પનાઓને

આધારે રચાય છે. પુરાણકથાઓમાં આલેખાયેલી કેટલીક ઘટનાઓ સાવ નિરાધાર ન હોય તોય ઇતિહાસ નથી ગણાતી. ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીએ 'myth' માટે '**मिथक**' શબ્દ પ્રયોજેલો. રામાયણ મિથક છે, ઇતિહાસ નથી. મિથકમાં શબ્દો કરતાંય વધારે મહત્ત્વ મર્મનું હોય છે. પુરાણકથાના કલ્પનોત્થ પ્રસંગો ખબર ન પડે તેમ આપણા હૃદયને ઝંકૃત કરી જાય છે. શબ્દ ગૌણ બની જાય છે અને શબ્દો દ્વારા પ્રગટ થતો ધ્વનિ હૃદયને સમૃદ્ધ કરતો જાય છે.

ભારતીય સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિ પર રામાયણનો પ્રભાવ કલ્પનામાં ન આવે તેટલો ઊંડો, વ્યાપક અને સૂક્ષ્મ છે. ઇતિહાસ ભૂતકાળમાં બનેલા પ્રસંગોનો અહેવાલ રજૂ કરે છે. પુરાણકથાઓની આધારભૂમિ હકીકતો નહીં, પરંતુ અચેતનમાં સદીઓથી જળવાયેલા સંસ્કાર હોય છે. રામ આપણા સામૂહિક અચેતનમાં સદીઓથી જળવાયેલા પૂજનીય મહામાનવ છે. રામકથા કોઈ ઐતિહાસિક અહેવાલ નથી. રામકથા ભારતીય પ્રજાના સામૂહિક અચેતનમાં સદીઓથી જળવાયેલી સંસ્કારકથા છે. એ કેવળ રામના વિભૂતિમત્ત્વની પાવનકારી કથા નથી, પરંતુ ખરા અર્થમાં ભારતીય મનની કથા છે.

રામાયણના કથાપ્રવાહમાં જે કંઈ બન્યું તેનો તાળો આપણા આજના જીવન સાથે મળે છે. યુગો વીતે છે અને વીગતો બદલાતી રહે છે, પરંતુ માનવીના મૂળભૂત ઇરાદાઓ નથી બદલાતા. રામાયણની વાતો વાસી થતી નથી તેનું આ જ રહસ્ય છે. સદીઓના સંગૃહીત સંસ્કાર થકી સંસ્કૃતિનું નિર્માણ થાય છે અને બંનેની સૂક્ષ્મ અસરને કારણે નિર્માણ પામેલા સ્થાયીભાવમાંથી પ્રજાની અસ્મિતા (identity) કે સ્વ-ઓળખ પ્રગટ થાય છે. કોઈ પણ પ્રજા સ્વ-ઓળખ વગર જીવી તો શકે, પરંતુ સુંદર રીતે જીવી ન શકે. રામકથા વાસ્તવમાં માનવજાતની કથા છે. રામાયણ માનવતાનું મહાકાવ્ય છે. રામાયણના રામ સંસ્કૃતિ-પુરુષ છે, પુરાણ-પુરુષ છે અને તેથી સનાતન-પુરુષ છે. વાલ્મીકિ જ્યારે રામાયણ લખવું કે ન લખવું એવી ગડમથલમાં હતા ત્યારે બ્રહ્મા એમને મહાકાવ્યનો પ્રારંભ કરવાની પ્રેરણા આપે છે :

**यावद् स्थास्यन्ति गिरयः सरितश्च महीतले ।**
**तावद् रामायणकथा लोकेषु प्रचरिष्यति ॥**
**(बालकांड, २, ३६-३७)**

આ પૃથ્વી પર
જ્યાં સુધી પર્વતો અને નદીઓનું અસ્તિત્વ હશે
ત્યાં સુધી રામાયણની કથા લોકોમાં પ્રચલિત થતી
રહેશે.

આપણા દેશમાં જેમને બુદ્ધિજીવીઓ તરીકે ઓળખવામાં આવે છે તેમને રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો માણવામાં ઝાઝો રસ નથી હોતો. કેટલાક કહેવાતા પ્રગતિશીલ માર્ક્સવાદીઓને તો પુરાણકથાઓ પ્રત્યે અને મહાકાવ્યો પ્રત્યે બુદ્ધિયુક્ત સૂગ હોય છે. આવી સૂગ તેમના ધર્મનિરપેક્ષ હોવાના મિથ્યાભિમાનને પોષનારી પણ હોય છે. ક્યારેક એ લોકો વાજબી પ્રામાણિકતાપૂર્વક માને છે કે જે કશુંક બુદ્ધિગમ્ય ન હોય તે કદીય જીવનને ઉજાગર કરનારું હોઈ જ ન શકે. એ લોકો કહે છે કે જે બુદ્ધિગમ્ય ન હોય તે વિજ્ઞાનગમ્ય ન હોઈ શકે અને જે વિજ્ઞાનગમ્ય ન હોય તેનો સ્વીકાર કેવળ અંધશ્રદ્ધાળુ લોકો જ કરી શકે. અંધશ્રદ્ધા સામે બળવો પોકારવાની બાબતે તેઓ સાવ સાચા છે. એમાં તર્કદોષ ત્યારે પ્રવેશે છે, જ્યારે તેઓ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેના તફાવતની ઘોર અવગણના કરે છે. ક્યારેક આવા લોકો કાર્લ માર્ક્સના વિચારોમાં કંઠીબદ્ધ અંધશ્રદ્ધા ધરાવતા હોય તોય શ્રદ્ધાનું મૂલ્ય સ્વીકારતા નથી.

ધર્મનિરપેક્ષ ગણાવાના ધખારાને કારણે આપણી પ્રજાએ સ્વરાજ પછીના દિવસોમાં શું શું ગુમાવ્યું તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. બિનસાંપ્રદાયિકતા કઈ ચકલીનું નામ છે ? એના અવળા અર્થઘટનને કારણે ધર્મ અને સંસ્કૃતિ વચ્ચેનો અનુબંધ ખોરવાઈ ગયો. પરિણામે એક ભયંકર દુર્ઘટના બની. સંસ્કૃતના પ્રસાર સાથે હિન્દુત્વ જોડાઈ ગયું અને ઉર્દૂના રક્ષણ સાથે મુસલમાનત્વ જોડાઈ ગયું. સારું છે કે આવી જ રીતે આપણે વૃક્ષોને વહેંચી નથી લીધાં. સંસ્કૃત જેવી દેવભાષા (ગીર્વાણગિરા) સમગ્ર વિશ્વની ધરોહર છે, માત્ર હિંદુઓની નહીં. એ જ રીતે ઉર્દૂ જેવી જાનદાર અને શાનદાર ભાષા દ્વારા માણસ ગાલિબ અને ઇકબાલ સુધી પહોંચી શકે છે. ઇકબાલે રામની પ્રશસ્તિ કરતું એક સુંદર કાવ્ય લખ્યું છે, જેમાં કવિએ રામને 'ઇમામે હિંદ' કહીને ઊંચા આસને બેસાડ્યા છે. સૂર્ય, પવન, ઝાકળ, મેઘધનુષ અને પુષ્પની માફક ભાષા સ્વભાવે સેક્યુલર છે. પોતાના પાલવમાં શબ્દબ્રહ્મને સમાવીને સંસ્કૃતા માતા આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે અને કહે છે : 'સર્વભાષા સરસ્વતી.'

જે આદમીને ગાલિબના ચંદ શેર કંઠસ્થ નથી તે અધૂરો ભારતીય છે. એ જ પ્રમાણે કવિ ઉમાશંકર જેને 'ગાંધીગિરા' કહી તે ગુજરાતી ભાષાથી જે વંચિત રહી ગયો તે મૂળસોતો ઊખડી ગયેલો અનાથ ગુર્જરબાળ છે. સાવધાન ! આજે અંગ્રેજી માધ્યમ દ્વારા ભણવાના મોહને કારણે 'અનાથ' બાળકોની સંખ્યા રોજ વધી રહી છે. આવાં તો અનેક બાળકો થોડાંક મોટાં થઈને ક્યારેક અમેરિકન સ્ટાઇલમાં માબાપને કહે છે : આઈ ડોન્ટ કૅર.

આજની કેળવણીમાં હૃદયની કેળવણી માટે ખાસ કશું થતું હોય એમ લાગતું નથી. ગાંધીજીને કોઈએ સ્વરાજ મળ્યું તેના થોડાક દિવસો પહેલાં પૂછેલું : 'તમારી દૃષ્ટિએ સ્વરાજ મળે પછીની ભારતની સૌથી મોટી સમસ્યા કઈ ?' મહાત્માનો જવાબ એમના ઉદાત્ત મનુષ્યત્વને શોભે તેવો હતો. એમણે કહેલું : **'બુદ્ધિવાન માણસોની હૃદયહીનતા.'** આજની ઘણી સમસ્યાઓના મૂળમાં એક જ વાત ઊપસી આવતી જણાય છે. એ છે હૃદયની અવગણના અને મસ્તિષ્કની માવજત. રાવણત્વ એટલે શું ? દસગણું સમર્થ મસ્તિષ્ક અને સંવેદનશૂન્ય હૃદય એ જ રાવણત્વ. એ હૃદય મંદોદરીની આજીજીને સ્વીકારી ન શકે. એ હૃદય વિભીષણની સાચી સલાહ અને મારીચની ચેતવણી સમજી ન શકે. હૃદયહીનતા અને બુદ્ધિમત્તા એક જ વ્યક્તિમાં એકઠી થાય ત્યારે ઘણા ઉપદ્રવો સર્જાય છે. કૈકેયી જ્યારે દશરથ પાસે બે વચનોની માગણી કરે ત્યારે પરિવારમાં જે ઉપદ્રવ સર્જાય છે તેના મૂળમાં પણ કૈકેયીની બુદ્ધિયુક્ત હૃદયહીનતા હતી.

રાવણ પંડિત હતો. એની પાસે શક્તિશાળી મસ્તિષ્ક હતું, પરંતુ એનો તમોગુણ એની બુદ્ધિ કરતાંય વધારે તાકાતવાન હતો. રાવણ અસૂર્યલોકનો નિવાસી હતો. એની પાસે અઢળક ધનવૈભવ હતો, પરંતુ વિવેકવૈભવ ન હતો. સુવર્ણમયી લંકામાં રહેતો હોવા છતાં વિવેકની દૃષ્ટિએ રાવણ દયનીય ભિખારી હતો. હૃદયહીનતાને કારણે એની બુદ્ધિ અવળે માર્ગે જ આગળ વધતી ગઈ. ગીતાની વાત રાવણે પોતાના જીવન દ્વારા સાચી પાડી :

**અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,**
**ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી અશાંતને ?**
**(૨, ૬૬)**

જે મનુષ્ય હૃદયહીન (ભાવહીન) હોય, તે અયોગી (અયુક્ત) ગણાય. અયોગી તે છે, જે જીવનથી કપાઈ ગયો છે. લાંબી તપસ્યાને અંતે રાવણે શક્તિ પ્રાપ્ત કરી, પરંતુ ભાવહીનતાને કારણે જીવનમાં સુખશાંતિ ન પામ્યો અને કમોતે મૂઓ. આપણી આસપાસ સતત બનતી નાની-નાની રાવણ-ઘટનાઓ નીરખવા જેવી હોય છે. હૃદયની કેળવણી માટે એવી ઘટનાઓનું નિરીક્ષણ અને પરીક્ષણ ઉપકારક બની શકે છે. કહેવાતા સફળ માણસો ક્યારેક અંદરથી અશાંત હોય છે. બહારથી સમૃદ્ધ જણાતા માણસો ક્યારેક અંદરથી ગરીબ હોય છે. સમાજ જેને સુખી ગણે છે તે માણસ પણ મનોમન દુઃખી હોય એવી શક્યતા ટળતી નથી. હૃદયની કેળવણીનો સંબંધ ભીતરની સમૃદ્ધિ સાથે છે. વનની વાટે નીકળી પડેલા રામનો રાજમહેલ પાછળ રહી ગયો પછી પણ રામ સ્વસ્થ રહી શક્યા. બહારની સમૃદ્ધિ ખરી પડી ત્યારે અંદરની સમૃદ્ધિ ખીલી ઊઠી. આગળ રામ અને પાછળ લક્ષ્મણ તપસ્વીના વેશમાં શોભી રહ્યા છે અને એ બંનેની વચ્ચે બ્રહ્મ તથા જીવની વચ્ચે માયા શોભે એમ સીતા શોભી રહી છે. તુલસીદાસ કહે છે :

**आगें राम लषनु बने पाछें,**
**तापस बेष बिराजत का छें ।**
**उभय बीच सिय सोहित कैसें,**
**ब्रह्म जीव बिच माया जैसें ॥**

મને એક શિક્ષક તરીકે કાયમ એક વસવસો રહ્યો છે કે આપણું શિક્ષણ બાળકોના મસ્તિષ્કને માહિતીનું ગોડાઉન બનાવી મૂકે છે અને અસહ્ય ભારથી તેમને કચડી નાખે છે. સદ્ગત રાજગોપાલાચારીએ શિક્ષણને 'ચેતનાની ખેતી' તરીકે પ્રમાણેલું. વર્ષો પહેલાં આચાર્ય કૃપાલાનીએ પોતાના પુસ્તકમાં બાળકો પર થતા 'શબ્દોના જુલમ' (Tyranny of words) અંગે આક્રોશ ઠાલવેલો. જો હૃદયની કેળવણી માટે અભ્યાસક્રમમાં કોઈ પ્રાવધાન ન હોય તો સમાજજીવન ટકી જાય તોય રળિયામણું બની ન શકે. હૃદયશૂન્યતા કાયમ રાખીને કેટલાંક હરતાંફરતાં પૂતળાં જીવી ખાય તે શક્ય છે, પરંતુ એ જીવનમાં મીઠાશ નહીં હોય. હૃદયની કેળવણી ન મળે ત્યારે ખબર પણ ન પડે તેમ સમાજમાં હૃદયશૂન્યતાનો અભિશાપ પરિવારોને પજવતો રહે છે. માણસનું ભાવજગત એના કર્મજગત અને જ્ઞાનજગતને સતત

અસર પમાડતું રહે છે. આજે આપણો વિદ્યાર્થી બાલવાડીથી શરૂ કરીને પીએચ.ડી. સુધી પહોંચે ત્યાં સુધીમાં ક્યાંય રામાયણ કે મહાભારત જેવાં મહાકાવ્યોનો આછો પરિચય પણ પામતો નથી. એનું શિક્ષણ એવી રીતે પૂરું થાય છે, જાણે એ ભારતીય સંસ્કૃતિનું સંતાન ન હોય. હૃદયની કેળવણી પામ્યા વગરનો ડૉક્ટર, એન્જિનિયર, કમ્પ્યૂટર-તજ્જ્ઞ, શિક્ષક, નેતા, કર્મચારી કે કારીગર હૃદયશૂન્યતાના મહારોગથી પીડાતો હોય છે. ડૉક્ટર દર્દીમાં ગ્રાહક જુએ છે, બંધુ, મિત્ર કે પ્રભુ નથી જોતો. બીજો માણસ એટલે પરાયો માણસ અને પરાયો માણસ એટલે છેતરવાલાયક, લૂંટવાલાયક કે પછી અવગણનાપાત્ર માણસ. સ્વસ્થ સમાજ એટલે—

(૧) કસાયેલું શરીર, જે ઝટ માંદું ન પડે.

(૨) કેળવાયેલું મન, જે ઝટ ભાંગી ન પડે.

(૩) કોળાયેલું હૃદય, જે કદી કરુણા ન છોડે.

ભીનું હૃદય આપણા શરીર અને મન પાસે રૂડાં કામો કરાવે છે અને માણસાઈના દીવા પ્રગટાવે છે. હૃદયની કેળવણીની અવગણનાને કારણે સમાજ ગણતરીબાજ, લેવડદેવડિયો અને શુષ્ક બની રહે છે. હૃદયશૂન્યતાને કારણે ગરીબી ટકી રહે છે; પશુપંખીઓ પ્રત્યે દુર્વ્યવહાર થાય છે; પર્યાવરણ પ્રદૂષિત થાય છે; પરિવારો તૂટે છે; કૉરટબાજી ચાલતી રહે છે અને યુદ્ધો થતાં રહે છે.

મનુષ્યતા જ્યારે પદાર્થમય ગુરુત્વાકર્ષણને અતિક્રમીને મૂઠી ઊંચેરી બની રહે ત્યારે અંતરંગ દિવ્યતાની જે સુગંધ પ્રગટે છે તે માનવીય હોય તોય ઈશ્વરીય જણાય છે. માનવતા જ્યારે ઊર્ધ્વની આંગળી ઝાલીને ભગવત્તા સાથે એકરૂપ થવા મથે ત્યારે વ્યક્તિત્વ ધીરે ધીરે અસ્તિત્વમય બનતું જાય છે. અવતારની સંકલ્પના આવી સમજણમાંથી જન્મેલી જણાય છે. નરમાં રહેલી નારાયણતાને હળવી ટપલી મારીને જગાડવાનું કામ અધ્યાત્મ, ધર્મ, દર્શન અને કાવ્ય વગર સંભવતું નથી. મહાકાવ્ય આપણી ભીતર પડેલા ભાવજલને ઊર્ધ્વના આહ્વાન દ્વારા ચેતનાની દીક્ષા આપે છે. રામાયણને 'મહાકાવ્ય' કહેવામાં આવે છે, કારણ કે સમગ્ર માનવજાતને હૃદયધર્મની ભાળ મળે એવું કશુંક એનામાં રહેલું જણાય છે. આવી નમ્ર સમજણને કારણે રામાયણ, 'માનવતાનું મહાકાવ્ય' છે એવું મને લાગ્યું છે. એ માનવતાનું મહાકાવ્ય છે, કારણ કે પૃથ્વી પર જન્મેલા પ્રત્યેક ભૂમિપુત્રના અંતઃસંઘર્ષને પ્રગટ કરનારી અને એ સંઘર્ષને પાર કરી જઈને સાર્થકતાનો સ્વાદ પામવાની જીવનરીતિ એમાં ઉજાગર થઈ છે.

મહાકાવ્ય કદી વાસી નથી થતું. દેશકાળ બદલાય છે તોય માનવીની સમસ્યાઓ નથી બદલાતી. આજે પણ રાવણ જેવા મહા બળવાન સામે પ્રમાણમાં ઓછી બળવાન, પરંતુ અધિક પ્રાણવાન અને આત્મવાન એવી જટાયુતા ઝૂઝતી રહે છે. આજે પણ ક્યાંક અયોધ્યાનો ધોબી પોતાના થોડાક શબ્દો દ્વારા પ્રેમમગ્ન અને ધર્મસંલગ્ન એવા યુગલત્વને એક જ ક્ષણમાં રગદોળી નાખતો હોય છે. રામાયણ માનવતાનું મહાકાવ્ય છે તે એટલા માટે કે રામાયણતા જેટલી પુરાતન છે તેટલી જ સનાતન છે. જેઓ અદ્યતનતા (મોડર્નિટી)ના મિથ્યાભિમાનમાં રાચે છે, એમને ખબર નથી કે ધનુષની જગ્યાએ બંદૂક આવી જાય તેથી મરનારની આખરી ચીસ સાથે જોડાયેલી પીડામાં કોઈ જ ફરક પડતો નથી.

વાલ્મીકિ રામાયણમાં ઉલ્લેખ છે કે રાવણને સાચી સલાહ આપવાના ઉદ્દેશથી વિભીષણ જ્યારે રાવણના મહેલ આગળ પહોંચે છે ત્યારે રાવણનો વિજય થાય તે માટે વેદજ્ઞ બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરી રહ્યા છે. જે રાવણના મહેલના પ્રવેશદ્વાર પર વેદગાન થતું હોય તેનો તમોગુણ આટલો હઠીલો શી રીતે હોઈ શકે ? જ્ઞાનને જ્યારે આચારધર્મી મર્યાદાનો અને વિચારધર્મી વિવેકનો સથવારો નથી હોતો ત્યારે માનવીના પતનને કોઈ રોકી શકતું નથી.

પુરાણકથાઓ વ્યક્તિગત મન અને વિશ્વ મનને જોડવાનું કામ કરે છે. દિવ્ય અવાસ્તવિકતાથી શોભતી પુરાણકથાઓ વિશ્વ મનના પાદર પર ઊભેલા કાલદેવતાના વિરાટ વટવૃક્ષની વડવાઈઓ છે. ઇતિહાસને દેશ-કાળના સીમાડા હોઈ શકે. પુરાણકથાનો નાળસંબંધ વિશ્વમન સાથે હોવાથી સાબિતીના બધા સીમાડા ખરી પડે છે અને પ્રતીતિનો ઉઘાડ છતો થાય છે. પુરાણકથા એટલે પ્રતીતિનું મનોહર શિલ્પ.

રાજા વિક્રમ અંગે લખાયેલી વાર્તાઓનો પાર નથી. આદર્શ રાજાનાં બધાં જ લક્ષણો એનામાં હતાં. આમ છતાં ભારતની પ્રજાએ રાજા વિક્રમને ભગવાન ગણીને પૂજ્યો નથી. વિક્રમ મહાન હતો તોય એને અવતારી પુરુષ ગણવામાં આવ્યો નથી. રામ ઉદાત્ત માનવ હતા અને આદર્શ રાજા હતા. રામરાજ્ય હજી આજે પણ આદર્શ

રાજ્ય ગણાય છે. રામમાં એવું તે શું હતું કે લોકોએ એમને વિષ્ણુના અવતાર ગણીને પૂજ્યા ? ભારતના કરોડો લોકો આજે પણ રામની પૂજા કરે છે, રામનામનો જપ કરે છે, રામાયણનો પાઠ કરે છે અને મરતી વખતે રામનું જ સ્મરણ રહે તેવું પ્રાર્થે છે. સદીઓ વીતી ગઈ તોય રામ અને રામાયણ લોકહૃદયમાં જીવંત છે. રામ પ્રત્યેના આવા ભગવદ્‌ભાવનું રહસ્ય શું ?

આપણી પ્રજા સિંહાસન પર બેઠેલા માણસને સલામ કરે છે, પરંતુ સિંહાસન ત્યજી દેનારને વંદન કરે છે. રાજ્યાભિષેકની બધી તૈયારી થઈ ચૂકી હતી ત્યારે જ ઓચિંતું વનમાં જવાનું આવી પડ્યું. વાલ્મીકિ રામની સ્થિતપ્રજ્ઞતાનું વર્ણન કરે છે : ‘‘કૈકેયીનાં અપ્રિય અને મૃત્યુસમાન કષ્ટદાયક વચન સાંભળીને પણ શત્રુને હણનારા રામ વ્યથિત ન થયા (श्रुत्वा न विव्यथे रामः). એમણે કૈકેયીને કહ્યું : મા ! એમ જ થશે. હું મહારાજની પ્રતિજ્ઞાના પાલન અર્થે જટા અને ચીર (તાપસવેશ) ધારણ કરીને વનમાં રહેવા માટે અવશ્ય ચાલી જઈશ.’ વાલ્મીકિ લખે છે : ‘તેઓ વનમાં જવા માટે ઉત્સુક હતા અને પૃથ્વીનું રાજ્ય છોડી રહ્યા હતા તોય જીવનમુક્ત મહાત્માની માફક એમના ચિત્તમાં કોઈ જ વિકાર (અજંપો) જોવા ન મળ્યો.’ રામ લોકોત્તર પુરુષ હતા તેની પ્રતીતિ એમની સ્વસ્થતાપૂર્ણ ત્યાગવૃત્તિમાં થાય છે. ભારતમાં સુંદર રીતે રાજ્ય કરનારા પ્રજાપાલકો ઘણા થઈ ગયા. કેટલાય રાજાઓ પ્રજાના કલ્યાણ માટે બધું જ કરી છૂટનારા આદર્શ રાજવીઓ હતા, પરંતુ પિતૃવચનના પાલન માટે, સાપ કાંચળી ઉતારે તેમ રાજ્યના મોહને પડતો મૂકીને કોઈ પણ જાતના વિવાદ અને વિષાદ વગર વનની વાટ પકડનારા રાજા રામ એક જ હતા.

રામ પુરાણપુરુષ છે, ઇતિહાસપુરુષ નથી. રામને સ્થૂળ ઐતિહાસિક હકીકતોને કાટલે તોલવા, એ તો ઝાકળબિંદુને મિલિગ્રામના માપે તોલવા બરાબર છે. આવા પ્રાગૂઐતિહાસિક રાજા રામની સ્મૃતિ ભારતની પ્રજાના સામૂહિક અચેતનમાં સદીઓથી જીવતી રહી શકી છે. રામને ઇતિહાસના માપદંડોથી મૂલવી શકાય તેમ નથી. રામને સમજવા માટે ઊર્ધ્વમૂલ વિવેક સિવાયનો બીજો કોઈ માપદંડ ચાલે તેમ નથી. ખરી વાત તો એ છે કે રામને મૂલવવાના નથી, સમજવાના છે અને આગળ વધીને કહેવું હોય તો એમ પણ કહી શકાય કે એમને કેવળ સમજવાના નથી, પરંતુ પામવાના છે. લોકોત્તર પુરુષને પામવામાં લૌકિક કાટલાં ન ચાલે.

ઉત્ક્રાંતિની લાંબી મજલ પછી માણસનું સર્જન થાય છે. ઉત્ક્રાંતિના છોડ પર ઊગેલું માનવપુષ્પ અસ્તિત્વના ઉત્સવનું દિવ્યગાન છે. પૃથ્વી પર જે કંઈ ઊગ્યું, પાંગર્યું અને પ્રચર્યું, તેમાં સૌથી વધારે મૂલ્યવાન કોઈ બાબત હોય તો તે માનવતા છે. માનવતાની માવજતને જ ધર્મ કહેવામાં આવે છે. રામાયણ માનવતાનું મહાકાવ્ય છે, કારણ કે એમાં માનવીની ભીતર ચાલતા અંતઃસંઘર્ષની માવજત ધર્મવૃક્ષની છાયામાં થઈ છે. વૃક્ષ આપવામાં માને છે, લેવામાં માનતું નથી. ધર્મમાં પણ આપવાનો મહિમા છે, લેવાનો મહિમા નથી. રામાયણમાં કેવળ આપવાની જ ઉત્કટતા છે, લેવાની તાલાવેલી નથી.

રામાયણ અને મહાભારતને બાદ કરીએ પછી ભારતમાં શું બચે ? આવો પ્રશ્ન ઋષિ વિનોબાએ જ નહીં, રેશનલિસ્ટ અને નાસ્તિક એવા પંડિત નેહરુએ પણ ઉઠાવ્યો હતો. આવાં બે મહાકાવ્યોથી ભારતનાં યુવકયુવતીઓ અજાણ્યાં રહી જાય એ તો ભારે ખોટનો ધંધો ગણાય. રામાયણનાં બધાં જ પાત્રો આજે પણ એક યા બીજા સ્વરૂપે જીવંત છે. સમાજમાં ક્યાંક જટાયુ તો ક્યાંક વિભીષણ મળી જાય છે. ક્યાંક ભરતનો ભેટો થાય તો ક્યાંક કૈકેયી પણ હાજર હોય છે. ક્યાંક સીતાનાં દર્શન થાય તો ક્યાંક મંદોદરીનાં ડૂસકાં પણ સંભળાય છે. ક્યાંક અયોધ્યાનો ધોબી નજરે પડે છે તો ક્યાંક અશોકવાટિકામાં સીતાને જાળવી લેનારી ત્રિજટા પણ મળી આવે છે. આજે પણ જ્યાં મર્યાદા અને વિવેકથી શોભતું મનુષ્યત્વ જોવા મળે ત્યાં સૂક્ષ્મ સ્વરૂપે રાજા રામની ઉપસ્થિતિ હોય છે. જ્યાં-જ્યાં પ્રાણશક્તિ, પ્રજ્ઞા અને વિવેકનો ત્રિવેણીસંગમ હોય ત્યાં હનુમાનજી હાજરાહજૂર હોય છે. જ્યાં નિર્વ્યાજ બંધુભાવ અને તપ ભેગાં મળે ત્યારે લક્ષ્મણ હોય જ. ક્યારેક કોઈ કૈકેયીને આજે પણ ભરત ભેટી જાય છે. રામાયણ અમર છે, કારણ કે રામાયણનાં બધાં જ પાત્રો જીવંત છે. મર્યાદા તોડે તે રાવણ અને મર્યાદા જાળવીને સત્યપાલન કરે તે રામ. ગાંધીજી સાચું કહે છે : ‘અવતાર એટલે શરીરધારી પુરુષવિશેષ’. વાલ્મીકિ રામને **स्थिरप्रज्ञ** કહે છે. કાફ્કાએ ક્યાંક ગતિયુક્ત તીરને ‘સ્થિર’ ગણાવ્યું છે. તીરનું લક્ષ્ય સ્થિર છે, તેથી તીર ગતિમાં હોય તોય સ્થિર ગણાય. રામનો ગતિપથ સત્યદેશીય હતો, તેથી રામ ‘સ્થિરપ્રજ્ઞ’ ગણાયા.

રામાયણમાં ત્રણ પ્રસંગો એવા છે કે જેમાં રામના વ્યવહાર અંગે આજનો માણસ પ્રામાણિકપણે પ્રશ્નો ઉઠાવી શકે. આવા પ્રશ્નો ઊઠે તે ખૂબ ઇચ્છનીય છે, કારણ કે એમાં રામ પ્રત્યે કોઈ અનાદર નથી. કથાનુક્રમે ત્રણ પ્રસંગો આ પ્રમાણે છે :

(૧) છળની મદદથી થયેલો વાલિવધ

(૨) લોકાપવાદને કારણે થયેલો સીતાત્યાગ

(૩) બ્રાહ્મણ બાળકના મૃત્યુને કારણે શૂદ્ર ગણાતા તપસ્વી શંબૂકનો વધ

આ ત્રણે પ્રસંગોમાં રામનું વલણ અને વર્તન મૂળભૂત માનવ-અધિકારોનો મહિમા કરનારાં આજનાં મૂલ્યોના સંદર્ભે કોઈ રીતે વાજબી ઠેરવી શકાય તેમ નથી. આ ત્રણે કૃત્યોનો કોઈ જ બચાવ ન હોઈ શકે. એક જ બાબત રામના બચાવમાં કહી શકાય તેમ છે. જે તે દેશકાળનાં સ્વીકૃત મૂલ્યો અને પરંપરાગત વ્યવહારના સંદર્ભે રામનાં કૃત્યોને સમજવાનો ઉપક્રમ સ્વીકારવો પડે. આવા ઉપક્રમમાં રામનો બચાવ કરવાનો નહીં, પરંતુ રામને ન્યાય આપવાનો ઉદ્દેશ હોવો જોઈએ. કોઈ પણ યુગપુરુષ પોતાના દેશ અને કાળનાં બધાં જ સ્વીકૃત મૂલ્યોના પરિપ્રેક્ષ્યને સંપૂર્ણપણે અતિક્રમી શકતો નથી. એ યુગપુરુષ કેટલીક પરંપરાઓ તોડીને નવપ્રસ્થાન જરૂર કરે છે, પણ જે તે પરિસ્થિતિનો યુગસંદર્ભ તો અમુક અંશે એને વળગેલો જ રહે છે. કોઈ પણ યુગપુરુષ પોતાના યુગની બધી જ મર્યાદાથી પર હોતો નથી. યુધિષ્ઠિર ધર્મરાજા હોય તોય જુગાર રમવા માટે સદા તૈયાર જ હોય છે. કૃષ્ણ યોગેશ્વર ખરા, પરંતુ દુર્યોધનની સાથળ પર ગદાપ્રહાર કરવાની વાતે ભીમને ગદાયુદ્ધનો સ્વીકૃત નિયમ તોડવાની સલાહ આપી શકે છે.

રામના જીવનમાં બનેલા ત્રણ વિવાદાસ્પદ પ્રસંગોની વાત કરીએ તો એટલું સ્વીકારવું પડે કે એમાં યુગસંદર્ભ પણ જળવાયો નથી. જે યુગમાં આ ત્રણ પ્રસંગો બન્યા તે યુગનાં મૂલ્યોની દૃષ્ટિએ પણ એ પ્રસંગોએ રામનો વ્યવહાર ન્યાયી ઠરે તેમ નથી. રામના વ્યવહારની વિસંગતિને સમજવા માટે એક શબ્દ બરાબર સમજી લેવો પડે : Anachronism. આ શબ્દની અર્થચ્છાયાઓ અનેક છે : કાલદોષ, કાલવિપર્યાસ, કાલવ્યુત્ક્રમ ઇત્યાદિ. રામ મર્યાદાપુરુષોત્તમ હતા. રામાયણ કાળમાં પણ આ ત્રણે પ્રસંગે રામનો વ્યવહાર ઔચિત્યપૂર્ણ ગણાય તેવો નથી. આ પ્રસંગોને આપણે ઉદારતાપૂર્વક કાલદોષ અને દેશદોષ તરીકે મૂલવી ન શકીએ. આ ત્રણ બાબતે યુગસંદર્ભની દૃષ્ટિએ પણ રામનો બચાવ થઈ શકે તેમ નથી. રામ મહામાનવ હતા તોય આખરે માનવી હતા. માનવ હોવું એટલે જ અપૂર્ણ હોવું. અપૂર્ણતા એ જ માનવ હોવાની સૌથી મજબૂત સાબિતી ગણાય. રામાયણને 'માનવતાનું મહાકાવ્ય' ગણવા પાછળ આવો ખ્યાલ રહેલો છે. રામ જો ભગવાન હોય તો તેઓ આપણા અનુસરણીય મહામાનવ બની ન શકે. તેઓનું જીવન સામાન્યમાં સામાન્ય માણસને પણ અનુસરણીય જણાય તેવું છે. કોઈ મહામાનવની પૂજા કરીને તેમને ભગવાન બનાવી દેવા એ તો એમને અનુસરવાની જવાબદારીમાંથી છટકી જવા માટેનો સચોટ ઉપાય છે. આવી કુટેવને કારણે ભારતીય પ્રજાને અપાર નુકસાન થયું છે. અવતારવાદી વિચારસરણીને કારણે આપણને એક ગેરલાભ થયો. ભગવાન બની ગયેલા યુગપુરુષોનાં મંદિરો બંધાયાં અને એમની પૂજા થઈ, પરંતુ એમની જીવનચર્યાને આધારે આપણી દિનચર્યાને માંજીમાંજીને ચકચકતી કરવાનું ચૂકી જવાયું. ભગવાન હોય તેની ભક્તિ થાય, તેનું અનુસરણ ન થાય. આવો સાર્વત્રિક પલાયનવાદ ભારતના લોકોને કોઠે પડી ગયો છે. પરિણામે છાશવારે વાયદા તોડનારને કે બોલીને ફરી જનારને ક્યાંય રામનું આદર્શ વચનપાલન પજવતું નથી. રામના આ દેશમાં લોકો જેટલા વાયદા તોડે છે તેટલા કોઈ દેશમાં તૂટતા નથી. વાયદો તૂટે ત્યારે શરમ અનુભવવાની ટેવ પણ છૂટી ગઈ છે.

જીવનમાં ક્યારે, કઈ રીતે અને કઈ દિશામાંથી અણધારી આપત્તિ આવી પડવાની છે એનો ખ્યાલ પણ માણસને નથી આવતો. ગમે ત્યારે ગમે તે બની શકે છે. રાજ્યાભિષેકની તૈયારીઓ ચાલતી હોય ત્યારે ચૌદ વર્ષનો વનવાસ આવી પડે તે ક્ષણે મહામાનવ રામ જ સ્વસ્થ રહી શકે. પંચવટીમાં રામ, સીતા અને લક્ષ્મણ રાજકાજની પળોજણથી દૂર રહીને આનંદમાં દિવસો વિતાવી રહ્યાં હતાં ત્યાં સીતાહરણની દુર્ઘટના આવી પડી. યુદ્ધમાં રાવણને હરાવીને અયોધ્યા પાછા ફરેલા રામે અયોધ્યાનું શાસન સંભાળ્યું ત્યાં તો સગર્ભા સીતાના ત્યાગની નોબત આવી પડી. અરે ! સીતાત્યાગ રામરાજ્યમાં થયો ! આપત્તિઓએ જીવનભર રામનો પીછો છોડ્યો નથી. જીવનની સુખદ ક્ષણે એવી એવી ઘટનાઓ બનતી રહી, જ્યારે કોઈ પણ સાધારણ માણસ હારી જાય. એવી દુઃખદ ક્ષણે રામ સ્વસ્થ રહ્યા છે.

આ લીલામય જગતમાં, જ્યાં જુઓ ત્યાં અસ્તિત્વના અણસારા વર્તાય છે. અત્ર-તત્ર-સર્વત્ર સત્‌નું સામ્રાજ્ય વ્યાપેલું જણાય છે. આપણે એને પરમ ચેતનાની મહાસત્તા કહી શકીએ. સર્વત્ર વ્યાપેલી એ ઈશ-સત્તા (સત્ + તા) આપણને નચાવે છે. પરમ સત્ય આકાશી છે, પરંતુ ધરતી પર વિહરતું માનવીય સત્ય ધુમ્મસછાયું છે. આકાશી સત્ય નિરપેક્ષ (absolute) છે, પરંતુ ધરતી પરનું ધૂળિયું સત્ય સાપેક્ષ (relative) છે. સત્યની લીલાસ્વરૂપા દાસીને નિયતિ કહે છે. **નિયતિ** મહામાનવોને પણ છોડતી નથી. માણસ નિયતિનું રમકડું છે. રામાયણ આપણને શીખવે છે કે નિયતિનો સ્વસ્થ સ્વીકાર કદી પણ મનુષ્યને પરાક્રમહીન નથી બનાવતો. સીતાહરણ થાય એ નિયતિ છે, પરંતુ સીતાને છોડાવવા માટે રામ રાવણને પરાજિત કરે એ પરાક્રમ છે.

રામયુગની ઘટનાઓનું આકલન થતું ગયું તેની સાથે સાથે મારા અર્ધચેતન મનમાં ગાંધીયુગની ઘટનાઓનું સ્મરણ પણ અતૂટ રહ્યું. વારંવાર એવી પ્રતીતિ થઈ કે ગાંધીજી રામરાજ્યના આદર્શની વાતો કરતા રહ્યા એ કોઈ અકસ્માત્ ન હતો. કાલસંદર્ભ જુદો જ ગણાય તોય સેતુ અપ્રસ્તુત ન જણાયો. આવી સમજણ પરા-તાર્કિક (para-logical) હતી તોય અર્થશૂન્ય જણાતી ન હતી.

હજારો વર્ષો બાદ પણ રામકથા આજે પણ પ્રતીતિજનક જણાય છે. યુગ બદલાય છે, પરંતુ માણસ નથી બદલાતો અને માણસના ઇરાદા (આકૂતિઃ) નથી બદલાતા. પરિણામે રામકથા કદી વાસી કે આઉટ-ઑફ-ડેટ નથી બનતી. મહાકાવ્યની સનાતનતાનું રહસ્ય માનવીના શાશ્વત અંત-સંઘર્ષમાં પડેલું જણાય છે. જે સત્ય પુરાણ-પુરાતન જણાય છે, તે જ સદ્ય-સનાતન બનીને ફરી ફરીને આપણી સમક્ષ પ્રગટ થતું રહે છે. રામાયણના અધ્યયન દરમિયાન એવી પ્રતીતિ થઈ કે પુરાતનતા અને અદ્યતનતા વચ્ચેના કોઈ કૉસ્મિક સેતુ પર સનાતનતા અડગપણે આસનસ્થ છે. એ સનાતનતાના ગર્ભમાં શુભ-અશુભ, સદ્-અસદ્ કે પછી દૈવી-આસુરી વૃત્તિઓ વચ્ચે પ્રતિક્ષણ ચાલતો સંગ્રામ રહેલો જણાય છે.

કૈકેયીને થોડીક ક્ષણો પહેલાં ખ્યાલ સુધ્ધાં ન હતો કે દશરથે વર્ષો પહેલાં આપેલાં બે વચનોને પાકાં કરી લેવાની વેળા આવી પહોંચી છે. લોકો કૈકેયીની ચઢામણી માટે મંથરાને દોષ આપે છે. એક બાબત ભૂલી જવામાં આવે છે. કૈકેયીના મનના કોઈ અવજાગૃત ખૂણામાં ક્યાંય રાગ, દ્વેષ અને ઈર્ષ્યાનો એકાદ કણ પણ પડેલો ન હોત તો મંથરા સફળ થાત ખરી ? આ તર્કને આગળ લંબાવીએ તો એમ કહી શકાય કે જો આપણી ભીતર રાગ, દ્વેષ અને ઈર્ષ્યાનો અંશ પણ ન હોય તો કૈકેયી જેવું પાત્ર રામાયણ જેવા મહાકાવ્યમાં ટકી શકે ખરું ? કૈકેયી આજે પણ આપણી ભીતર જળવાયેલા તમોગુણના કોઈ અંધારિયા ખૂણે ટટ્ટાર બેઠી છે. કૈકેયી જે કરી બેઠી તે એની ભીતર ચાલતા સંગ્રામની નિષ્પત્તિ છે. કૈકેયીની હાર વાસ્તવમાં આપણી હાર છે. આવા તાદાત્મ્ય સાથે રામાયણનું પઠન થાય તો રાવણ પણ છેક પારકો ન લાગે. આપણા ચૈતસિક ટેકા વગર તો મહાકાવ્યનો રાવણ પણ ટકી ન શકે. મહાકાવ્ય આપણને આવી ઊર્ધ્વમૂલ ખલેલ પહોંચાડે તેમાં જ એની સાર્થકતા રહેલી છે.

રામાયણ દેવોનું કાવ્ય નથી. રામાયણ દાનવોનું કાવ્ય પણ નથી. એ દિવ્યતા કે દાનવતાનું નહીં, **માનવતાનું મહાકાવ્ય** છે. વાલ્મીકિના રામ મહામાનવ છે, માનવશ્રેષ્ઠ છે, પરંતુ ભગવાન નથી. વાલ્મીકિ રામાયણમાં અનેક વાર, અનેક રીતે સર્વથા મનુષ્ય એવા રામ પ્રગટ થતા જ રહે છે. એક પ્રસંગે તો રામ પોતે પોતાના મનુષ્યત્વ અંગે સ્પષ્ટતા કરે છે. યુદ્ધ પૂરું થયું પછી સીતાએ અગ્નિપ્રવેશ કર્યો ત્યારે મોટો હાહાકાર થયો. તે વખતે કુબેર, યમ, ઇન્દ્ર, વરુણ અને મહાદેવ ત્યાં પ્રગટ થાય છે અને રામની સ્તુતિ કરે છે. રામ એમને કહે છે :

**आत्मानं मानुषं मन्ये रामं दशरथात्मजम् ।**
**सोऽहं यश्च यतश्चाहं भगवांस्तद् ब्रवीतु मे ॥**
**(युद्धकांड, सर्ग ११७, श्लोक ११)**

રામ કહે છે : 'હું દશરથનો રામ નામનો પુત્ર છું અને મારી જાતને મનુષ્ય ગણું છું. એથી વધારે જો તમે જાણતા હો તો મને કહો.' રામના ઉદાત્ત માનવત્વની આનાથી વધારે પ્રતીતિકારક સાબિતી બીજી શી હોઈ શકે ? યુદ્ધમાં રાવણ હણાયો પછી અશોકવાટિકામાંથી આવેલી સીતાને રામે જે કડવાં વેણ સંભળાવ્યાં છે તેમાં પણ માનવીય રામ જ પ્રગટ થયા છે.

રામના માનવત્વને ઉજાગર કરતો એક પ્રસંગ અહીં પ્રસ્તુત ગણાશે. દેવતાઓ વિષ્ણુ પાસે ગયા. તેઓને રાવણનાં કુકર્મોની ભારે ચિંતા હતી. રાવણે ત્રણે લોકમાં વસનારાં પ્રાણીઓનું જીવન દુષ્કર બનાવી દીધું હતું. રાવણ તપસ્વી હતો. વરદાન માગતી વખતે એણે કહેલું :

'ગન્ધર્વ, યક્ષ, દેવતા અને રાક્ષસો મને મારી ન શકે (गन्धर्वयक्षाणां देवतानां च रक्षसाम् अवध्यो'स्मीति).' દેવતાઓએ વિષ્ણુને પ્રાર્થના કરી અને કહ્યું : 'પ્રભો ! આપ મનુષ્યનું રૂપ ધારણ કરીને યુદ્ધમાં રાવણને ખતમ કરો (मानुषं रूपमास्थाय रावणं जहि संयुगे).' રાવણના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માજીએ રાવણને કહેલું : 'તને મનુષ્ય સિવાય અન્ય કોઈથી ભય નથી (भयं नान्यत्र मानुषात्).' આ કથાપ્રસંગ પણ એવું સૂચવી જાય છે કે રામ જો માનવ ન હોત, તો રાવણને મારવાનું એમને માટે કદી પણ શક્ય ન બનત. તેઓ રાવણને યુદ્ધમાં હણી શક્યા એ ઘટના જ તેમના માનવત્વનો સૌથી મોટો પુરાવો છે.

રામાયણ, એટલે કે રામનો ગતિપથ એ પૃથ્વી પર જન્મેલા માનવની વ્યથાકથા છે. રામ ઉત્તમોત્તમ માનવ હતા તોય માનવ જ હતા. જે 'શરીરધારી પુરુષવિશેષ' બે પગ વડે ચાલે, આહાર-વિહાર કરે, ઉત્સર્ગક્રિયા કરે, બુદ્ધિપૂર્વક વિચારે, સુખને પ્રસંગે સ્મિત કરે, દુઃખને પ્રસંગે રુદન કરે, અન્યને પ્રેમ કરવાની અને અન્યનો પ્રેમ પામવાની ઝંખના સેવે, જીવનમાં કટોકટી ઊભી થાય ત્યારે વિવેકયુક્ત નિર્ણય કરે, બને તેટલી સ્થિતપ્રજ્ઞતા જાળવે, જીવનમાં મર્યાદા જાળવીને ઉત્તમ રીતે આયુષ્ય પૂરું કરીને કાળક્રમે મૃત્યુ પામે તે પુરુષ મહાત્મા હોય તોય આખરે મનુષ્ય જ હોવાનો. રામ 'મર્યાદાપુરુષોત્તમ' હતા. તેઓ સામાજિક, સાંસ્કૃતિક અને ધર્મયુક્ત મર્યાદાઓનું પાલન કરનારા નરશ્રેષ્ઠ હતા. ઓરિસામાં જે માણસ સાધુચરિત હોય તેને 'ચલન્ત વિષ્ણુ' કહે છે. આવા જ વિશેષ અર્થમાં હાલતા-ચાલતા-બોલતા માનવીય રામને 'ચાલતા વિષ્ણુ' કહેવામાં મહાકાવ્યનો જ મહિમા થતો હોય એવું મને તો લાગે છે. જો રામની કથા માનવીય રામની કથા ન હોત તો એનો જાદુ આટલો વ્યાપક અને શાશ્વત ન હોત. જો રામાયણ માનવતાનું મહાકાવ્ય ન હોત તો એના પઠન વખતે મારા જેવા અસંખ્ય માણસોને એવું લાગ્યું ન હોત કે આ અમારી અને અમારા જ હૃદયવૈભવની તથા અમારા જ વિષાદની કથા છે. રામાયણની સૌથી મોટી ખૂબી એ છે કે એનું પઠન કરનારને બધાં પાત્રો પોતીકાં લાગે છે. મહાકાવ્યની એ જ તો ખૂબી ગણાય.

રામ અવતારી પુરુષ હતા. અવતારી પુરુષોને મહામાનવ ગણવાને બદલે ભગવાન ગણીને એમની પૂજા કરવામાં થોડી નિરાંત રહે છે. મહામાનવનું અનુસરણ થઈ શકે, પરંતુ જે ભગવાન હોય તે પૂજનીય છે, અનુસરણીય નથી.

મહામાનવ રામ ગમે તેટલા મહાન હોય તોય પ્રત્યેક માણસ માટે સદંતર 'પહોંચબહારના' નથી. તુલસીદાસે અયોધ્યાવાસીઓ સાથે વાતો કરનારા રામ પાસે માનવનો મહિમા કરતા સુંદર શબ્દો બોલાવડાવ્યા છે :

**बडे भाग मानुष तन पावा ।**
**सुर दुर्लभ सब ग्रंथन्हि गावा ॥**

રામના જીવનમાં જે જે આદર્શોની માવજત થઈ તે આદર્શોની ઉપાસના આપણા જીવનમાં થોડેક અંશે પણ ન થવાની હોય તો રામાયણનો પોપટ-પાઠ નિરર્થક ગણાય. જે માણસ રામાયણનું પઠન કરતો રહે અને કોઈને આપેલા વાયદા ન પાળે તો તે રામને છેતરે છે એમ કહેવાય. આપણા દેશમાં રામને સતત છેતરનારા અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની રામભક્તોની સંખ્યા ઓછી નથી. પરિણામે ધર્મોદય દૂર રહી જાય છે. અને ધર્મ-ઘેલછાનો ઘોંઘાટ વધતો રહે છે.

માણસમાં પડેલી સહજ સુજનતાનો જથ્થો સમાજમાં ટકી રહે તેમાં જ માનવજાતનું કલ્યાણ રહેલું છે. ઋગ્વેદનો ઋષિ પરમાત્માને પ્રાર્થના કરે છે :

**ॐ विश्वानि देव सवितर्**
**दुरितानि परासुव ।**
**यद् भद्रं तं न आसुव ॥**

**(ऋग्वेद)**

શુભ સામે અશુભનાં, ભદ્રતા સામે દુરિતનાં, કલ્યાણ સામે અકલ્યાણનાં અને સુજનતા સામે દુર્જનતાનાં પરિબળો સમગ્ર સંસારમાં ટકરાઈ રહ્યાં છે. આ ટક્કર યુગોથી ચાલતી રહી છે. ઋષિ પ્રભુને પ્રાર્થના કરે છે : 'જે કલ્યાણમય હોય તે અમને પ્રાપ્ત થાવ અને જે અશુભ હોય તેને અમારાથી દૂર રાખો.' રામાયણના પઠન દરમિયાન સતત આ વૈદિક મંત્રનું સ્મરણ થતું રહ્યું. પોતાની ભદ્રતા ટકાવી રાખવા માટે ભલા માણસે સતત મથતાં રહેવું પડે છે. ચાલાકી, લુચ્ચાઈ અને છળકપટના પ્રહારો વેઠવામાં અને એ પ્રહારોથી બચવાનાં ફાંફાં મારવામાં જ સજ્જનની ઘણી શક્તિ વેડફાઈ જતી હોય છે. પ્રત્યેક માણસમાં પડેલી સદ્‌વૃત્તિઓ માવજત માગે

છે અને એ માટે હૃદયની કેળવણી જરૂરી છે. હૃદયની કેળવણી એટલે શું ? હૃદયની કેળવણીની વ્યાખ્યા કરવાનું મુશ્કેલ છે, પરંતુ રામાયણના સંદર્ભે પાંચ બાબતો મહત્ત્વની જણાય છે :

(૧) સદ્‌વૃત્તિઓનું સેવન-સંવર્ધન (સદ્‌ગુણવર્ધનમ્).

(૨) અસદ્‌વૃત્તિઓનું શમન (દુર્ગુણશોધનમ્).

(૩) આસપાસ પથરાયેલી પ્રકૃતિ પ્રત્યે સંવેદના અને પ્રેમભાવ.

(૪) જીવનમાં ચડતી-પડતી આવી પડે ત્યારે સ્વસ્થ ચિત્તે પરાક્રમ કરવાની ક્ષમતા

(૫) બધા પ્રયત્નો કરી ચૂક્યા પછી જે પરિણામ આવે તે ભોગવતી વખતે નિયતિનો પ્રાર્થનામય સ્વીકાર.

આજના માણસની ઉદાસી પોતાનાથી જ પરાયા બની ગયેલા (alienated) માણસની ભાવહીનતાનું પરિણામ છે. ભાવહીનતા એટલે જ હૃદયહીનતા. હૃદય કોળી ઊઠે એવું કશુંય ન પામનાર માણસ દયનીય છે. અહીં ફરીથી ગીતાનો શ્લોક યાદ કરવો રહ્યો : 'ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી અશાંતને ?' (न च अभावयतः शांतिः अशान्तस्य कुतः सुखम् ।) પાઘડીનો વળ છેડે આવે એ રીતે એક વાત ઊપસી આવે છે. ભાવહીનતાથી બચવા માટે હૃદયની કેળવણી જરૂરી છે. કેળવણીનું હૃદય એટલે હૃદયની કેળવણી. રામાયણનું હૃદય એટલે હૃદયનું રામાયણ !

રામાયણમાં પાને પાને હૃદયને ભીંજવે તેવી અને સદ્‌વૃત્તિઓને સંકોરે તેવી ઘટનાઓ વાંચવા મળે છે. જરાક છૂટ લઈને કહેવું હોય તો એ ગ્રંથને 'યુનિવર્સિટી ઑફ ઇમોશનલ ઇન્ટેલિજન્સ' (ભાવાત્મક બુદ્ધિનો વિકાસ કરનારું વિશ્વવિદ્યાલય) કહી શકાય. આવી હૃદયધર્મી યુનિવર્સિટીમાં પ્રવેશવા માટે વાચકોને આમંત્રણ છે. ડેનિયલ ગોલમેને કેવળ બુદ્ધિ (I. Q.)ની જ આરતી ઉતારનારા મનોવૈજ્ઞાનિકોને હૃદય (ઇમોશનલ બ્રેઈન) સાથે જોડાયેલી ઇમોશનલ ઇન્ટેલિજન્સ (E. Q.)ની વાત સમજાવી. હવે ત્રીજા પ્રકારની બુદ્ધિની વાત પણ થવા લાગી છે, જેને મનોવૈજ્ઞાનિકો આધ્યાત્મિક બુદ્ધિ (Spiritual Intelligence યાને S. Q.) કહે છે. હવેનાં વર્ષોમાં ત્રણ પ્રકારની બુદ્ધિ વચ્ચેનો સમન્વય આવશ્યક માનવામાં આવશે :

પ્રકાર - (૧) માણસની બુદ્ધિ-સંપદા પર આધારિત બુદ્ધિ-અંક (I. Q.)

પ્રકાર - (૨) માણસની હૃદય-સંપદા પર આધારિત ભાવ-અંક (E. Q.)

પ્રકાર - (૩) માણસની આત્મ-સંપદા પર આધારિત આધ્યાત્મિક-અંક (S. Q.)

કેવળ બુદ્ધિ પર આધાર રાખીને જીવતો માણસ ક્યાંક ને ક્યાંક અથડાઈ પડે છે. આવો માણસ પોતાને ખબર પણ ન પડે તેમ શકુનિ બની રહે છે. શકુનિ પાસે બુદ્ધિ ઓછી ન હતી, પરંતુ દુર્યોધન જેવા દુષ્ટના મામા તરીકે એણે જે જે સલાહ આપી તેમાં બીજા અને ત્રીજા પ્રકારની બુદ્ધિનો અંશ પણ ન હતો. 'શકુનિ' શબ્દનો એક અર્થ 'ગીધ' પણ થાય છે. દુનિયામાં આજે જ્યાં જુઓ ત્યાં ગીધવૃત્તિ દેખાય છે અને તેના મૂળમાં હૃદય-સંપદા અને આત્મ-સંપદા વગરની બુદ્ધિ-સંપદા જવાબદાર છે. ટૅક્નૉલૉજીના સાચા આશીર્વાદ પામવા હોય તો માણસે ત્રણે પ્રકારની બુદ્ધિની સંતુલિત ઉપાસના કરવી પડશે. રામના ચરિત્રનો અભ્યાસ કરનારને સમજાઈ જશે કે તેઓ માનવતીર્થ હતા અને એમનામાં ઉપર ગણાવી તે સંપદાઓનો ત્રિવેણીસંગમ થયેલો હતો.

રામાયણ તો ભારતીય સંસ્કૃતિનો શ્વાસ છે. રામ આર્ય-સંસ્કૃતિના મહામાનવ છે. વાલ્મીકિએ નારદજીને જ્યારે આદર્શ યુગપુરુષનો પરિચય આપવાની વિનંતી કરી ત્યારે નારદજીએ રામ જેવા માનવની જ વાત કરી અને કહ્યું : **'तैर्युक्तः श्रूयतां नरः ।'** આ દૃષ્ટિએ જોઈએ તો રામાયણ નર-ચરિત્રનું કીર્તન છે. એમાં ગૃહસ્થજીવનની ગરિમા પ્રગટ થઈ છે. ભારતીય સંસ્કૃતિની આધારભૂમિ આશ્રમધર્મ છે અને ચારે આશ્રમોનો મેરુદંડ ગૃહસ્થાશ્રમ છે. રામાયણનો પાઠ હું જેટલી વાર કરું છું ત્યારે દર વખતે નવાં-નવાં અર્થઘટનો મનમાં ઊગે છે. તુલસીદાસની વાત સાચી લાગે છે : 'हरि अनंत, हरिकथा अनंता.' આવા અપ્રતિમ કાવ્યની ખૂબી એ છે કે વાંચનારનું ચિત્ત આનંદથી છલોછલ અને હૃદય ભાવથી ગદ્‌ગદ થાય છે. રામકથા દુનિયાનું મંગલ કરનારી છે (राम कथा जग मंगल करनी), એવું તુલસીદાસ કહે છે તેમાં કોઈ પણ પ્રકારની અંધશ્રદ્ધા નથી. રામાયણનું જીવનદર્શન કોઈ પણ ભાવકના જીવનને પાવન કરનારું છે. રામાયણનું હૃદય એટલે રામની મર્યાદાપ્રીતિ થકી પ્રગટેલ વિચારપથ અને આચારપથ.

પંડિત શ્રી બલદેવજી ઉપાધ્યાય રામને સમજવાની બે રીતો સમજાવે છે :

(૧) રામ-કર્તૃક-દર્શન (રામ આપણને જોતા રહે તે).

(૨) રામ-કર્મક-દર્શન (આપણે રામને જોતાં રહીએ તે).

આવો ભાવ કેળવવામાં જે ભગવદ્‌ભાવ ભારતીય પ્રજાના માનસમાં પ્રવેશી જાય તેમાં મહામાનવ રામને ભગવાનના સ્થાને બેસાડી દેવાની સાંસ્કૃતિક ટેવનો પ્રભાવ વર્તાય છે. ભારતીય જનસામાન્ય એ ટેવના પ્રભાવથી મુક્ત થઈ શકે તેવું લાગતું નથી. આવું બને તેમાં દુઃખી થવા જેવું કશું નથી. એ માટે કોઈ જવાબદાર હોય તો સદ્‌ગુણોથી શોભતા મર્યાદાપુરુષોત્તમ એવા લોકોત્તર રામ પોતે છે. ડાંગી સૂરજચંદ્રજી શુક્રની પંક્તિઓમાં ભારતીય જનમાસની આ પરંપરાગત ટેવનો પ્રભાવ સુંદર રીતે પ્રગટ થયો છે :

**ચાહે કેવટ હો, વાનર હો, હમ બાન્ધવ-સા વ્યવહાર કરેં ।**
**યદિ મિલે વિભીષણ રાક્ષસ ભી, તો મિત્ર બનકર પ્યાર કરેં ।**
**દુર્જનતા કો સુવિધા ન રહે, હે રામ ! તુમ્હારા ધ્યાન રહે ॥**

મને ઘણી વાર મિત્રોએ પ્રશ્ન પૂછીને હેરાન કર્યો છે. કૃષ્ણને પૂર્ણાવતાર કહ્યા છે, જ્યારે રામને મર્યાદાપુરુષોત્તમ કહ્યા છે. કારણ શું ? આવા ગહન પ્રશ્નનો જવાબ આપી શકું એટલી યોગ્યતા અને પાત્રતા મારામાં નથી. કેવળ છટકી જવાના આશયથી જવાબમાં હું માત્ર એક જ વિધાન કરું છું : 'રામ સત્યને પ્રેમ કરે છે, જ્યારે કૃષ્ણ માટે પ્રેમ એ જ સત્ય છે.' આવું કહી દેવાથી મારી 'મધુર આપત્તિ' ટળી જાય છે.

મસ્તિષ્કની કેળવણી નિશાળોમાં અને કૉલેજોમાં મળતી રહે છે, પરંતુ હૃદયની કેળવણીની અવગણના થતી રહે છે. રામાયણથી સાવ અપરિચિત રહી ગયેલો ભારતીય મનુષ્ય એટલે અધૂરો મનુષ્ય. રામાયણ અને મહાભારત જેવાં બે મહાકાવ્યોના સ્તનપાન થકી આપણી સંસ્કૃતિનો વિકાસ થયો છે. આ ગ્રંથ (રામાયણ માનવતાનું મહાકાવ્ય) લખવા પાછળની મુખ્ય પ્રેરણા એટલી જ કે આપણી નવી પેઢી રામાયણ દ્વારા પ્રાપ્ત થતી હૃદયની કેળવણીથી વંચિત ન રહે. નવી પેઢીનો કાન આમળીને મારે થોડાક મોટા અવાજે કહેવું છે : 'હે યુવાનો ! રામાયણનું પઠન કર્યા વગર મરવું એ ખોટનો ધંધો છે.' રવીન્દ્રનાથ ટાગોરે રામાયણને 'ગૃહસ્થ જીવનનું મહાકાવ્ય' કહ્યું છે. વૈદિક જીવનદૃષ્ટિમાં મોક્ષ કેન્દ્રમાં નથી. એમાં કેન્દ્રસ્થાને **यज्ञ** છે. યજ્ઞ એટલે કર્મચક્ર (એવં પ્રવર્તિતં ચક્રં; ગીતા-૩, ૧૬). આવું કર્મચક્ર ચાલતું રહે તો જ સૃષ્ટિ ટકી રહે. તેથી કહ્યું : **यज्ञो वै विष्णु: ।** એક વિચારકે રામાયણને 'શીલાચારનું રૂપક' (ethical metaphor) ગણાવ્યું છે. માનવજીવન એક યજ્ઞ છે. કુબેરનાથ રાય કહે છે કે શીલાચાર પણ **ऋत**નું જ એક રૂપ છે. રસ અને ઋત મૂળે જુદાં નથી. રામાયણ રસ અને ઋતનું મહાકાવ્ય છે. ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે તેમ ઋત એટલે **गतिपथ**. ઋતનો માર્ગ એ જ **मर्यादा**. આપણે એને નીતિપથ પણ કહી શકીએ. શીલનો સંબંધ મૂલ્યો (values) સાથે છે. જો શીલાચાર (ઋત) રસ સાથે ન જોડાય તો શુષ્કતાનો અભિશાપ માણસને પીડતો રહે છે. મહાકાવ્યમાં રસ અને ઋત વચ્ચેનો સુમેળ સહજ રીતે સધાય છે. વેદમાં રસતૃપ્ત (रसेन तृप्तः) એવા માનવની વાત થઈ છે.

ઇતિહાસ અને પુરાણકથા વચ્ચેનો તફાવત સતત ખ્યાલમાં રાખવાનો છે. ઇતિહાસ હકીકતપ્રધાન હોય છે, જ્યારે પુરાણકથા મર્મપ્રધાન હોય છે. ઇતિહાસ વાંચનારે વસ્તુનિષ્ઠા (ઓબ્જેક્ટિવિટી) જાળવવી પડે, જ્યારે પુરાણ વાંચનારે વિવેકનિષ્ઠા જાળવવી પડે. વિવેક વગર પુરાણકથા વાંચવામાં જોખમ છે. મર્મ ન પકડાય તો અર્થનો અનર્થ થઈ શકે છે. ઇતિહાસ બુદ્ધિપૂર્વક વાંચવો રહ્યો, પરંતુ રામાયણ હૃદયપૂર્વક વાંચવું રહ્યું.

આ ગ્રંથ (રામાયણ માનવતાનું મહાકાવ્ય) લખતી વખતે મને સતત એવી પ્રતીતિ થઈ કે રામાયણનાં બધાં જ પાત્રો આજે જુદાં જુદાં સ્વરૂપે જીવંત છે. માનવતા જીવશે ત્યાં સુધી રામાયણ જીવશે. એને 'માનવતાનું મહાકાવ્ય' કહ્યું તેની પાછળ એવો ખ્યાલ રહેલો છે કે રામાયણનાં બધાં જ પાત્રો મનુષ્યો હતાં. રામ તો આર્યત્વના શ્રેષ્ઠ પ્રતિનિધિ હતા. સીતા જનકપુત્રી હતી અને આર્યા હતી. રાવણ રાક્ષસજાતિનો મનુષ્ય હતો. જટાયુ ગીધજાતિનો મનુષ્ય હતો. જામ્બવાન રીંછજાતિનો મનુષ્ય હતો. હનુમાન-સુગ્રીવ-વાલિ વાનરજાતિના મનુષ્યો હતા. નાગભૂમિના લોકો નાગ નથી, મનુષ્યો છે. પુરાણકથામાં લેવાયેલી આવી કાવ્યમય છૂટછાટ સાંકેતિક

છે તેવી સમજણ ન કેળવાય તો મહાકાવ્યનો મર્મ ન પકડાય.

આ ગ્રંથ લખતી વખતે જ્યારે જ્યારે મારી આંખો ભીની થઈ અને હૃદય રામમય બન્યું ત્યારે ત્યારે ચિત્તનું ગંગાસ્નાન થઈ રહ્યું હોય એવી અનુભૂતિ થતી. વાચકોને પણ આ ગ્રંથ વાંચતી વખતે એવી અનુભૂતિ થાય તો મારો પ્રયત્ન સાર્થક ગણાશે. રામાયણ દ્વારા મારા હૃદયની જે કેળવણી થઈ તે શબ્દાતીત છે. હું જે પામ્યો તેને વાચકોમાં વહેંચી દેવાનો ઉમળકો આ ગ્રંથ લખવાની અભિપ્રેરણા માટે જવાબદાર છે. લગભગ પાંચ વર્ષ સુધી ચાલેલું સદ્‌ગ્રંથસેવન મારા જીવનની એક એવી ઘટના છે, જે કદાચ મારા મૃત્યુને પણ ધન્ય બનાવશે. પ્રીતમના શબ્દો પ્રયોજીને કહું તો, 'રામ-અમલમાં રાતા માતા' થવું એટલે શું, તેની આછી-પાતળી ઝલક મને પણ ક્યારેક પ્રાપ્ત થયેલી.

ભારતીય સંસ્કૃતિ મૂળે સૂર્ય-સંસ્કૃતિ છે. સૂર્ય સ્વભાવે અને સ્વકર્મે સર્વથા સેક્યુલર છે. ભારતીય સંસ્કૃતિનાં સંતાનો માટે 'સેક્યુલર' શબ્દ પરાયો છે. માતાને જો પ્રેમ પર નિબંધ લખવાનું કહેવામાં આવે તો એ નિબંધ નહીં જામે. માતા હોવું એટલે જ પ્રેમાળ હોવું. ભારતીય હોવું એટલે જ માનવીય હોવું. ભારતીય સંસ્કૃતિ અનેક આપત્તિઓ સામે પણ ટકી ગઈ છે. કવિ ઇકબાલ સાચું કહી ગયા : 'કુચ્છ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી.' રાહુલ સાંકૃત્યાયન જેવા માર્ક્સવાદી અને નિષ્ઠાવંત નાસ્તિક કહે છે : 'સંપૂર્ણ નાસ્તિક હોવા છતાં પણ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે મારો આદર અને અતૂટ સંબંધ એવો ને એવો છે. એટલા માટે હું દાવા સાથે મારી જાતને એ સંસ્કૃતિનો ઉત્તરાધિકારી માનું છું. કોઈની મજાલ નથી કે મને એ હકથી વંચિત કરી શકે અને મારા ઉગ્ર-સ્વતંત્ર વિચારોને કારણે એ સંસ્કૃતિ સાથે મારો સંબંધ-વિચ્છેદ કરી શકે.' (**ધર્મયુગ**, રામાયણ-વિશેષાંક, ૧-૧૦-૧૯૯૨, પાન-૨૯)

ઉત્ક્રાંતિમાં ક્રમાનુસાર અમીબા, પેરામેસીમ, દેડકો, મરઘી, ગાય, ચિમ્પાન્ઝી અને છેક છેવટે માનવજીવો પેદા થયા. માનવીય સંસ્કૃતિની ઉત્ક્રાંતિમાં પણ કદાચ ભારતનું સ્થાન મોખરાનું છે. વિશ્વનો પ્રથમ ગ્રંથ ઋગ્વેદ ગણાય છે, જે સદીઓ પહેલાં ભારતવર્ષમાં રચાયો. ભારતે દુનિયાને શૂન્યની ભેટ વર્ષો પહેલાં ધરી હતી. અંક-પદ્ધતિ (દશાંશપદ્ધતિ) પણ ભારતની જ શોધ ગણાય. યજ્ઞની વેદીને ભારતીય ભૂમિતિનો પ્રારંભ ગણવામાં આવે છે. દર્શનના ક્ષેત્રે માનવીય કક્ષાએ વિચારની ઉત્ક્રાંતિ થઈ તેમાં વૈદિક ઋષિઓ દ્વારા રચાયેલા મંત્રોનું સ્થાન મહત્ત્વનું ગણાય. ગ્રીસમાં વિચારની ઉત્ક્રાંતિ થઈ તે પહેલાં ભારતમાં આરણ્યકો-ઉપનિષદો રચાયાં. વિમાન જેવું કશુંક હોઈ શકે એવું કલ્પન પણ સૌપ્રથમ પુષ્પક વિમાન દ્વારા પ્રગટ થયું. બે કિનારાઓને જોડતો સેતુ હોઈ શકે તેવો ખ્યાલ સૌપ્રથમ રામાયણના 'સેતુબંધ' દ્વારા પ્રગટ થયો. લગ્નસંસ્થાની ગરિમા અને પતિ-પત્ની વચ્ચેની એકમેકતા (વન-ટુ-વન રિલેશનશિપ)નો મહિમા પણ સૌપ્રથમ રામ થકી જીવનસ્થ થયો. આજે દુનિયાના લગભગ બધા જ સભ્ય દેશોમાં એ સંકલ્પનાને કાયદાનો બંધારણીય આધાર પ્રાપ્ત થયો છે.

ભારતીય સંસ્કૃતિની સુગંધ આજની નવી પેઢી સુધી પહોંચાડવામાં રામાયણ જેવું મહાકાવ્ય ઘણો ફાળો આપી શકે. આપણા લોકોની એક કુટેવ ભારે હઠીલી છે. આપણને આપણા વૈભવ અને વારસાની હોવી જોઈએ તેટલી કદર નથી અને પ્રતીતિ પણ નથી. આટલી લાંબી પ્રસ્તાવનાને અંતે હું શ્રી રામનું સ્મરણ કરીને એમનાં ચરણોમાં વંદન પાઠવું છું. કવિશ્રી ન્હાનાલાલની પંક્તિઓમાં આપણી ભારતીય સંસ્કૃતિનો મહિમા આવા સુંદર શબ્દોમાં થયો છે :

**આકાશ માથે ધ્રુવ તેજ ઢોળે,**
**એવો તપે છે, ઇતિહાસ ખોળે;**
**ઝાંખો જૂનો જીર્ણ, છતાં અનસ્ત,**
**આ આર્યની ભૂમિ તણો પ્રકાશ !**

### સમાપના

ચીનના વિખ્યાત ચિંતક લિન યુટાંગ એમના મૌલિક વિચારો માટે જાણીતા હતા. ચીની તત્ત્વજ્ઞાનને પશ્ચિમના દેશોમાં અને દુનિયામાં લોકપ્રિય કરવાનો યશ એમને જાય છે. લિન યુટાંગને વાંચ્યા વગર ચીની ફિલસૂફીને સમજવાનું શક્ય નથી. એમણે ભારતના સાંસ્કૃતિક વિચારવૈભવ પર એક પુસ્તક લખ્યું છે : 'Wisdom of India' (માઇકલ જૉસેફ – લંડન). એ પુસ્તકમાં એક આખું પ્રકરણ રામાયણ પર છે, જેનું મથાળું છે : 'The Epic of Rama.' એ પ્રકરણમાં લિન યુટાંગે રામાયણનો મહિમા આવા સુંદર શબ્દોમાં કર્યો છે :

**'મને ભારત પ્રત્યે ખરો પ્રેમ અને આદર**

**ત્યારે થયો જ્યારે**
**મારા કૉલેજના દિવસોમાં**
**મેં રામાયણ અને મહાભારત જેવાં**
**મહાકાવ્યોનો**
**અનુવાદ પહેલી વાર વાંચ્યો.'**

આ પ્રકરણનો અનુવાદ શ્રી રમેશ દત્તે અંગ્રેજીમાં કર્યો છે. પ્રકરણની પ્રસ્તાવના રૂપે લિન યુટાંગ નોંધે છે : 'પુરાતન ગ્રીસમાં જીવનના આદર્શ તરીકે આનંદ, સૌંદર્ય અને પ્રસન્નતાનો મહિમા હતો, જ્યારે પુરાતન ભારતમાં જીવનના ચિંતનમાં કરુણા, સહનશીલતા અને સમર્પણનો મહિમા હતો.' (પાન-૧૨૯) લિન યુટાંગ જે રીતે કૉલેજકાળમાં રામાયણ વાંચીને પ્રભાવિત થયા, તે જાણીને મનમાં પ્રશ્ન ઊઠે છે : રામાયણનો મહિમા ભારતની કૉલેજોમાં ભણતાં યુવક-યુવતીઓને ક્યારે સમજાશે ?

ઇલેક્ટ્રોનિક માધ્યમો દુનિયામાં પ્રચલિત નહોતાં થયાં ત્યારે અને ઇન્ટરનેટના સાઈબર-હાઈવે પર કમ્પ્યૂટરનો પ્રભાવ શરૂ થયો ન હતો તેવી સદીઓમાં રામાયણ બધી રાષ્ટ્રીય સીમાઓ અતિક્રમીને દેશદેશાવરમાં પહોંચી ગયું તેનું રહસ્ય શું ? મહાકાવ્યના આવા પ્રભાવ માટે ત્રણ બાબતો જવાબદાર છે :

(૧) રસનિષ્પત્તિ (રસપ્રબંધ)
(૨) રસતૃપ્તિ (રસેન તૃપ્તઃ)
(૩) રસનિમજ્જન (રસો વૈ સઃ)

પોતાના પિતાએ અપર માતાને આપેલાં બે વચનો પૂરાં કરવા માટે રાજ્યાભિષેકની વેળાએ કોઈ રાજકુમાર રાજગાદીની પરવા કર્યા વગર કોઈ પણ જાતના ઉચાટ વગર ચૌદ વર્ષ માટે વનમાં જાય એવી ઘટના બને ખરી ? રામાયણ પ્રત્યેના ચુંબકીય આકર્ષણ માટે અનન્ય ઘટના જ પૂરતી છે. રામાયણ મહાકાવ્યમાં અનેક પ્રસંગો એવા છે જ્યારે વાચક, શ્રાવક કે ભાવકને ઊંડી રસાનુભૂતિનો પ્રસાદ પ્રાપ્ત થાય. મહાકાવ્ય વાંચી રહ્યા પછી અને એનું વિશ્વરૂપદર્શન નિહાળ્યા પછી કહેવું જ રહ્યું : 'રામ કથા જગ મંગલ કરની.'

સદીઓ પહેલાં પૃથ્વી પર એક એવું માનવપુષ્પ ખીલ્યું જેનું નામ રામ છે. આજે પણ ભારતીય લોકહૃદયમાં એની સુગંધ વ્યાપેલી છે. વાલ્મીકિ રામાયણ વિશ્વનું પ્રથમ મહાકાવ્ય છે. અકબરના સમયથી ગોસ્વામી તુલસીદાસનું 'રામચરિતમાનસ' ઉત્તર-મધ્ય-પશ્ચિમ ભારતમાં ઘરે ઘરે પહોંચતું રહ્યું છે. દક્ષિણ ભારતમાં તો રામના નામ સાથે જોડાયેલી (રામમૂર્તિ, રામસ્વામી અને રામાનુજ જેવી) અટકોથી ટેલિફોન ડિરેક્ટરી ભરાઈ જતી હોય છે. કવિ ઇકબાલે રામને 'ઇમામે હિંદ' કહ્યા છે. ભારતના અસંખ્ય ગ્રામજનો આજે પણ બગાસું કે છીંક ખાય ત્યારે અંતે 'રામ' શબ્દ ઉદ્ગારે છે. મારા કાકાને એવી ટેવ હતી. મારાં દાદી અંબામા મારા માટે અને (મારા એ જ કાકાના દીકરા) કિશોરને માટે કાયમ એક વાક્ય વારંવાર બોલતાં : 'આ બંને નાનડિયા મારા રામ-લખમણ છે.' લોહીમાં હીમોગ્લોબિન હોય, એ રીતે રામાયણ ભારતના લોકજીવનમાં ભળી ગયું છે. કાર્લ યુંગનો શબ્દપ્રયોગ કરીએ તો અવશ્ય કહી શકાય કે રામકથા ભારતીય ચિત્તમાં પડેલા 'સામૂહિક અચેતન' (કલેક્ટિવ અનકોન્સિયસ)નો હિસ્સો બની ગઈ છે. આજે પણ ભારતીય ચિત્તમાં રામ છવાયેલા છે. મહાત્મા ગાંધી એ ભારતીય ચિત્તવૃત્તિના ઉત્તમોત્તમ પ્રતિનિધિ હતા. હનુમાનનું મંદિર ન હોય એવાં ગામો ભારતમાં કેટલાં ? ઇન્ડોનેશિયામાં જટાયુ ઘણો લોકપ્રિય છે. રશિયામાં વર્ષોથી રામલીલા ભજવાતી રહી છે. આપણી ભારતીય સંસ્કૃતિની પુરાતન અને સનાતન ધરોહર એવી રામકથાનું રસપાન કર્યા વગર જીવન પૂરું થઈ જાય એ ભારે ખોટનો ધંધો ગણાય.

કબીર અને ગાંધીજી વચ્ચે લગભગ પાંચ સદીનું અંતર હતું. બંને રામભક્ત હતા અને બંને દશરથપુત્ર રામને જ નહીં, પરંતુ પરમતત્ત્વના સંકેત સમા રામને ભજનારા હતા. કબીર કહે છે :

**'ऐक राम दशरथ का बेटा,**
**दूजा राम घटघटमें बैठा ।**
**तीजे राम का सकल पैसारा,**
**चौथा राम है सबसे न्यारा ॥'**

જ્યારે વ્યક્તિમત્ત્વ અનેરી ઊંચાઈ પ્રાપ્ત કરે, ત્યારે વિભૂતિમત્ત્વ બની રહે છે અને લોકો એ મહામાનવને પરમેશ્વર ગણવા લાગે છે. રામના ઉદાત્ત મહામાનવત્ત્વને આવા વિશાળ પરિપ્રેક્ષ્યમાં નિહાળવાનો પ્રયત્ન આ ગ્રંથ (રામાયણ : માનવતાનું મહાકાવ્ય)માં થયો છે.

**(લેખકકૃત 'રામાયણ : માનવતાનું મહાકાવ્ય' અમદાવાદ : આર. આર. શેઠની કંપની, ૨૦૦૩ [પ્રસ્તાવના] પૃ. ૧૩-૪૫ અને ૭૩૬-૭૩૭માંથી ટૂંકાવીને સાભાર)**

# મહાભારત : એક ધર્મકાવ્ય

ઉમાશંકર જોશી

મનુષ્યહૃદયના પ્રબળ રાગાવેગોની તાંડવલીલા નિરૂપવામાં જેઓ સહજપણે સિદ્ધહસ્ત હોય એવા ત્રણ કવિઓ થઈ ગયા છે : મહાભારતકાર વ્યાસ, ગ્રીક મહાકવિ હોમર અને અંગ્રેજ નાટ્યકાર શેક્સપિયર. હોમરની ગણાતી બે કૃતિઓ ઇલિયડ અને ઓડિસી એ બન્ને એક જ કવિની છે કે કેમ અને એ પ્રત્યેકની રચનામાં પણ એમાં દેખાતી દેખીતી વિસંગતિઓ જોતાં બીજાઓનો હાથ છે કે કેમ એવા પ્રશ્નો વિદ્વાનોએ ઉઠાવેલા છે. મહાભારતના અનેકકર્તૃત્વ વિશે તો વિદ્વાનો લગભગ એકમત છે. એટલે કવિઓને બાજુ રાખી કૃતિઓ પર નજર રાખીને કહીએ કે માનવી-ભાવોના પ્રલયંકર ઝંઝાવાતો જેમાં જોસભેર ફૂંકાતા હોય એવી શબ્દસૃષ્ટિઓ કોઈ હોય તો તે છે મહાભારત, ઇલિયડ-ઓડિસી અને શેક્સપિયરનાં નાટકો.

આ ત્રણ શબ્દસૃષ્ટિઓ વચ્ચે ફેર પણ છે.

હોમરે, ઈ. સ. પૂર્વે દસમા સૈકામાં, ગ્રીસદેશમાં પ્રચલિત વીરગાથાઓને સંકલિત કરી બે 'એપિક' (વીરરસકાવ્યો)ની રચના કરી એમ મનાય છે. એક રીતે એણે ગ્રીસ માટે વ્યાસ (બધું એકત્ર કરી ગોઠવનાર સંપાદક)નું જ કામ કર્યું ગણાય. પણ એ વીરગાથાઓ ઉપર હોમરનો હાથ ફર્યો અને એણે એમને છેવટનો જે ઘાટ આપ્યો તે ઘાટ, જૂજ ફેરફાર થયા હશે એમ માનીએ તોપણ, લગભગ તેવો જ રહ્યો છે અને એથી એ બે કૃતિઓનું લાઘવ અને કલાસૌન્દર્ય સચવાઈ રહ્યાં છે. પાછળના યુરોપીય મહાકવિઓને અનુસરવા માટેના આદર્શરૂપ એ કૃતિઓ રહી છે. મહાભારતની વાત જુદી જ છે. આપણા વ્યાસે પોતાની આંખ આગળ ખેલાયેલ મહાયુદ્ધની અન્ય કવિઓએ લખેલી ગાથાઓને એકત્ર કરી ગોઠવીને 'જય' કાવ્યની રચના કરી કે નિઃશેષ આખી કૃતિ પોતે રચી કે પ્રચલિત 'જય'ને મઠારી 'ભારત' સર્જ્યું એ નક્કી કરવું મુશ્કેલ છે, પણ મૂળ કાવ્ય 'જય'નો પછીથી વિસ્તાર થયો અને તે 'ભારત' કહેવાયું, જે પછીથી અનેક કથોપકથાનકો અને આખ્યાનોપાખ્યાનો એમાં ઉમેરાતાં 'મહાભારત' રૂપે પ્રસિદ્ધ થયું. એમ જોવું મુશ્કેલ નથી. 'જય'માંથી 'ભારત' અને 'ભારત'માંથી 'મહાભારત' થતાં સમય ગયો હશે (મહાભારતના જુદા જુદા થરો જોતાં થોડાક સૈકા જેટલો સમય ગયો હોય તો નવાઈ નહિ) અને વ્યાસ કૌરવ-પાંડવોના સમકાલીન હતા એ જોતાં આજે જે રૂપે 'મહાભારત' મળે છે તેને તેનું, હોમરની જેમ, છેવટનું રૂપ આપનાર કવિ વ્યાસ હોય એ કરતાં પ્રારંભના 'જય' કે 'ભારત' કાવ્યના એ રચયિતા હોય એમ માનવું એ સયુક્તિક છે. મૂળ કાવ્યનો ઘાટ કદાચ કલાદૃષ્ટિએ સુરેખ લાગે એવો પણ હોય. અને આજના મહાભારતના જેવું એ અતિકાય તો ન જ હોઈ શકે. પણ 'જય'માંથી 'ભારત' અને 'ભારત'માંથી મહાભારત થતાં, 'જય'માં લાઘવ અને કલાસૌન્દર્ય હોય તો તે આજે મૂળ રૂપે અનુભવવાં શક્ય નથી.

ઇલિયડ અને ઓડિસી અનુક્રમે એકાવન અને ચાળીસ દિવસની કથા નિરૂપે છે. ઇલિયડના પ્રથમ સર્ગમાં જ બાવીસ દિવસની કથા આલેખાઈ છે. એટલે કે કાવ્યના આખા સમયપટના મધ્યમાં કવિ આપણને બનતી ત્વરાએ મૂકી દે છે. મૂળ 'જય' કાવ્યમાં માત્ર યુદ્ધકથા જ હોય તો તેમાં અઢાર દિવસના પ્રસંગો આલેખાયા હોય અને તો એનો આરંભ, સંજય અંધ ધૃતરાષ્ટ્રને દસમે દિવસે ભીષ્મ પડ્યા તેના સમાચાર આપીને પશ્ચાદ્દર્શનથી પાછલો દસ દિવસનો વૃત્તાન્ત આપી પછીના આઠ દિવસના બનાવો રોજેરોજ વર્ણવતો હોય, એ રીતે થાય એ કલાદૃષ્ટિએ ખરે જ હૃદ્ય છે. જે વાત કહેવી હોય તે શરૂથી જ ઉપાડવી એ કરતાં વચ્ચે ક્યાંકથી કોઈક કટોકટીના પ્રસંગ આગળથી ઉપાડી પાછલી વાત પશ્ચાદ્દર્શનથી રજૂ કરવામાં રહેલો કલાલાભ નાટ્યકારોને માટે તો મોટી ગણનાપાત્ર વસ્તુ છે. વીરરસકાવ્યમાં પણ એવો લાભ જેવોતેવો ન ગણાય. મૂળ 'જય' એ, આ રીતે વિચારતાં, હોમરના વીરસકાવ્યના જેવી કલાભંગીવાળું લાઘવયુક્ત યુદ્ધકાવ્ય હોય એમ જોઈ શકાય એવું છે.

પણ ઇલિયડ-ઓડિસીની પેઠે માનવભાવોના તીવ્ર સંઘર્ષો નિરૂપતા એક કલામંડિત સુરેખ વીરસકાવ્ય તરીકેનું જ સ્થાન પામવા માટે કુરુક્ષેત્રના યુદ્ધની એ કથા નિર્માઈ ન હતી. જોતજોતામાં એ પ્રાચીન હિંદના એક મહાયુદ્ધનો ઇતિહાસ જ ન રહેતાં માનવજીવનના સનાતન ઇતિહાસનું કાવ્ય બની ગયું, પરાક્રમી વીરોનાં સાહસકર્મો નિરૂપતું વીરરસકાવ્ય જ ન રહેતાં જીવનના સૌથી મોટા પરાક્રમ – ધર્મજીવન–ને આલેખતું ધર્મકાવ્ય બની ગયું. મૂળ જયની વાત કરનાર કાવ્યમાં પણ ધર્મતત્ત્વ અભિપ્રેત હતું જ. એનો આરંભનો શ્લોક જ નર-નારાયણ એ સખાજોડલીને નમસ્કાર કરે છે અને પછી 'જય'ની કથા ગાવાનો ઉપક્રમ સ્વીકારે છે : **ततो जयमुदीरयेत् ।** એવો ઉપક્રમ અર્જુન-કૃષ્ણમાં નર-નારાયણ જોવાની વૃત્તિ પ્રારંભના કાવ્યથી જ પ્રચલિત છે એ સૂચવવા માટે પૂરતો છે. કુરુક્ષેત્રના યુદ્ધનું કાવ્ય મૂળથી જ જીવાત્મા-પરમાત્માના સખ્યના અંતિમ જયનું કાવ્ય હતું, અર્થાત્ ધર્મતત્ત્વથી ધબકતું વીરરસકાવ્ય હતું. પણ એમાં યુદ્ધ ઉપરાંતની વાતો – પાંડવોની ઉત્પત્તિ, ઇન્દ્રપ્રસ્થની સ્થાપના, સભાપર્વના જુગાર આદિ પ્રસંગો (જેના વગર કુરુક્ષેત્રનું યુદ્ધ સમજી ન શકાય), વનવાસ, વિષ્ટિ વગેરે યુદ્ધપૂર્વેની ઘટનાઓ અને યુદ્ધને અંતે જય મળ્યા પછી ભીષ્મનો બાણશય્યા પરનો કાંઈક ઉપદેશ, અશ્વમેધયજ્ઞ અને મહાપ્રસ્થાન – સ્વર્ગારોહણ એ મુખ્યમુખ્ય અનિવાર્ય પ્રસંગો ઉમેરાતાં 'ભારત' કાવ્યની રચના થઈ હશે અને એમાં કવિએ સ્પષ્ટ ભારપૂર્વક **यतो धर्मः ततो जयः ।** – એમ પ્રતિપાદન કરતાં અને ધર્મરહસ્ય ખોલી આપવામાં તેના પ્રસંગોનો ઉપયોગ કરતાં 'ભારત'એ સાંગોપાંગ એ ધર્મકાવ્ય બની રહ્યું હશે. પોતાના સમયમાં કુરુક્ષેત્રના યુદ્ધની કથાની અમોઘ લોકપ્રિયતા અને ધર્મવ્યંજકતા જોઈને લોકોમાં પ્રચલિત 'જય' કાવ્યનું સંપાદકશિરોમણિ વ્યાસે 'ભારત' રૂપે સંસ્કરણ તૈયાર કરી એ કથાને ધર્મસંભૃત બનાવી હોય એ સંભવિત લાગે છે. પાછળથી 'ભારત' કાવ્ય લોકસામાન્યમાં એક કથા તરીકે અત્યંત આકર્ષક હોઈ અને વિચારશીલ બલકે તમામ વર્ગમાં એની ધર્મકાવ્ય તરીકેની પ્રતિષ્ઠા હોઈ, જે જે નવા કવિઓને ધર્મતત્ત્વ અંગેની કાંઈ વિશિષ્ટ અનુભૂતિ પ્રચારવી હતી તેમણે પોતે અનામી રહીને પોતાની કાવ્યકૃતિ 'ભારત'માં ભેળવી દીધી. વિચક્ષણ સંપાદકોએ અન્ય પ્રાચીન કથાઓને પણ ભારતમાં ગૂંથી લેવા પ્રયત્ન કર્યો. આમ 'ભારત' ધર્મકાવ્ય, એના પ્રવાહમાં આવાં અનેક કથા કે ધર્મચર્ચાનાં વહેણો આવી મળતાં, 'મહાભારત' બન્યું, એક આખા યુગના સજ્જનોએ તૈયાર કરેલા એવા ધર્મવિષયક આકરગ્રંથરૂપ બન્યું. મહાભારત એટલે કુટુંબ, સમાજ, રાજ્ય આદિની વ્યવસ્થામાં ધર્મતત્ત્વનું કેવું મહત્ત્વ છે એ દાખવતો એક આખા યુગ સુધી ભારતવર્ષનો જાગ્રત માનસે તૈયાર કરેલો ધર્મવિષયક વિશ્વકોષ.

પાશ્ચાત્ય વિદ્વાનો (હોપકિન્સ આદિ) મહાયુદ્ધ અંગે લખાયેલા મૂળ કાવ્યમાં પાંડવોના ધર્મવિરુદ્ધ વર્તનને ઉઘાડું પાડવામાં આવ્યું હતું અને એ કથા એક રોમાંચક કથા તરીકે જ આસ્વાદાતી હતી એમ કહી એ લોકરંજક કથામાં ધર્મપ્રચારક વર્ગે ધર્મની વાતો ઉમેરી અને એ રીતે એક બેઢંગી રચના ઉપજાવી એવું પ્રતિપાદન કરે છે. કૌરવપાંડવના યુદ્ધમાં પાંડવોનાં અનેક કૃત્યો ધર્મદષ્ટિએ વાંધો ઉઠાવવા જેવાં જરૂર છે, તેમ છતાં એકંદરે એમનો પક્ષ સત્યનો – ધર્મનો હતો અને કુરુક્ષેત્રના યુદ્ધની તદ્દન આરંભની ગાથાઓમાંથી ગૂંથાયેલા 'જય' કાવ્યમાં પણ પાંડવોને પક્ષે ધર્મ હતો, પાંડવવીર અર્જુન (નર)ને પડખે શ્રીકૃષ્ણ (નારાયણ) હતા, એ વાતને ઉઠાવ આપવામાં આવેલો છે. મૂળ એ માત્ર રોચક કે મનોરંજક યુદ્ધકથા હતી અને એને માટેનું લોકોનું આકર્ષણ વરતી જઈ ધર્મપ્રચારકોએ એની ઉપર ધર્મ લાદ્યો એમ જોવું એ બરોબર નથી. એ મૂળ કથામાં જ એક **काव्य तरीके** માનવધર્મનાં તત્ત્વો પર પ્રકાશ પાડવાની જે ગુંજાશ છે તે ભારતવર્ષના કવિઓએ સર્વદા અચૂકપણે જોઈ એમ કહેવું એ કદાચ વધુ યોગ્ય છે. ઉત્તરોત્તર જે કવિએ એ કથાને હાથ લગાડ્યો છે તેણે એ ધર્મતત્ત્વને સ્પર્શવા જ પ્રયત્ન કરી કૃતાર્થતા અનુભવી છે.

જો ઇલિયડ-ઓડિસી જેવાં વીરરસકાવ્યો વિશે એમ કહેવામાં આવે કે એ કાવ્યોએ ગ્રીક સમાજને આત્મદર્શન કરાવ્યું, આત્મસંજ્ઞા અર્પી; તો મહાભારત જેવી અર્થગંભીર વિરાટ શબ્દસૃષ્ટિ ભારતવર્ષને યુગોયુગ આત્મદર્શન કરાવનાર નીવડે, આત્મસંજ્ઞા આપનારી નીવડે, તો એમાં આશ્ચર્ય શું ? ખરું જોતાં મહાભારત એ, ઉપર જોયું તેમ, એક આખા યુગે – ધર્મપ્રવણ યુગે ભારતવર્ષના આત્માના શોધન અર્થે ચલાવેલા અવિરત પુરુષાર્થના પરિણામરૂપ કૃતિ છે. ભારતવર્ષના લોકોને ઇતિહાસની ઇન્દ્રિય જ નથી એમ પાશ્ચાત્ય વિદ્વાનો

વારંવાર કહે છે. ભારતવર્ષે વંશાવળીઓ, સાચવવી જોઈએ એ રીતે ચોકસાઈથી, સાચવી નથી, ઇતિવૃત્તના અર્થમાં ઇતિહાસ ઊભો કરવાનું ભારતવર્ષ માટે મુશ્કેલ છે. પણ જનસમાજના જીવનનાં વહેણો સમજવાં એમાં હવેની ઇતિહાસદષ્ટિ સવિશેષ રાચે છે એ જોતાં મહાભારત જેવા કાવ્ય દ્વારા ભારતવર્ષના સમાજનો સુરેખ ઇતિહાસ નથી મળતો એમ કોણ કહેશે ? પણ મહાભારત ભારતવર્ષના સમાજનો ઇતિહાસગ્રંથ હોવા ઉપરાંત માનવજીવનના સનાતન પ્રશ્નો પર પ્રકાશ પાડનારો ગ્રંથ છે, એટલે કે એમાં ત્રૈકાલિક ઇતિહાસ છે અને તે ભારતનો જ નહિ, પણ માનવજાતનો. આવો મહત્ત્વનો એ ગ્રંથ છે તે એમાંના કાવ્યત્વને કારણે, એમાંના કાવ્યત્વથી ધર્મતત્ત્વને મળેલા ઉઠાવને કારણે.

આટલું બધું અર્થસમૃદ્ધ કાવ્ય આટલાં ઓછાં પાત્રોની મદદથી રચાયેલું જવલ્લે જ જોવા મળશે. શેક્સપિયરનું માનવભાવોનાં ઘમસાણ આલેખવાનું કૌશલ વ્યાસની એવી શક્તિની યાદ અપાવનારું છે એનો ઉપર નિર્દેશ કર્યો જ છે. પણ શેક્સપિયરને કેટકેટલી સૃષ્ટિઓ (સાડત્રીસ નાટ્યકૃતિઓ) રચવી પડી, કેટકેટલાં પાત્રો સર્જવાં પડ્યાં ! દમાએ યોગ્ય રીતે પ્રશંસા કરી છે તેમ, 'પરમેશ્વર પછી કોઈએ વધુમાં વધુ માનવી સર્જ્યાં હોય તો તે શેક્સપિયરે.' પણ વ્યાસની પાત્રસૃષ્ટિ જુઓ. કેટલાં બધાં ઓછાં માણસોથી એ જગતના પટનો – એ પટના પોતનો ખ્યાલ આપી શક્યા છે ! પાંચ પાંડવો, કૌરવો સો ગણાવાયા છે પણ આપણે બે-ત્રણને જ માંડ ઓળખીએ છીએ, પાંડુ, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, ઘટોત્કચ, અભિમન્યુ, શલ્ય, વિદુર, સંજય, સાત્યકિ, વિરાટ, કૃષ્ણ, બલરામ, શિશુપાલ, જયદ્રથ, જરાસંધ, કર્ણ, વિકર્ણ, કૃતવર્મા, અશ્વત્થામા, પરીક્ષિત, સ્વયં વ્યાસ આદિ મુખ્ય પુરુષપાત્રો છે. સ્ત્રીઓની બાબતમાં મહાભારતની કરકસર અજોડ છે. કુંતી, માદ્રી, ગાંધારી, દુઃશલા, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા, બસ ! આટલાં ઓછાં સ્ત્રીપાત્રોની મદદથી પણ સ્ત્રીપુરુષ સંબંધો, કૌટુમ્બિક સંબંધો અંગેની લગભગ બધી જ મુખ્ય મુખ્ય વિગતોને આવરી લઈ શકાઈ છે. મૂળ યુદ્ધની કથા હોઈ તેમાં સ્ત્રીઓનું સ્થાન નજેવું જ હોય. પછીથી ભારતરૂપે વિસ્તાર કરતાં વ્યાસે અનિવાર્ય એટલાં પાત્રોથી જ ચલાવી લીધું છે. આટલી મર્યાદિત પાત્રસૃષ્ટિ વડે પણ વ્યાસ માનવજીવનના નિકૃષ્ટમાં નિકૃષ્ટ બલકે પાશવી સ્વરૂપ – ભીમના દુઃશાસનરુધિરપાનથી માંડીને માનવના દિવ્ય સ્વરૂપ – યોગેશ્વર કૃષ્ણના વિષ્ટિ પ્રસંગે સભાજનોને થયેલા વિશ્વરૂપદર્શન – સુધીની ભૂમિકાઓને એક જ સૃષ્ટિમાં નિરૂપી શક્યા છે. પાત્રો ઓછાં છે, પણ તેઓના પરસ્પર સંબંધો એવા સંકુલ છે કે એક પાત્રના વર્તનના બીજાં પાત્રોનાં જીવનમાં મહત્ત્વના પડઘા પડે છે અને એ રીતે એકેએક કૃત્ય અત્યંત અર્થસભર બની જાય છે. અપૂર્વ લાઘવથી માનવજીવનનાં મર્મસ્થાનો પર પ્રકાશ પાડતી પ્રતિભા વડે જ વ્યાસ પોતાની કૃતિને અપ્રતિમ ધર્મકાવ્ય બનાવી શક્યા છે.

મહાભારતમાં સીધી ધર્મકથાઓ કે સીધો ધર્મબોધ આવે છે એ કારણે જ એ ધર્મકાવ્ય નથી. કુરુક્ષેત્રમાં જે યુદ્ધ થયું અને તેના સામસામા નાયકોની કથામાં પોતામાં જ એક કાવ્ય તરીકે ધર્મતત્ત્વને ઉઠાવ આપવાની જે શક્યતા છે તેને લીધે મુખ્યતઃ મહાભારત ધર્મકાવ્ય બન્યું છે. અનેક ધર્મબોધક ઉપાખ્યાનો અને શાંતિપર્વ અને અનુશાસનપર્વની ધર્મપ્રચુર રચનાઓ કાઢી લો, આખું વનપર્વ – એમાંના યુધિષ્ઠિરને સાન્ત્વન આપવા માટે કહેવાયેલા અને દમયંતીના સાન્તવનાર્થે કહેવાયેલા સાવિત્રીના ઉપાખ્યાન સમેત – કાઢી લો, ભીષ્મપર્વના આરંભે સુયોગ્ય અવસરે ગવાયેલી અલૌકિક 'ગીતા' પણ કદાચ પાછળથી ઉમેરાયેલી છે એમ માનીને કાઢી લો, અને તેમ છતાં પાંડવકૌરવોની જીવનકથા અને એમના યુદ્ધની કથા માત્ર જે રહે છે તે પણ ડગલે ને પગલે એના ધર્મવ્યંજક પ્રસંગોને લીધે એટલી બધી સમૃદ્ધ છે કે એક મહાન ધર્મકાવ્યની સામગ્રી માટે એ પર્યાપ્ત છે. આટલી કથા જેણે શબ્દબદ્ધ કરી તેને હમણાં જ ઉપર વ્યાસ તરીકે ઓળખાવવા પ્રયત્ન કર્યો છે. પછીથી એ કથામાં ભલેને ગમે તેટલા મહત્ત્વના ધર્મસમૃદ્ધ ઉમેરા થયા હોય તે છતાં આખા 'મહાભારત'નું શ્રેય એ મુખ્ય પાયાની કથા આપનાર વ્યાસને આપીએ તો ભાગ્યે જ એમાં કાંઈ વધારે પડતું ગણાશે, કેમ કે આખા મહાભારતનું એક ધર્મકાવ્ય તરીકેનું જે મહત્ત્વ છે તે મુખ્યત્વે એ પાયાની કથા ઉપર નિર્ભર છે.

પાશ્ચાત્ય તેમજ અત્રત્ય વિવેચકોને મહાભારત અંગે જે વાત નથી સમજાતી અથવા તો મૂંઝવે છે તે એ છે કે આવી અણઘડ અને ડગલેપગલે અનીતિમય વર્તન નિરૂપતી કથાના આધારે દેશને ધર્મપ્રેરણા આપનાર મહાન કૃતિની રચના થાય એ કેવું ! એના નાયકો તો

જુઓ. પાંડવોમાં શું મોહી જવા જેવું છે ? તેઓ જીતે છે તે ઘણુંખરું દરેક વખતે પ્રપંચનો – અધર્મનો આશ્રય લઈને. એમના જન્મની વાત જ જરી ધૂંધળી છે. યુધિષ્ઠિર જેવો 'ધર્મરાજા' જૂગટાનો ભારે રસિયો છે અને મોટો સતવાદી હોવા છતાં દ્રોણને મારવા માટે જૂઠું બોલે છે. અને પાંચ ભાઈઓને એક સ્ત્રી પરણે એ તે કેવું ? આવી કથા ધર્મની પ્રેરણા આપવા માટે તે પસંદ કરવાની હોય ? આ બધામાં કોઈ વાતનું અનુકરણ કરવા જેવું છે ખરું ?

આવા વાંધાઓમાંથી છૂટવા માટે બે માર્ગ શોધ્યા છે. એક તો ઉપર જેનું સૂચન થયું છે તે પાશ્ચાત્ય વિદ્વાનોનો માર્ગ. તેઓ કહે છે કે મૂળ કથા પાંડવોનો અધર્મ પ્રગટ કરનારી હતી. પણ **युद्धस्य कथा रम्या ।** લોકોને યુદ્ધની કથા ઘણી ગમી ગઈ હતી. એટલે ધર્મપ્રચારક વર્ગે એ કથામાં ધર્મ રેડ્યો અને પાંડવોને ઊજળા ચીતરવા પ્રયત્ન કર્યો. પરિણામે લોકોને કાંઈક ઢંગસરનું વીરરસકાવ્ય (એપિક) ન મળ્યું, મળ્યો માત્ર ધર્મવિચારોનો શંભુમેળો. બીજો માર્ગ 'અનાસક્તિયોગ'માં મહાત્મા ગાંધીએ આખી કથાને રૂપક તરીકે ઘટાવ્યું છે એવા પ્રયત્નોમાં જોવા મળે છે. આ શરીરરૂપી ક્ષેત્ર એ ધર્મક્ષેત્ર છે, કેમ કે એ મોક્ષનું દ્વાર થઈ શકે છે. પાપમાં તેની ઉત્પત્તિ છે અને પાપનું એ ભાજન થઈ રહે છે; તેથી તે કુરુક્ષેત્ર છે. કૌરવ એટલે આસુરી વૃત્તિઓ. પાંડુપુત્રો એટલે દૈવી વૃત્તિઓ. પ્રત્યેક શરીરમાં સારી અને નઠારી વૃત્તિઓ વચ્ચે યુદ્ધ ચાલ્યા જ કરે છે એમ કોણ નથી અનુભવતું ? આ માર્ગે પછી તો બીજી રીતે રૂપક ગોઠવતાં, પાંચ પાંડવો એટલે પાંચ ઇન્દ્રિયો, એમને વરેલી દ્રૌપદી એટલે પાંચ ઇન્દ્રિયોને વરેલી બુદ્ધિ – એમ મેળ પણ બેસતો આવે. દ્રૌપદીને પાંચ પતિ હતા એનો ખુલાસો પણ આવા રૂપકમાં કેવો અનાયાસે મળી રહે !

પહેલા માર્ગની અયથાર્થતા અંગે ઉપર સૂચન કર્યું જ છે. પાંડવોની કથા ધર્મકાવ્ય માટે સ્વીકારાઈ અથવા ઉપયોગમાં લેવાઈ એનો અર્થ એવો હરગિજ ન હોય કે પાંડવોએ ધર્મની મૂર્તિ હોવું જોઈએ. ધર્મકાવ્યના નાયકો નર્યા આદર્શના અવતારરૂપ હોય એવું અનિવાર્ય ન હોવું જોઈએ. એવા પુરુષો તો ધર્મપુરુષો કરતાં ધર્મપૂતળાં બની રહે. બીજી બાજુ ઊણપો અને અધૂરપોવાળા તેમ છતાં આદર્શ પર મીટ માંડીને ચાલનારા માણસોના જીવનની ભૂલોમાંથી – ઠોકરોમાંથી પણ ધર્મબોધ કે ધર્મપ્રેરણા જરૂર મળી શકે. દ્રોણ મૃત્યુ પામે એ લાલચે યુધિષ્ઠિર અસત્ય બોલ્યા એનો અર્થ એવો તો ન જ થાય કે યુધિષ્ઠિર જેવા જૂઠું બોલ્યા હતા તો આપણને પણ જૂઠું બોલવામાં શો વાંધો ? સત્ય એ કેવો કપરો ધર્મ છે અને બીજા ધર્મો કે ધર્માભાસો વચ્ચે આવીને કેવા માણસને સત્યમાંથી ચ્યુત કરે છે અને એવી એકાદ સત્યચ્યુતિથી – સ્વ-રૂપ-ચ્યુતિથી પણ કેવો તેજોભંગ થાય છે – યુધિષ્ઠિરનો રથ જમીનથી અધ્ધર ચાલતો તે ધરતી પર ચાલે છે અને અંતે મૃત્યુ પછી પણ એમને નરકવાસ ભોગવવાવારો આવે છે, – એ બધું એ પ્રસંગમાંથી સમજવાનું હોય.

બીજો માર્ગ, આખી કથાને રૂપક લેખવાનો માર્ગ, પહેલાના જેવો ભૂલભરેલો નથી. આખી કથાને રૂપક તરીકે પણ ઘટાવાય એ શક્યતા કવિને અભિપ્રેત ન જ હોય એવું માનવાનું કારણ નથી. એવી શક્યતા કાવ્યના સમગ્ર અર્થને વધુ સમૃદ્ધ બનાવી રહે. પણ કેવળ રૂપક તરીકે જ એને ઘટાવવી એમાં કથાનો કવિએ જે લાભ લીધો છે તેમાંથી અમુક અંશ જ સ્વીકારી બાકીના લાભને આપણે જતો કરીએ છીએ એવું થાય, ગીતામાંથી અહિંસા ઘટાવવી હોય તો મહાભારતના યુદ્ધને રૂપક લેખવું એ ગાંધીજી માટે અનિવાર્ય થઈ પડે એ સમજી શકાય એવું છે. પણ રૂપક તરીકે ઘટાવવા સિવાય પણ કથા એક અમુક પાત્રોની માનવકથારૂપે પણ જરૂર સુગ્રાહ્ય અને ધર્મબોધક નીવડે એવી છે. અલબત્ત, એ કથા કવિએ નિરૂપેલાં પાત્રોની વિશિષ્ટાર્થસૂચક કથા છે, નહિ કે કોઈ ઇતિહાસકારે સાચેસાચ બની ગયેલા અમુક માણસોની આપેલી યથાર્થ જીવનકથા છે. એટલે કે સાચેસાચ બનેલા બનાવો આલેખાયા હોય તોપણ તે ધર્મરહસ્ય પર પ્રકાશ પાડવાના ખ્યાલથી ઉપયોગમાં લેવાયા છે. 'અનાસક્તિયોગ'ની પ્રસ્તાવનામાં ગાંધીજી કહે છે એ યોગ્ય જ છે કે 'પાત્રોની અમાનુષી અને અતિમાનુષી ઉત્પત્તિ વર્ણવી વ્યાસભગવાને રાજાપ્રજાના ઇતિહાસને ભૂંસી નાખ્યો છે. તેમાં વર્ણવેલાં પાત્રો મૂળે ઐતિહાસિક ભલે હોય, પણ મહાભારતમાં તો તેમનો ઉપયોગ વ્યાસભગવાને કેવળ ધર્મનું દર્શન કરાવવાને સારુ જ કરેલો છે.' પણ એથી 'માનુષી યોદ્ધાઓની રચના હૃદયગત યુદ્ધને રસિક બનાવવાને સારુ ઘડેલી કલ્પના છે' એવું મહાભારતનું અર્થઘટન પૂરતું ન નીવડે. મહાભારતમાં ઇતિહાસકથા (ઇતિવૃત્તના, હકીકતના,

અર્થમાં) નથી, તો પછી તે કેવળ રૂપક જ હોય એ જ એક વિકલ્પ રહેતો નથી, માનવોની કવિકલ્પિત કથા પણ એ હોઈ શકે. અને એવી કથા તરીકે પણ એ ધર્મબોધક નીવડી શકે. ગાંધીજી પોતે જ પોતાને ઇષ્ટ અર્થ એવી કથામાંથી પણ, યોગ્ય રીતે, ખેંચે છે : 'મહાભારતકારે ભૌતિક યુદ્ધની આવશ્યકતા સિદ્ધ નથી કરી; તેની નિરર્થકતા સિદ્ધ કરી છે. વિજેતાની પાસે રુદન કરાવ્યું છે, પશ્ચાત્તાપ કરાવ્યો છે, ને દુઃખ સિવાય બીજું કંઈ રહેવા નથી દીધું.'

મહાભારત એક ધર્મકાવ્ય છે તે ત્રણ રીતે : (૧) એમાં આવીઆવીને ઉમેરાયેલી ધર્મપ્રચુર ઇતર (કથાથી ઇતર) સામગ્રીને લીધે, (૨) મૂળ કથામાં ધર્મજીવનનું એક અદ્‌ભુત રૂપક જોવાની શક્યતા રહેલી છે તેને લીધે અને (૩) એ કથાના વિવિધ પ્રસંગોના આલેખન દ્વારા ઋષિકવિએ ધર્મજીવનના વિવિધ પ્રશ્નોના સ્વરૂપ પર અજવાળું પાથર્યું છે એને લીધે, અર્થાત્ આખી કૃતિના કાવ્યત્વ દ્વારા ધર્મની સુગંધ ફોર્યા કરે છે એને લીધે.

ભારતવર્ષનો જનસમાજ યુગોથી મહાભારતમાંથી ધર્મપ્રેરણા પીતો આવ્યો છે તે એની ઉપર ગણાવેલી ત્રિવિધ લાક્ષણિકતામાંથી ત્રીજી લાક્ષણિકતાને લીધે. જીવનમાં કાંઈક ઘાંટી આવે ત્યારે માણસ ઘણુંખરું મહાભારતના કોઈક ને કોઈક પ્રસંગનો ખ્યાલ કરી પોતાનો રસ્તો વિચારી શકે છે. અનુસરી શકે છે એમ નહિ, વિચારી શકે છે. મહાભારત દ્વારા વ્યાસે જાણે ધર્માચરણનું વ્યાકરણ પ્રજા આગળ મૂકી દીધું ન હોય! પાશ્ચાત્ય અને અત્રત્ય બુદ્ધિમંતોને મહાભારત મૂંઝવે છે, કેમ કે મહાભારત જેને બેધડક અનુસરી શકાય એવાં નીતિમંત સ્ત્રીપુરુષોની કથા ન હોઈ માણસો એમાંની ધર્મપ્રેરણા કેમ પામી શકે એવો પ્રશ્ન એના મનમાં ઊઠે છે. પણ મહાભારત આદર્શ ધર્મચર્યાનું નિરૂપણ કરે છે માટે ધર્મકાવ્ય છે એવું નથી, પણ આદર્શ ધર્મચર્યા કેવી હોય તે વિશે તીવ્રપણે વિચારતા કરી મૂકે છે એ કારણે એ ધર્મકાવ્ય છે.

મહાભારતનાં પાત્રોના વર્તનનું અનુકરણ કરવાનું નથી. એમના વર્તનમાંથી ઉદ્‌ભવતો ધર્મવિચાર ગ્રહણ કરવાનો છે. કોઈ પણ પાત્ર એવું નથી જેનું સમગ્ર વર્તન અનવદ્ય હોય. કદાચ કૃષ્ણનું પાત્ર પણ નહિ. કૃષ્ણ પણ ભીષ્મ પાંડવસૈન્યનો સંહાર કરે છે એથી અકળાઈ જઈને અર્જુનનો રથ છોડી ચાબુક ઉગામતા ઉગામતા ભીષ્મ સામે ધસે છે, ભીષ્મની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા મહાન છે, પણ દ્રોણ અને એ 'અર્થદાસ' બનીને દુર્યોધન પક્ષને જ વળગી રહે છે, – બીજું તો ઠીક, પણ દ્રૌપદી સભા પાસે ન્યાય માગે છે ત્યારે પણ કાંઈ કરી શકતા નથી ! કર્ણ મહાન દાનવીર છે, પણ દ્રૌપદીની લાજ લેવા દુઃશાસનને પ્રેરતાં એ ખમચાતો નથી ! યુધિષ્ઠિર ધર્મપ્રિય છે, પણ પોતાની જીત થાય એ માટે અસત્ય બોલે છે. માનવજીવન એ કેવું કસોટીઓનું ભરેલું છે એ મહાભારતની સૃષ્ટિમાં જોવા મળે છે. પણ ઉપરના જેવા દાખલાઓમાંથી ઉ. ત., ભીષ્મ-દ્રોણને દુષ્ટને ત્યાં 'અર્થદાસ' થઈને રહેવામાં વાંધો ન આવ્યો, તો આપણને શો વાંધો આવે, એવો સાર તો ભાગ્યે જ કોઈ ખેંચશે.

મહાભારતમાં દેખીતા નીતિવિરોધી પ્રસંગો છે તે પરથી પણ આધુનિક બૌદ્ધિકો એના ધર્મકાવ્ય તરીકેના મહત્ત્વ સામે વાંધો ઉઠાવવા પ્રેરાય છે. દ્રૌપદી પાંચ પતિને પરણે છે તે એમને સૌથી વાંધાભર્યો અને બેહૂદો પ્રસંગ લાગે છે. કુંતીએ ભિક્ષા માનીને ટેવથી કહી દીધું કે ભેગા મળીને ભોગવો એટલા ઉપરથી આવો ફેંસલો પાંડવો સ્વીકારે એ એમને માટે શોભાસ્પદ છે ? મહાભારત કહે છે કે દ્રુપદ આ જાણીને અકળાય છે ત્યારે વ્યાસ હાજર થઈને એને સમજાવે છે કે પાંચ પાંડવો તે પાંચ ઇન્દ્રો છે અને કર્મવશાત્ આવી પરિસ્થિતિમાં મુકાયા છે અને દ્રૌપદી તે સ્વર્ગની લક્ષ્મી છે. અને દ્રુપદને દિવ્ય ચક્ષુ આપી વ્યાસ એ છનું એવું દર્શન પણ કરાવે છે. દ્રૌપદી પૂર્વજન્મમાં ઋષિકન્યા હતી અને એના તપથી પ્રસન્ન થયેલા મહાદેવે વરદાન માગવા કહ્યું ત્યારે આવેશમાં એ પતિ આપો એમ પાંચ વાર બોલી એથી મહાદેવે એને માટે આ અન્ય જન્મમાં પાંચ પતિ નિર્માણ કર્યા છે, – એવી કથા પણ વ્યાસ દ્રુપદને કહે છે. કોઈ પણ પ્રસંગને એનું પુરાણ નિપજાવીને કેમ ઘટાવવો એમાં પ્રાચીનોને કોઈ પહોંચે એમ નથી. કવિઓનો એ હક પણ છે. આવા ખુલાસાઓ પાછળથી જ ઉમેરાયા હશે (જેમ શેક્સપિયરમાં અણગમતા ભાગો બધા મિડલ્ટનના જ ઉમેરા હશે) એમ પણ માનવાનું કોઈ કારણ નથી, ભાંડારકર આવૃત્તિ પોતાના પાઠમાં આનો સમાવેશ કરે છે. પણ દરેક ધર્મ કટોકટીમાં અનેકવિધ દષ્ટિબિંદુઓને માટે અવકાશ હોય છે. અર્જુને યુદ્ધ કરવું એમ ઠસાવવામાં તું જીતીશ તો રાજ્ય પામીશ, હણાઈશ તો સ્વર્ગ પામીશ, ભાગીશ તો ડરીને નાઠો એમ મહારથીઓ માનશે, –

એવાં વ્યાવહારિક દૃષ્ટિબિંદુઓથી માંડીને વિશ્વરૂપદર્શનને અંતે मत्कर्मकृत् થવાના આધ્યાત્મિક દૃષ્ટિબિંદુનો પુરસ્કાર થયો છે. કુંતીની જીભની ભૂલ તો હતી જ. તે ઉપરાંત પૂર્વજન્મની કથા વ્યાસે કહી. એ સિવાય પણ બીજાં બે દૃષ્ટિબિંદુ રજૂ થયાં છે. કુંતી પોતાથી શું બોલાઈ ગયું તેનું ભાન થતાં યુધિષ્ઠિરને પગે પડી ક્ષમા માગે છે. તેને આશ્વાસન આપી યુધિષ્ઠિર અર્જુનને દ્રૌપદી સાથે લગ્ન કરવા કહે છે, પણ અર્જુન ના પાડે છે અને પાંચે ભાઈ લગ્ન કરે એવો આગ્રહ કરે છે. ત્યાં કવિ ઉમેરે છે કે યશસ્વિની કૃષ્ણાને જોઈ સૌ પાંડવોમાં એકમેક સામે નજર કરતા બેસી રહ્યા અને એ વખતે હૃદયમાં તો પ્રત્યેક જણ કૃષ્ણાને જ ધારણ કરી રહ્યો હતો. દ્રૌપદીને જોઈને અમિત તેજવાળા એ પાંડવો એમની ઇન્દ્રિયોને વલોવીને મન્મથ પ્રગટ થયો. એક તો વિધાત્રીએ દ્રૌપદીનું રૂપ ઘડવામાં આડું જોયું ન હતું, તેમાં હવે એ બીજી કોઈ પણ સ્ત્રીઓ કરતાં અધિક કામ્ય બની રહી. માણસની મુદ્રા પરથી ભાવને કળી જનાર યુધિષ્ઠિરે અંદર અંદર ભેદભાવ ન જાગે એ ડરથી (मिथोभेदभयात्) દ્રૌપદી સૌની ભાર્યા થશે એમ કહ્યું. સ્વર્ગારોહણપર્વને અંતે યુધિષ્ઠિર સ્વર્ગમાં દ્રૌપદીને દિવ્ય રૂપે જુએ છે ત્યાં તેને સ્પર્શવા ચાહે છે એ વર્ણનમાં યુધિષ્ઠિરની પોતાની વૃત્તિ પણ સૂચવાઈ છે. મહાપ્રસ્થાન વખતે દ્રૌપદી સૌથી પ્રથમ ઢળી પડી ત્યારે ભીમના પ્રશ્નના ઉત્તરમાં યુધિષ્ઠિર કહે છે કે દ્રૌપદીને આપણા પાંચેમાં અર્જુન માટે પક્ષપાત હતો, તેમ છતાં લગ્ન પ્રસંગે દ્રૌપદી પાંચ પતિની પત્ની થવા માટે કશું બોલતી નથી એ કંઈક આશ્ચર્યકારક લાગે એવું છે. પણ આ છના પરસ્પરના ભાવોની ભૂમિકા ઉપર આ અનોખું લગ્ન મંડાયું છે એ નોંધપાત્ર વસ્તુ તો છે. આ ઉપરાંત દ્રુપદ આગળ યુધિષ્ઠિર એક નવું દૃષ્ટિબિંદુ રજૂ કરે છે : 'ધર્મ સૂક્ષ્મ છે. મહારાજ, અમે એની ગતિ જાણતા નથી, પૂર્વે અમારા વંશમાં જે માર્ગ લેવાયો છે તેને અમે તો અનુસરીએ છીએ.' પૂર્વે કોનું આ રીતે લગ્ન થયું એ મહાભારતમાંથી જાણવા મળતું નથી. એમના પિતા પાંડુનો દાખલો એમના ખ્યાલમાં હોય એ એક સંભવ છે. હિમાલયમાં આજે પણ પહાડોમાં 'બહુપતિપ્રથા' (જુઓ સ્વામી આનંદનો લેખ, 'સંસ્કૃતિ' સપ્ટેમ્બર ૧૯૫૦) છે. મહાભારત કહે છે કે પાંડુ ત્યાં જઈને રહ્યો હતો અને પાંડવો જુદા જુદા દેવોથી કુંતી-માદ્રીને પેટે જન્મ્યા હતા. પાંડવોનો જન્મ પહાડોની બહુપતિપ્રથા અનુસાર થયો હોય એ સંભાવના ચમત્કારો ન સ્વીકારનારી બુદ્ધિએ કાઢી નાખવા જેવી નથી. પાંડવો પાંડુના જણ્યા નથી એ વિષે હસ્તિનાપુરના લોકોમાં શંકા રહી જ છે. (आहुः केचिन्न तस्यैते तस्यैत इति चापरे । ) કુમારપરીક્ષા વખતે કૃપાચાર્ય કર્ણને એનું કુળ કહેવા આદેશે છે ને ભીમ એની હાંસી કરે છે એ પ્રસંગે દુર્યોધન સંભળાવે પણ છે કે તમારો જન્મ શી રીતે થયો છે એ અમારી જાણમાં છે. ભીષ્મે પોતાની માતા સત્યવતીના પુત્ર વિચિત્રવીર્યના અકાલમૃત્યુ પછી અંબાઅંબાલિકામાં વ્યાસ દ્વારા નિયોગવિધિથી ધૃતરાષ્ટ્ર-પાંડુ ઉત્પન્ન કરાવ્યા હતા, પણ પાંડુનાં બાળકો વિશે એમના મનમાં અવઢવ રહી હોય તો નવાઈ નહિ. પોતે માતા સત્યવતીની સંતતિ ગાદી પર આવે એ માટે બ્રહ્મચર્ય સ્વીકાર્યું હતું, પાંડવો ગાદીએ આવે એમાં સત્યવતીની સંતતિ ગાદીએ આવી ગણાય કે કેમ એ વિશે એમના મનમાં શંકા રહ્યા કરી હોય, શુદ્ધ લોહીનો આગ્રહ (કર્ણને હંમેશાં તિરસ્કારનાર, અર્ધરથ કહેનાર) એમનું મન જતું કરી શક્યું ન હોય તો આશ્ચર્ય નહિ. નહિ તો પાંડવોની અંગત વર્તણૂક એકંદરે ધાર્મિક જોઈ એમની તરફ ભીષ્મનું ધર્મપ્રિય હૃદય હંમેશાં સહજપણે ઢળતું હોવા છતાં એ કૌરવોના જ સબળ પક્ષકાર તરીકે રહે એ સમજવું મુશ્કેલ છે. 'અર્થદાસ'પણું એ પૂરતો ખુલાસો લાગતો નથી. દુર્યોધનને પણ સમજવો હોય તો એની દેખીતી અવળાઈ પાછળ પાંડવો એ પાંડુના પુત્રો છે કે કેમ એવો એનો વહેમ કામ કરી રહ્યો છે એમ જોઈ શકાશે. આમ, પાંડવો આગળ માત્ર એમની માતાઓનો જ દાખલો મુખ્યત્વે તો હતો અને તે દ્રૌપદીએ અનુસરવાનો હતો એવું જોવા મળે છે. સમાજે એ લગ્નને એક વિશિષ્ટ ઘટના તરીકે જ ગણ્યું લાગે છે. સભામાં દ્રૌપદીનું વસ્ત્ર ખેંચી લેવા દુઃશાસનને પ્રેરતાં કર્ણ છેલ્લી દલીલ એથી તો એ કરે છે કે 'સ્ત્રીને એક જ પતિ હોય, આને બહુ છે. એ કુલટા છે.' પાંડવોએ અને દ્રૌપદીએ લગ્ન કર્યું કે કેમ અથવા એ અનુકરણીય છે કે કેમ એવો નૈતિક પ્રશ્ન ઉપસ્થિત કરવો એ મહાભારતનું લક્ષ્ય નથી, એવું અનોખું લગ્ન કેવા વિશિષ્ટ અને અનેક રીતે સંકુલ એવા સંજોગોમાં થયું એ આખા ઘટનાજાલ પર કવિઋષિની પ્રતિભાનો પ્રકાશ પડે છે અને માનવી-જીવનમાં કેવી કટોકટીભરી ધર્મક્ષણો આવે છે એનો તીવ્રપણે આપણને અનુભવ થાય છે.

દ્રૌપદીને યુધિષ્ઠિરે હોડમાં મૂકી અને પરિણામે

સભામાં દુઃશાસને એને નિર્વસ્ત્ર કરવા પ્રયત્ન કર્યો એ પ્રસંગ જુગુપ્સા પ્રેરે એવો છે, પણ એથી એ બનાવ અનીતિમય છે એટલા માટે ધર્મબોધ કરાવનાર ન નીવડી શકે એમ તો ન જ માની લઈ શકાય. યુધિષ્ઠિરને તેડવા ગયેલો દૂત ધર્માત્મા વિદુર જ દ્યૂત વિરુદ્ધ રાજાને ચેતવે છે; પણ કહેણ આવ્યું એટલે જવું તો જોઈએ જ એમ કરીને ધર્મરાજા જાય છે. જઈને શકુનિ આગળ દ્યૂતને નિંદ્ય વસ્તુ તરીકે વર્ણવી રમવાની ના પાડે છે, પણ શકુનિ કહે છે કે તો કાંઈ નહિ, ના પાડો. ત્યાં ધર્મરાજા **आहूतो न निवर्तेयम्**, બોલાવેલો ના ન પાડું. પાછું ડગ ન ભરું, એમ કહી તૈયાર થઈ જાય છે. એ તો ઠીક પણ દ્રૌપદીની લાજ રોળાઈ અને ધૃતરાષ્ટ્રે ભીનું સંકેલવા એને વરદાન આપ્યાં ને વરદાનથી પાંડવો મુક્ત બન્યા ત્યાર પછી પુત્રસ્નેહાંધ ધૃતરાષ્ટ્રે ફરી યુધિષ્ઠિરને દ્યૂત રમવા કહાવ્યું ત્યારે માર્ગઅધવચથી એ પાછા ફર્યા : મારા જેવો, કહેણ મળ્યા પછી, પાછું ડગ શી રીતે ભરે ? આ આખી પ્રસંગમાલા પર નજર નાખતાં એ સમજાશે કે જીવનમાં એકાદ ધર્મનું પાલન કરવા જતાં ઉઘાડી આંખે કેવા મોટા બીજા અધર્મમાં લપસી પડાય છે, અને કેવું એ અધર્મમાં ધકેલતા પેલા ધર્મનું કેમે ઉલ્લંઘન થઈ શકતું નથી ! જો ધર્માચરણના પ્રશ્નોના ઉકેલ સહેલા હોત તો કવિઓને અને દ્રષ્ટાઓને આટઆટલાં ધર્મતત્ત્વનાં વર્ણનો કરવાં પણ પડ્યાં ન હોત.

ઉકેલ આપીને નહિ પણ પ્રશ્નનું સ્વરૂપ યથાર્થ રીતે સમજાવીને મહાભારતકાર ધર્મબુદ્ધિને જાગૃતિની તાલીમ આપે છે. એક પ્રશ્ન તો એમણે એવો રજૂ કર્યો છે કે જગતના વાઙ્‌મયમાં એવો પ્રશ્ન જવલ્લે જ રજૂ થયો હશે. દ્રૌપદીને યુધિષ્ઠિર જુગારમાં ગુમાવે છે તે પછી એને લેવા માટે કૌરવદૂત જાય છે ત્યારે એ તેજસ્વી પ્રાજ્ઞ સ્ત્રી પ્રશ્ન ઉઠાવે છે કે યુધિષ્ઠિર દાવમાં પહેલાં પોતાની જાતને હાર્યા હતા કે મને ? દુર્યોધન કહાવે છે કે કૌરવસભામાં આવીને પૂછ. દ્રૌપદી શ્વસુર પાસે આવીને ઊભી રહે છે. (સભા ન જોઈ શકે એ રીતે પાસેના ધૃતરાષ્ટ્રના ખંડમાં.) દુર્યોધન દૂતને કહે છે કે એને કુરુસભાસદોની સમક્ષ ઊભી કર, તેઓ એને મોઢામોઢ જવાબ આપશે. દ્રૌપદીથી ડરીને દૂત સભ્યોને ફરી પૂછે છે કે દ્રૌપદીને હું શો જવાબ આપું. દુર્યોધન તરત દુઃશાસનને આજ્ઞા કરે છે કે આ દૂત ભીમથી ધાક ખાઈ ગયો છે, આ પરવશ દુશ્મનો તને શું કરી શકવાના છે, તું જ એને બળજબરીથી લઈ આવ. દુઃશાસન પાસેના ખંડમાંથી 'આવ, આવ, પાંચાલી તું જિતાઈ છે' કરતો દ્રૌપદીને કેશથી ઝાલીને ખેંચી લાવે છે. કેશથી ખેંચાતી, એક વસ્ત્ર પહેરેલું તે પણ અરધું ખેંચાઈ ગયું છે એ દશામાં ક્રોધથી ભભૂકી ઊઠેલી દ્રૌપદી સભાનું આ **अन्-आर्य** કૃત્ય તરફ ધ્યાન ખેંચે છે. ભીષ્મ કહે છે : હે સુભગે, ધર્મની વાત ઝીણી છે એ જોતાં તારા પ્રશ્નનો ઠીક રીતે જવાબ આપવા હું સમર્થ નથી; કેમ કે હું જોઉં છું કે જેની પાસે કાંઈ નથી તે પારકાનું ધન હોડમાં મૂકી શકે નહિ, અને બીજી બાજુ સ્ત્રીઓ એ પતિને સ્વાધીન છે એમ પણ હું જોઉં છું. ફરી અપમાનોની ઝડી વચ્ચે દ્રૌપદી સભા આગળ પોતાનો પ્રશ્ન મૂકે છે. કોઈ બોલતું નથી. બોલે છે માત્ર ધૃતરાષ્ટ્રનો અનૌરસ પુત્ર વિકર્ણ : મૃગયા, સુરાપાન, દ્યૂત અને સ્ત્રીઆસક્તિ એ ચાર વ્યસનો માણસ ધર્મ છોડીને ખેડે છે, તેમાં થયેલાં કૃત્યો પર લોક અનુમતિની મહોર મારતું નથી; બીજું દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની છે, એકલા યુધિષ્ઠિરની નથી; અને ત્રીજું યુધિષ્ઠિરે પોતાની જાત હાર્યા પછી દ્રૌપદીને હોડમાં મૂકી હતી, જે કરવાનો હારેલા માણસને હક ન હતો. આ બધું વિચારતાં હું દ્રૌપદીને જિતાયેલી માનતો નથી. વિકર્ણ બોલી રહ્યો ન રહ્યો ત્યાં તો કર્ણ એની ઉપર તૂટી પડે છે : આ દોઢડાહ્યો, નાને મોઢે મોટી વાત કરનારો, બાલિશ, ડાહ્યું ડાહ્યું બોલનારો ! દ્રૌપદીને અધર્મથી સભામાં ઘસડી લાવવામાં આવી છે એમ માનતો હોય તો હું કહું છું કે સ્ત્રીને એક પતિ હોય, આને બહુ છે. એ કુલટા છે. એને સભામાં લાવવી એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી. અને એકવસ્ત્રા છે એની શી વાત કરો છો ! એમનું બધું જ શકુનિ દ્યૂતમાં જીતેલો છે. દુઃશાસન, પાંડવોનાં અને એનાં વસ્ત્રો તું ઉતારી લે. દુઃશાસન દ્રૌપદીનું વસ્ત્ર બળાત્કારે ખેંચવા ગયો ત્યાં ખેંચાયેલા વસ્ત્રને ઠેકાણે એવું ને એવું બીજું વસ્ત્ર પ્રગટ થતું ગયું. આમ અનેક વાર બન્યું. ભારે ઘોંઘાટ મચી રહ્યો. ભીમે દુઃશાસનનું રુધિર પીવાની પ્રતિજ્ઞા લીધી. ત્યાં હાથ ઊંચા કરીને સભાને ઉદ્દેશીને ધર્મજ્ઞ વિદુરે કહ્યું કે દ્રૌપદીના ધર્મપ્રશ્નોનો ઉત્તર આપો. ફરી કોઈ બોલ્યું નહિ. કર્ણે દુઃશાસનને કહ્યું, દ્રૌપદી દાસીને લઈ જા. દ્રૌપદીએ ફરી પૂછ્યું કે સભા મને જિતાયેલી માને છે કે નહિ. સભા કહેશે એમ હું કરીશ. ભીષ્મ બોલે છે કે તારા પ્રશ્નનું નિશ્ચયપૂર્વક વિવેચન કરવા હું શક્તિમાન નથી. તું આપત્તિમાં પડેલી પણ ધર્મને શોધે છે એ તને શોભે છે. પણ જો, આ દ્રૌણ આદિ ધર્મવિદ્ વૃદ્ધો પ્રાણ ચાલ્યા ગયા હોય એમ સૂનમૂન

શરીરે મોં નીચું ઢાળીને બેઠા છે. આ પ્રશ્ન અંગે યુધિષ્ઠિર કહે તે પ્રમાણ એમ મારું માનવું છે. તું જિતાયેલી છે કે નહિ તે એમણે પોતે કહેવું ઘટે. દુર્યોધન સ્મિત કરીને બોલ્યો : આ પ્રશ્નનો પાંડવો ઉત્તર આપે. યુધિષ્ઠિર (**धर्मे स्थितो धर्मराजो महात्मा**) ઉત્તર આપે. આ સભામાંના સભ્યો તારું દુઃખ જોઈ અને તારા પતિઓનું અલ્પ ભાગ્ય જોઈ બોલી શકતા નથી. સાંભળીને સૌ સભ્યોને આનંદ થયો. તેઓ ડોકું વાળીને યુધિષ્ઠિર તરફ જોવા લાગ્યા. ત્યાં ભીમ બોલ્યો : જો ધર્મરાજ અમારા કુળના સ્વામી ન હોત તો આ અમે સાંખી લેત નહિ. આ મારા બાહુઓ જુઓ, એમાંથી ઇન્દ્ર પણ છટકી શકે એમ નથી. ભીષ્મ, દ્રોણ, વિદુર બોલી ઊઠ્યા : ક્ષમા કર, ક્ષમા કર ! એમ જ છે. બધું તારે અંગે સંભવે છે. ત્યાં કર્ણે દ્રૌપદીને દાસપત્ની અને તેથી દાસી તરીકે ઓળખાવીને કહ્યું : તારા પરાજિત પતિઓ તે હવે છે જ નહિ એમ માનીને બીજો પતિ પસંદ કર, જે તને હોડમાં મૂકી દાસી ન બનાવે. ભીમ કહે છે : હું દાસીપુત્ર કર્ણ ઉપર શો રોષ કરું ? યુધિષ્ઠિરે દ્રૌપદીને હોડમાં ન મૂકી હોત તો આમાંનું કાંઈ ન થાત. ફરી દુર્યોધને મૂંગા યુધિષ્ઠિરને કહ્યું કે તું કૃષ્ણાને જિતાયેલી માને છે કે નહિ તે કહે અને એમ બોલીને જરીક કપડું ખસેડી કર્ણ સામે સ્મિત કરી આખી જાંઘ દ્રૌપદીને બતાવી. ગદાથી એ જાંઘને ભાંગું નહિ તો મારી ભીમની અવગતિ થજો એમ ભીમે પ્રતિજ્ઞા કરી. વિદુરે ત્યાં સભાને કહ્યું કે સ્ત્રી સાથે વિવાદ થાય છે એ ઠીક નથી. ફરી દુર્યોધને કહ્યું કે ભીમ, અર્જુન કે નકુલ-સહદેવ એ યુધિષ્ઠિર માલિક નથી એમ કહે એટલે, હે દ્રૌપદી, તું દાસ્યમાંથી મુક્ત છે. ત્યાં અર્જુને કહ્યું : 'અમને હોડમાં મૂક્યા ત્યારે યુધિષ્ઠિર માલિક હતા. પણ પોતે પરાજિત થયા પછી એ કોના માલિક રહ્યા એનો સૌ કુરુસભાસદો ખ્યાલ કરો.' એ ક્ષણે ધૃતરાષ્ટ્રના મહેલમાં શિયાળનો અવાજ થયો. ગર્દભોએ એનો પ્રતિઘોષ કર્યો. આવનારા ઉત્પાતના આ અપશુકનથી સૌ ધ્રૂજી ઊઠ્યાં. ધૃતરાષ્ટ્ર પોતાનાંના હિતાર્થે વચ્ચે પડ્યો ને દ્રૌપદીને વરદાન આપી એની માગણી અનુસાર સૌ પાંડવોને મુક્ત કર્યાં.

આખો પ્રસંગ કડીબંધ અનુસરતાં જણાશે કે ધીમે ધીમે નાની વાતમાંથી કેમ મોટું થતું જાય છે, અને ખસતું ખસતું આખું કુટુંબ વિનાશની ભેખડને છેડે આવીને કેવું ઊભું રહે છે. આપણા નીતિના ખ્યાલને આથી વધુ આઘાતક શું હોઈ શકે અને તેમ છતાં નીતિના પ્રશ્નનો તડ ને ફડ ઉકેલ લાવવો એ કેવું દુર્ઘટ છે એ આવા પ્રસંગોએ સમજાય છે. દ્રૌપદીએ જે પાયાનો પ્રશ્ન ઉઠાવ્યો છે તે અનુત્તર જ રહ્યો છે. એક માત્ર વિકર્ણે ઉત્તર આપ્યો – અને એટલા પૂરતી સભાની લાજ રહી એમ માનવું હોય તો માનીએ – પણ વિકર્ણના અવાજને તરત ડુબાડી દેવામાં આવે છે. ભીષ્મ સ્ત્રીની સર્વથા અવશતા જુએ છે અને બીજી વાર બોલે છે ત્યારે યુધિષ્ઠિર ઉપર જવાબદારી ઢોળે છે. જોવાનું છે કે યુધિષ્ઠિર અક્ષર સરખો બોલતા નથી. દુર્યોધન ત્રણ વાર જાહેર કરે છે કે દ્રૌપદી પર યુધિષ્ઠિરનું પ્રભુત્વ ન હતું એમ યુધિષ્ઠિર – ત્રીજી વખતે તો એ કહે છે કે ગમે તે પાંડવ – કહે તો દ્રૌપદીને મુક્ત કરવા પોતે તૈયાર છે. પણ અર્જુન પણ કુરુસભા આગળ દ્રૌપદીના પ્રશ્નનું પુનરુચ્ચારણ કરે છે એટલું જ. દુર્યોધનમાં અનીતિ અને અધર્મની મણા નથી, પણ અક્ષરશઃ કાયદા (Letter of the law)ને વળગવાની એની વૃત્તિ સતેજ છે. પાંડવોએ વનવાસ પછી પાંચ ગામ – છેવટે એક ગામ–ની માગણી કરી ત્યારે પાંચ કે એક ગામ તો શું સોયની અણી જેટલી ભૂમિ આપવાની પણ એ ના પાડે છે એમાં પણ એ કાનૂની વૃત્તિ જ કામ કરે છે. કાનૂન (Legality)ને જ એ નીતિ, ધર્મ, સત્ય લેખે છે અને વિનાશને માર્ગે ધપ્યે જાય છે. કાયદો સાચવવો ને અધર્મ આચરવો એ કળામાં દુર્યોધન પાવરધો છે. આ સભાના પ્રસંગમાં પણ એણે બધી જવાબદારી યુધિષ્ઠિર ઉપર અને છેલ્લી વખતે તો પાંચે પાંડવો ઉપર, કુનેહથી સેરવી દીધી છે. આમ દ્રૌપદીને જે ઘોર અપમાન વેઠવું પડે છે તેની જવાબદારી બધી રીતે પાંડવોને શિરે રહે છે. એમની ધર્મ વિષેની સમજણને એ સતત વળગી રહે છે એથી દ્રૌપદી મહાન અધર્મનો ભોગ થઈ એના ક્ષુદ્ર સાક્ષી એમને બનવું પડે છે. દ્રૌપદીનો અનુત્તર પ્રશ્ન ભારતવર્ષ આગળ યુગોયુગથી પડેલો છે. પુરુષ એ સ્ત્રીનો સ્વામી ક્યાં સુધી, એની કોઈ મર્યાદા ખરી ? – એ પ્રશ્ન છે. દ્રૌપદીના એ યુગોયુગથી અનુત્તર રહેલા પ્રશ્નનો ઉત્તર સરખાપણું સ્થાપતા હિંદી પ્રજાસત્તાકના બંધારણથી મળ્યો છે.

દ્રૌપદીનું વસ્ત્ર ખેંચાતું ગયું તેમ એને ઠેકાણે એવું જ નવું આવતું ગયું એ ચમત્કારઘટના ભારતવર્ષની સ્ત્રીઓને સતત પ્રેરણાદાયી નીવડી છે. કવિઓએ એ ઘટનાને લડાવીને ગાઈ છે. મહાભારતમાં જ વિવિધ ઉમેરા થયા છે. એ વિષમ ક્ષણે દ્રૌપદીએ **गोविन्द द्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय** ! કહીને શ્રીકૃષ્ણને વહારે ધાવા

વીનવ્યા અને શ્રીકૃષ્ણે નવસોનવ્વાણું ચીર પૂર્યાં એ કથા ભારતવર્ષની એક અત્યંત માનીતી કથા છે. દ્વારકામાં રુક્મિણી કે સત્યભામા શ્રીકૃષ્ણનાં ચરણ તળાંસતાં હતાં અને શ્રીકૃષ્ણ કાંઈક વ્યગ્ર ચિત્તે જોઈ રહ્યા હોય એવા વિમનસ્ક ભાસતા હતા. એમના મુખ ઉપર દુઃખભર્યું પણ સ્મિત ફરકી રહ્યું હતું. કારણ પૂછવામાં આવતાં એમણે કહ્યું કે જોને, પાંચાલી દાંત વચ્ચે ચીરને પકડી રાખી પોતાનો બચાવ કરવા આશા સેવી રહી છે ! માણસ પોતાનું રક્ષણ પોતે કરી શકે એમ માને એ વિચાર પર એમને જાણે હસવું આવતું ન હોય. પણ જ્યાં 'હે કૃષ્ણ !' એવી ધા નાખીને દ્રૌપદીએ દાંતમાંથી ચીર છોડી દીધું ત્યાં ભક્તવત્સલ પરમાત્માએ પોતાનું કાર્ય સંભાળી લીધું અને દ્રૌપદીને એક પછી એક વસ્ત્ર પૂરતા ગયા. 'સબ બલ હારે કો બલ રામ' સંપૂર્ણ પ્રપત્તિભાવથી જ ભગવાનને મેળવવાનો છે, એ ભાવના આ પ્રસંગથી સચોટપણે સૂચવાય છે. ધર્મકવિને આવું અર્થવાહી પુરાણ રચવાનો અધિકાર છે. પણ ચમત્કારમાં ન રાચતી બુદ્ધિ પણ આ પ્રસંગને સામાન્ય ક્રમમાં ઘટાવી ન શકે એમ નથી. ભીષ્મ, દ્રોણ આદિ મૂંગા છે. પાંડવો બંદીવાન છે. કૌરવો મદે ચઢેલા છે. એ પ્રસંગે એ પ્રતાપી સ્ત્રી જે એક પુરુષ બચાવી શકે એવા છે પણ દૂર છે તે શ્રીકૃષ્ણનું મોટેથી સ્મરણ કરી, પોતાનો કોઈ બચાવ કરવાની – એ અશક્ય વસ્તુની – પરવા કર્યા વગર, સંપૂર્ણ આત્મશ્રદ્ધાથી ઊભી રહી હોય અને એની એ શ્રદ્ધાના બળ આગળ અને શ્રીકૃષ્ણ (રાજસૂય વખતે શિશુપાલનો શિરચ્છેદ કરનાર શ્રીકૃષ્ણ)ના ભય આગળ દુઃશાસનના હાથ ધ્રૂજવા લાગ્યા હોય અને દ્રૌપદીનું વસ્ત્ર એ ખેંચે, ખેંચે ને ખેંચી જ ન શકે, દુઃશાસનને સભાસદો વસ્ત્ર ખેંચવા કરતો જુએ તેમ છતાં દ્રૌપદીને શરીરે વસ્ત્ર પણ જુએ, એ રીતે એ દૃશ્ય ઘટાવવું મુશ્કેલ નથી. અબળા ગણાતી સ્ત્રીઓ માટે જ નહીં પણ જેમને દુષ્ટતાનો સામનો શરીરબળથી કરવાનો નથી તેમની પાસે ક્યારેય પણ આવી આત્મશ્રદ્ધા (જે પરમાત્મશ્રદ્ધાનું જ બીજું નામ છે) સિવાય બીજું કયું બળ પણ છે ?

ધર્મની ગહન ગતિને વ્યાસે માનવોની આવી અગ્નિપરીક્ષાના પ્રસંગો દ્વારા યત્કિંચિત્ સૂચવવા પ્રયત્ન કર્યો છે.

પાંડવો પ્રતિસ્પર્ધીઓને કૂડથી હરાવે છે એ મહાભારતને નીતિ કે ધર્મના ગ્રંથ તરીકે સ્વીકારતી વખતે ઘણાને ખૂંચે છે. આ આરોપમાં તથ્ય નથી એમ પણ નથી. તેમ છતાં દુર્યોધનને ગદાયુદ્ધમાં જાંઘ પર ઘા કરીને મારવામાં આવ્યો એ નિયમ વિરુદ્ધ હતું અને બલરામ એથી નારાજ થઈ ચાલ્યા પણ ગયા, પણ સભામાં દુર્યોધને દ્રૌપદીને એ જાંઘ બતાવેલી એ યાદ કર્યા પછી એની ઉપર પ્રહાર કરવામાં ભીમે કરેલો નિયમભંગ (અથવા અધર્મ) કેટલો ખૂંચે છે એ વિચારવા જેવું છે. કર્ણ પૈડું બહાર કાઢતો હોય છે ને કૃષ્ણ અર્જુનને બાણ છોડવા કહે છે ત્યારે કર્ણ એ અધર્મ સામે વાંધો ઉઠાવે છે ત્યારે કૃષ્ણ એને કહે છે, સભામાં દ્રૌપદીને બીજો વર પસંદ કરવાનું કહેતો હતો ત્યારે 'ધર્મ' તને યાદ આવ્યો હતો ? અલબત્ત, સામો અધર્મી છે એથી આપણને અધર્માચરણનો પરવાનો ન જ મળવો જોઈએ. તેમ છતાં એકંદરે ધર્મવિષયક શી સ્થિતિ છે એ ઉપર લક્ષ રાખવામાં આવે અને છૂટક પ્રસંગ ઉપર વધુ ભાર મૂકવામાં ન આવે તો પાંડવોનો પક્ષ સરવાળે ધર્મનો જણાયા વગર રહેશે નહિ. પાંડવોનાં આચરણ નિર્ભેળ ધર્મનાં જ નિરૂપવાં એવી કવિઋષિની પ્રતિજ્ઞા છે પણ નહિ. જીવનની રચના જ ધર્મ-અધર્મમિશ્રિત છે. માત્ર તેમાં ધર્મ ઉપર નિષ્ઠા કોણ રાખે છે એ જ મહત્ત્વની વસ્તુ છે. **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।**

સભાનો પ્રસંગ અને એવા બીજા પ્રસંગોના નિરૂપણમાં ક્યારેક કોઈક કાળે કોઈ ખરેખર બનેલી ઘટનાઓનો અહેવાલ જાણે સચવાયો ન હોય એવું મહાભારતના વાચકને થાય તો નવાઈ નહિ; પણ બનેલી હકીકતો સમાવી લેવાઈ હોય તોપણ વ્યાસની કૃતિને કાવ્ય તરીકે જ લેવી એ ઉચિત છે. નીતિ-અનીતિભર્યા, ધર્મ-અધર્મભર્યા પ્રસંગો નિરૂપતા આ કાવ્યમાં કવિએ કવિકલાના ન્યાય (poetic justice)ની ઊંડી સૂઝ બતાવીને પણ એના ધર્મકાવ્ય તરીકેના મહત્ત્વને ઉઠાવ આપ્યો છે. અઢાર દિવસમાંથી દસ દિવસ સુધી ભીષ્મ સેનાપતિપદે ટકી રહે છે અને પછી પણ ઉત્તરાયણ સુધી ઘાયલ દશામાં પણ ટકી રહી જીતેલા પાંડવોને રાજધર્મ ઉપદેશે છે – એ રીતે ભીષ્મપિતામહનું ગૌરવ સચવાતું જોવા મળે છે. દ્રુપદના દુશ્મન દ્રોણનો વધ દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્નને હાથે જ થાય છે. એ આચાર્યઘાતી ધૃષ્ટદ્યુમ્નનો વધ પણ દ્રોણપુત્ર અશ્વત્થામાના હાથે જ થાય છે. પાંડવોનો સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન અઢાર દિવસના યુદ્ધને અંતે સેનાને જય સુધી લઈ આવે છે, પણ જયની રાતે અશ્વત્થામાના ઘાતકી

કૃત્યથી આખી સેનાનો નાશ થતાં કૌરવો અને પાંડવો એ બન્નેના યુદ્ધતુલાનાં પલ્લાં સરખાં થઈ રહે છે અને યુધિષ્ઠિરના મુખમાંથી ઉદ્ગાર નીકળી જાય છે : **जयोऽयं अजयाकारो भगवन् प्रतिभाति मे ।** – જય એ અજય જેવો જ ભાસે છે. વ્યાસે સો પુત્ર ખોઈ બેઠેલી ગાંધારીને પાંચે પુત્રને વિજયને અંતે ગુમાવનારી દ્રૌપદીની સામે ગોઠવીને તો હદ કરી છે. તે બન્ને કુંતીનું ધનભાગ્ય માનતી હશે કે આવા મહાયુદ્ધમાં એના બધા જ દીકરા જીવતા રહ્યા છે, પણ કુંતીના પણ બધા જ દીકરા જીવતા રહ્યા નથી, એનો પ્રથમજાયો કર્ણ મૃત્યુ પામ્યો છે અને એનો તો ગાંધારી દ્રૌપદીની પેઠે એ પ્રગટપણે શોક પણ કરી શકે એમ નથી. યુધિષ્ઠિરને અર્ધીક ઘડી નરકવાસ ભોગવવો પડે છે એમાં અને આખા મહાયુદ્ધની જવાબદારી કવિએ ગાંધારીના શાપ દ્વારા ખમતીધર કૃષ્ણ ઉપર નાખી છે એમાં કવિકલાનાં ન્યાયનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો જોવા મળે છે. આખી કથાના વિવિધ પ્રસંગોનું પરસ્પર એવી રીતે સમતોલન યોજાયું છે કે એકેએક પ્રસંગ ધર્મના સ્વરૂપનો ઉત્તમ નિદર્શક થઈ રહે છે.

આખી કથામાં ધર્મતત્ત્વ કોઈ એક પુરુષમાં સૌથી વધુ મૂર્ત થયેલું હોય તો શ્રીકૃષ્ણમાં. શ્રીકૃષ્ણ નારાયણરૂપે, અવતારરૂપે, મહાભારતમાં મૂળથી જ આલેખાયા છે. ઇન્દ્રપ્રસ્થમાં રાજસૂય યજ્ઞ થયો ત્યારે પહેલો અર્ઘ્ય કોને આપવો એવો પ્રશ્ન થયો ત્યારે ભીષ્મે પ્રસ્તાવ મૂક્યો કે પ્રથમ અર્ઘ્ય કૃષ્ણ વાસુદેવને આપવો. પહેલી જ વાર કથામાં કૃષ્ણ ત્યાં દાખલ થાય છે, પણ ભારતવર્ષના ઉત્તમ પુરુષ તરીકે એમનો પ્રથમ પરિચય આપણને થાય છે. અવતારી પુરુષ હોવા છતાં કૃષ્ણ વ્યાસને મન માનવ છે. પાછળથી ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયના ઉત્તમ ગ્રંથ ભાગવતમાં પૂર્ણ પુરુષોત્તમ રૂપે કૃષ્ણનાં દર્શન થાય છે તેનાથી મહાભારતના કૃષ્ણ જુદા છે, અવતાર છતાં મર્યાદાઓવાળા માનવ છે. શસ્ત્રસંન્યાસનું વ્રત છોડી ભીષ્મ સામે ચાબુક લઈને એ ધસે છે એનો ઉલ્લેખ ઉપર કર્યો જ છે. એક-બે ઠેકાણે વ્યાસે કૃષ્ણની ટીકા કરતાં પણ સંકોચ કર્યો નથી. દુર્યોધન પડ્યો તે પછી ભીમ એના મસ્તકને ઠોકરે લેતો હતો ત્યાં કૃષ્ણ ભીમને વારવા યુધિષ્ઠિરને કહે છે ત્યારે દુર્યોધનને કોઈ પોતાની દયા ખાય એ ગમતું નથી. ખાસ કરીને કૃષ્ણને એ પાણીથી પાતળા કરી મૂકે છે અને પોતાના મહદ્ભાગ્યને ગાય છે : શત્રુઓને હું નમ્યો નથી, મિત્રોની પાછળ જાઉં છું. **को नु स्वन्ततरो मया ?** મારાથી વધુ સારો અન્ત જેનો હોય એવો કોણ છે ? એ વખતે, કવિ કહે છે કે, સુગંધી વાયુઓ વાયા, આકાશથી પુષ્પવૃષ્ટિ થઈ અને એ જોઈ કૃષ્ણ વગેરેનાં મોઢાં પડી ગયાં. કૃષ્ણના મૃત્યુ પછી પણ અર્જુન દ્વારકાના સાગરનિમજ્જન પછી સ્ત્રીઓને સિંધુસૌવીરને લાંબે સુરક્ષિત માર્ગે થઈ હસ્તિનાપુર લઈ જતો હતો ને વચ્ચે આભીરો તૂટી પડ્યા અને સ્ત્રીઓને લઈ ગયા ત્યારે કેટલીક સ્ત્રીઓ તો પોતાની રાજીખુશીથી ગઈ – **कामाच्चान्ये च वव्रजु: ।** – એવી નોંધ ઉમેરીને મહાભારતકારે કૃષ્ણની નીતિ પ્રત્યે ટીકાત્મક વૃત્તિ દાખવી છે. વારંવાર મહાભારતની કથામાં કૃષ્ણનું પાત્ર એ સાચેસાચ થઈ ગયેલા કોઈ મહાપુરુષનો ખ્યાલ આપનારું લાગે છે. સૌથી વધુ ધર્મિષ્ઠ હોઈ સૌથી વધુ સહન કરવાવારો પણ કૃષ્ણને આવ્યો છે. કૃષ્ણના પરિવારનો આર્યાવર્તના મુખ્ય પ્રદેશમાંથી જરાસંધ અને કાલયવને મળીને પગ કાઢ્યો હતો. દૂર સૌરાષ્ટ્રના સિંધુતીરે એમને વસાહત નાખવી પડી હતી. ફોઈના પુત્રો-પાંડવો – તેમનો પણ આર્યાવર્તમાં પગ જામી શકતો ન હતો. યાદવવંશનું સામાજિક વર્ચસ્ એવું નજેવું હશે કે કાલયવન જેવો પણ એમને રંજાડી શકે અને શિશુપાલ જેવો રાજા પણ ભીષ્મનો વિરોધ કરી કૃષ્ણને ઉતારી પાડવાની ધૃષ્ટતા કરી શકે. શ્રીકૃષ્ણની પારાવાર શક્તિ જોતાં એમણે અંગત મહત્ત્વાકાંક્ષા કદી સેવી નથી એ ખાસ નોંધપાત્ર બિના છે. ઊલટું એમણે જે અનેક કડવા ઘૂંટડા પીવા પડ્યા તે એમણે પ્રસન્ન ચિત્તે પીધા છે અને યાદવો કે પાંડવોના હિત પર જ નહિ સમગ્ર ભારતવર્ષના રાજસૂત્ર પર નજર રાખી દેશની સ્થિતિ થાળે પાડવા હંમેશાં એ પ્રયત્નશીલ રહ્યા છે. મહાયુદ્ધ ટાળવા માટે એમના જેટલું કોણ મથ્યું છે ? કર્ણને લઈ આવવા ને પાંડવ-જ્યેષ્ઠ તરીકે સ્થાપવા એ મથે છે. યુદ્ધ શરૂ થાય તે પહેલાંની ઘડીએ પણ, ભીષ્મના સેનાધિપતિપણા નીચે કર્ણ લડવાનો ન હતો તો એટલી વાર પાંડવો સાથે લડે એવું એને નિમંત્રણ આપે છે. કાંઈ કરતાં દુર્યોધનની યુયુત્સામાં ઓટ આવે છે ! પણ શ્રીકૃષ્ણનું ચાલતું નથી. અંતે પોતે શસ્ત્રસંન્યાસવ્રતથી સંતોષ માન્યો છે. યાદવોનો સર્વનાશ પણ એ પોતાની દૃષ્ટિ સમક્ષ નિહાળે છે. એ મહાપુરુષની ખુશનસીબી હોય તો તે એમને અર્જુન જેવો ભક્ત સખા મળ્યો તે. ઇતિહાસનું વહેણ પણ એવું ચાલ્યું કે હસ્તિાપુરની ગાદીએ વસુદેવની પુત્રી – કૃષ્ણની બહેન

– સુભદ્રાના પુત્ર અભિમન્યુનો પુત્ર પરીક્ષિત આવ્યો અને ઇન્દ્રપ્રસ્થમાં શ્રીકૃષ્ણનો ભત્રીજો વજ્ર ગાદીએ આવ્યો. પણ આને શ્રીકૃષ્ણના કોઈ અંગત અથવા ગણતરીપૂર્વક મેળવેલા લાભ તરીકે ન જ લેખી શકાય.

શ્રીકૃષ્ણનું એમના યુગના સમાજમાં એક મહાપુરુષ તરીકે ભારે માન હતું તે મહાભારતમાં પદે પદે પ્રતીત થાય છે. ભીષ્મ તો શ્રીકૃષ્ણ શસ્ત્રસંન્યાસનું વ્રત તજીને એમની સામે ધસ્યા ત્યારે ધન્ય થઈ જાય છે અને શસ્ત્રો મૂકી દઈ એમને હાથે મરવાનો લહાવો લેવા 'આવો, આવો !' એમ એમને નિમંત્રે છે. કાવ્યમાં મૂળથી જ એમને નારાયણ તરીકે – અવતાર તરીકે સ્વીકારેલા હોઈ યોગ્ય રીતે જ મહાભારતમાં **आदौ चान्ते च मध्ये च हरि: सर्वत्र गीयते ।**

અને સ્વયં વ્યાસની વાત જ શી કરવી ? કૌરવો અને પાંડવોના પિતા ધૃતરાષ્ટ્ર અને પાંડુના જન્મમાં પોતાને નિમિત્ત બનવું પડેલું છે. એક અંધ, બીજો રોગી. એમની સંતતિ પોતાની નજર આગળ ક્લેશના દાવાનળમાં હોમાય છે. એ ટાળવા અને ટાળી ન જ શકાયો ત્યારે અવારનવાર સાન્ત્વનદાયી થવા કથામાં એ ડોકિયું કરતા દેખાય છે. એ દાવાનળના મૂળમાં પોતે સ્થૂળ નિમિત્ત બન્યા હોઈ સિંધુ જેમ વડવાનલ પીએ તેમ એમણે એ ક્લેશદાવાનળ પીધો છે. કૌરવ કે પાંડવ બન્ને આંખ એમને સરખી છે. જ્યાં જ્યાં ઉદાત્તતા જુએ છે ત્યાંથી સહાનુભૂતિપૂર્વક એ એને ઊંચકી લે છે. કથાની રેખાએ રેખા સાથે વ્યાસનું, લોહી-સંબંધને લીધે, તાદાત્મ્ય છે અને છતાં કેવા તાટસ્થ્યથી આખાય જીવનપટને એ અવલોકે છે ! જે ક્લેશમય સૃષ્ટિનું સર્જન પોતે સ્થૂળ નિમિત્ત બનીને કર્યું તેનો ડંખ વ્યાસે એ સૃષ્ટિને મનુષ્યના ત્રૈકાલિક જીવનમાં સ્ફુરતી પરમાત્મલીલાનું ગાન કરવામાં યોજીને, એક અપ્રતિમ ધર્મકાવ્યનું સર્જન કરીને, જાણે કે દૂર કર્યો ન હોય !

મહાભારત એની વિવિધ અર્થદ્યોતક પ્રસંગગૂંથણી દ્વારા ભારતવાસીઓને એક ધર્મકાવ્ય તરીકે યુગે યુગે પ્રેરણા આપતું રહ્યું છે. એમાં એના કાવ્યમય પ્રસંગોમાંથી કવિઋષિએ જે ધર્મવ્યંજકતા ખોલી આપી છે એનો ફાળો મોટો છે એનું ઉપરની આલોચનામાંથી કાંઈક સૂચન થયું હશે. મહાભારતમાં પ્રબળ માનવી- ભાવોનાં વાવાઝોડાં ફૂંકાય છે પણ સાથે સાથે એમાં શામકતા પણ છે, વાવાઝોડાંના કેન્દ્રમાંના શાન્તબિંદુનો પણ સતત પરિચય કરાવવામાં આવેલો છે. કાવ્યમાત્રમાં આ ગુણ હોય છે. ગમે તે રસમાં ભાવ પરિણમતો હોય, તે રસ અંતે **शान्तप्राय: आस्वाद:** શાન્તરસના જેવો આસ્વાદ કરાવનારો નીવડે છે એમ રસવિદ્ અભિનવગુપ્તપાદ કહે છે એ યોગ્ય જ છે. પણ મહાભારતના બ્રાહ્મી ગાયક એ શાંતનો સઘન અનુભવ કરાવે છે, બોધપ્રધાન ઉદ્ગારો દ્વારા નહિ પણ ઉત્કટ માનવરાગાવેગોના સંકુલ પરસ્પર અફળાતા–ઊછળતા તરંગોમાં શાતાની લહરીનાં સતત દર્શન કરાવતા રહીને. યોગ્ય રીતે જ આનંદવર્ધને મહાભારતનો રસ શાન્તરસ કહ્યો છે. હોમરના કાવ્યમાંના માનવભાવોની પ્રચંડોર્મિઓમાં – એમાંની ભરપૂર પાશવતામાં પણ – સૌન્દર્ય છે, પણ આવી શામકતા છે એમ ભાગ્યે જ કહી શકાય. પછીના નાટ્યકારોએ, ઇસ્કિલસે અને સોફોક્લિસે, હોમરે આલેખેલા પ્રસંગોમાંની માનવતાલહરી કે ધર્મલહરી કાંઈક પ્રગટ કરી આપી છે. પ્રાણોદ્રેકથી ઊભરાતી શેક્સપિયરની નાટ્યસૃષ્ટિ માનવજીવનના અનેક પ્રશ્નોને પ્રતિભાથી આલોકિત કરે છે તેમ છતાં એમાં કાંઈક એવું છે જેથી ફ્રેન્ચ રસિકોને એ બર્બર કૃતિ લાગે છે. એમાં જે ઠેકઠેકાણે પાશવતાનો ઉછાળો છે, એમાં જે અસ્વસ્થતાનો તાર સતત ગુંજ્યા કરે છે એ એના સૌન્દર્યની અમોઘ મોહકતા છતાં થોડીક બેચેની ક્યારેક પાછળ અસર રૂપે મૂકી ગયા વગર રહેતી નથી. અલબત્ત, આખી સર્જનપ્રવૃત્તિ ઉપર નજર માંડીએ તો શેક્સપિયરની મહાભારત મનોયાત્રામાં 'ટેમ્પેસ્ટ' નાટક એ એક જાતનું શાંતિપર્વ જરૂર છે. સમાધાન, મેળ, સંવાદિતા આગળ એ કવિજાદુગરે પોતાની કલમ હેઠી મૂકી દીધી છે. પણ ઓછામાં ઓછાં પાત્રોની મદદથી માનવપ્રાણીની પશુત્વથી માંડીને દેવત્વ સુધીની ભૂમિકાઓને આવરી લઈ એના પ્રબળ રાગાવેગોના ઝંઝાવાતો કાવ્યવીણામાંથી જગાવવા અને તે સાથે સાથે સતત ધર્મના ધ્રુવ સમ ઉપર સંવાદિતાપૂર્વક સંગીતને લાવ્યા કરવું એમાં, કાવ્યકલાનો કર્તવ્યવિસ્તાર સાધીને, બ્રાહ્મી કાવ્યકાર વ્યાસને જે સફળતા મળી છે તે અપૂર્વ છે, અને એથી જ એમની કૃતિ મહાભારત એ માનવીજીવનરૂપે પરમાત્મલીલાને પ્રગટ કરતું જગતનું અનુપમ ધર્મકાવ્ય છે. મહાભારતનો મંત્ર છે **यतो धर्मस्ततो जय:**, બલ્કે યુદ્ધારંભે ભારતાચાર્ય દ્રોણ યુધિષ્ઠિરને કહે છે તેમ **यतो धर्म: तत: कृष्ण: यत: कृष्ण: ततो जय: ।**

**૧૪-૧૦-૧૯૫૦**

**(શ્રી અને સૌરભ)**

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**'પ્રત્યક્ષ' સૂચિ :** સમીક્ષા – સામયિક 'પ્રત્યક્ષ'ની સંપૂર્ણ વર્ગીકૃત સૂચિ. સંપાદક : પ્રવીણ કુકડિયા. વડોદરા : પ્રત્યક્ષ પ્રકાશન; વિક્રેતા : અમદાવાદ : ગ્રંથવિહાર, ૨૦૧૮. xiii, ૯૦ પૃ. કિંમત રૂ. ૬૦/-

ગ્રંથ સમીક્ષાને વરેલું એક માત્ર ગુજરાતી સામયિક 'ગ્રંથ' (૧૯૬૪-૧૯૮૬) બંધ થયાના પાંચેક વર્ષ બાદ આ ક્ષેત્રે કંઈક કરી છૂટવાના ધ્યેય સાથે ઉત્સાહી, યુવા અને દષ્ટપૂત સર્જકો – વિવેચકો રમણ સોની, નીતિન મહેતા અને જયદેવ શુક્લ દ્વારા ગુજરાતીમાં પ્રગટ થતાં સામયિકોમાં ધ્યેયનિષ્ઠ અને સુનિયોજિત ગ્રંથસમીક્ષા પ્રવૃત્તિના અભાવની તેમ જ 'ગ્રંથ'ની પૂર્તિ કરવાના હેતુસર 'પ્રત્યક્ષ' ત્રૈમાસિક જાન્યુઆરી – માર્ચ, ૧૯૯૧થી શરૂ કરવામાં આવે છે. અને તે પણ 'સમીક્ષા એક છેડે એ પુસ્તકનાં ઘટકોનો ને એના સ્વરૂપ-સંયોજનનો પરિચય કરાવી આપનાર ને એમ વાચકને એમાં પ્રવેશ કરાવી આપનાર બને તથા બીજે છેડે સાહિત્યકૃતિ તરીકે પુસ્તકની કઠોર તપાસ કરનાર બને-તો બંને વાનાં સિદ્ધ થાય, પુસ્તક પરિચયનું અને પુસ્તક પરીક્ષણનું'ના ધ્યેય સાથે સહિયારું સાહસ ખેડવામાં આવ્યું. જોકે આ સંયુક્ત સાહસ ઝાઝું ન ચાલ્યું. બે વર્ષ બાદ ત્રીજા વર્ષના પ્રથમ અંક જાન્યુ-માર્ચ, ૧૯૯૩ બાદથી નીતિન મહેતા અને જયદેવ શુક્લ આ જવાબદારીમાંથી મુક્ત થતાં રમણ સોનીએ એકલવીર બની રહી નર્મદના મંત્ર 'ડગલું ભર્યું તે ના હઠવું' ને નજર સમક્ષ રાખી, 'સ્થિર રહેવું છે પણ સ્થગિત નથી થવું'ના સંકલ્પ સાથે આ સામયિક અસ્ખલિત રીતે ૧૦૧ અંક સુધી અર્થાત્ નવેમ્બર, ૨૦૧૭ સુધી કુલ ૨૬ વર્ષ 'પૂરો જીવ રેડીને ઉત્તમ રીતે ચલાવ્યું' અને બંધ કર્યું. પરંતુ આ બધા અંકોનો જિજ્ઞાસુઓ વિનામૂલ્યે યથેચ્છ ઉપયોગ કરી શકે તે હેતુસર તેના સંપાદક રમણ સોનીએ http:/www.ekatrafoundation.org/magazine/pratyaksha વેબસાઈટ ઉપર સુલભ કરી આપવાનું નક્કી કરતાં હાલમાં તેના અંક નં. ૭૭થી ૧૦૧ સુધીના અંકો મૂક્યા છે, બાકીના હવે પછી.

આ સામયિક સામાન્યતઃ ગ્રંથસમીક્ષાને વરેલું રહ્યું હોવા છતાં સંપાદક દ્વારા સમયાન્તરે શરૂ કરવામાં આવેલા કેટલાક ખાસ વિભાગો તથા પ્રગટ કરવામાં આવેલા ખાસ વિશેષાંકો આ સામયિકની આગવી ઓળખ અને મૂલ્ય પ્રસ્થાપિત કરવાની સાથે સાથે સંપાદકની દૂરંદેશિતાપૂર્ણ દૃષ્ટિનાં પરિચાયક બની રહે છે. આ અન્વયે ખાસ વિભાગો અંતર્ગત આપણને ૧. 'વરેણ્ય' અંતર્ગત પ્રખર વિવેચક ચન્દ્રકાન્ત ટોપીવાળા દ્વારા તેમની પસંદગીના વિવિધ વિષયક જૂનાં-નવાં ૪૬ પુસ્તકો વિશે સમીક્ષા લખો, ૨. 'ગ્રંથગોષ્ઠી' અંતર્ગત પ્રબુદ્ધ ગ્રંથપ્રેમી, ગ્રંથાલયી અને ગ્રંથવિક્રેતા જયંત મેઘાણી દ્વારા વાંચવામાં આવેલાં ૧૦ ધ્યાનાકર્ષક પુસ્તકોનો સંદર્ભમૂલક પ્રતિભાવ, ૩. 'સ્વાધ્યાયવિશેષ' અંતર્ગત ૭ પ્રશિષ્ટ પુસ્તકોનું એક સાથે બે સમીક્ષકો દ્વારા ફેરમૂલ્યાંકન, ૪. 'વાચનવિશેષ / સંદર્ભવિશેષ' અંતર્ગત અન્યભાષી ૪૮ પુસ્તકો વગેરેની આસ્વાદમૂલક સમીક્ષા, ૫. 'સંસ્થાવિશેષ' અંતર્ગત ડંકેશ ઓઝા દ્વારા ગુજરાત અને ભારતની મહત્ત્વપૂર્ણ ૧૩ વિદ્વત્ત સંસ્થાઓનો તરોતાજા પરિચય, ૬. 'રૂપાન્તર શ્રેણી' અંતર્ગત ૧૭ ભારતીય અને ૧ વિદેશી ભાષાઓની સાહિત્યિક કૃતિઓ પરથી ફિલ્મકૃતિ – તુલના અને ચર્ચા સુપ્રસિદ્ધ ફિલ્મ વિવેચક – જ્ઞાતા અમૃત ગંગર દ્વારા, ૭. 'મુલાકાત' અંતર્ગત લેખક / સંપાદક, નાટ્યકર્મી, પ્રકાશક સાથે વિવિધ વ્યક્તિઓ દ્વારા લેવામાં આવેલી ૧૦ મુલાકાતો અને ૮. 'સામયિક લેખસૂચિ' અંતર્ગત વિવિધ ગુજરાતી સામયિકોમાં ૧૯૯૬થી ૨૦૧૫ સુધી પ્રગટ થયેલા લેખોની કિશોર વ્યાસ અને અન્યો દ્વારા સૂચિઓ સુલભ થાય છે. જ્યારે ખાસ વિશેષાંકો અંતર્ગત ૧. 'સામયિક સંપાદક વિશેષાંક - ૧૯૯૫' દ્વારા ૪૯ ગુજરાતી સામયિકોના સંપાદકો / તંત્રીઓના પ્રતિભાવો / કેફિયતો રૂપે ગુજરાતી સામયિક પ્રવૃત્તિનું રોમાંચકારી, ઝીણવટભર્યું અને અધિકૃત ચિત્ર તેમ જ ૪ સામયિકોના દિવંગત તંત્રીઓ વિશેના અભ્યાસમૂલક લેખો, ૨. 'ગ્રંથસમીક્ષા વિશેષાંક – ૧૯૯૮' દ્વારા ગ્રંથસમીક્ષાના સ્વરૂપ, ગુજરાતી ગ્રંથ સમીક્ષા પ્રવૃત્તિ, સમીક્ષાના પ્રશ્નો, ત્રણ નોંધપાત્ર ગ્રંથોની સમીક્ષા વગેરે. ૪. 'સૂચિ વિશેષાંક - ૨૦૦૭' દ્વારા સૂચિનું મહત્ત્વ, અગ્રણી ગુજરાતી સૂચિપુરુષ પ્રકાશ વેગડનું ચરિત્ર અને પ્રદાન, કેટલાક મહત્ત્વપૂર્ણ સૂચિગ્રંથોની સમીક્ષા વગેરે, ૫.

'અનુવાદ વિશેષાંગ-૨૦૧૩' દ્વારા અનુવાદવિમર્શ, અનુવાદકોની કેફિયત, કેટલાક અનુવાદિત ગ્રંથોની સમીક્ષા વગેરે, ૬. 'પાઠ્યપુસ્તક વિશેષાંગ - ૨૦૧૪' દ્વારા ૧૯ અને ૨૦મી સદીનાં કેટલાંક પાઠ્યપુસ્તકોની સમીક્ષા અને આ સંબંધી આનુસંગિક ચર્ચા-વિમર્શ અને ૭. 'અવલોકન વિશ્વ'માં છેલ્લા દાયકામાં વિવિધ સાહિત્ય સ્વરૂપો અને વિષયોમાં રચાયેલ કૃતિઓ પૈકી ૧૬ ભારતીય ભાષાઓની ૩૭ કૃતિઓ અને ૧૩ વિદેશી ભાષાઓની ૪૮ કૃતિઓના આસ્વાદ – મૂલ્યાંકનદર્શી સમીક્ષાલેખો સુલભ કરાવી આપવા ઉપરાંત નોંધપાત્ર બાબત એ કે વિશુદ્ધભાવે સમકાલીન કૃતિઓની સમીક્ષા કરાવવાનું સાહસ, સમીક્ષાર્થે પ્રાપ્ત પુસ્તકોની સ્વરૂપ અનુસાર મિતાક્ષરી નોંધ, વિશદ્ સમીક્ષાઓની સાથે સાથે ટૂંકાં અવલોકનો વગેરેની દૃષ્ટિએ પણ આ સામયિકનું અદકેરું મૂલ્ય બની રહે છે. આમ, ગુજરાતી સામયિકો અને સવિશેષતઃ સમીક્ષા પ્રવૃત્તિને વરેલાં સામયિકોના ઇતિહાસમાં 'પ્રત્યક્ષ'નું અને તેના દૃષ્ટિપૂત સંપાદક – વિવેચક રમણ સોનીનું સીમાચિહ્ન રૂપ પ્રદાન યશોદાયી હોઈ સદૈવ સ્મરણીય બની રહેશે.

સમીક્ષિત સૂચિના સંપાદક પ્રવીણ કુકડિયાએ આ સૂચિના ઉપયોગની સરળતાને ધ્યાને લઈને ગુજરાતી ભાષા-સાહિત્યનાં મુખ્ય સ્વરૂપો જેમ કે ૧. કવિતા, ૨. વાર્તા, ૩. નવલકથા, ૪. નાટક, ૫. નિબંધ, ૬. પ્રવાસ, ૭. ચરિત્ર, ૮. વિવેચન – સંશોધન – લોકસાહિત્ય, ૯. ભાષાવિજ્ઞાન અને ૧૦. કોશનાં મથાળાં હેઠળ વર્ગીકૃત કરી છે, તેમ જ જે તે સ્વરૂપની સમીક્ષિત કૃતિની સમીક્ષાના શીર્ષકને ધ્યાને ન લેતાં કૃતિના મૂળ શીર્ષકના અકારાદિક્રમમાં સંલેખો / સમીક્ષાઓની ગોઠવણી કરવામાં આવી છે, તેમ જ કૃતિના શીર્ષકની સાથે કૌંસમાં તેના કર્તાનું નામ નોંધ્યા બાદ ડેશનું ચિહ્ન (–) મૂકીને સમીક્ષકનું નામ, 'પ્રત્યક્ષ'નું પ્રકાશન વર્ષ અને કૌંસમાં અંક નંબર દર્શાવવામાં આવ્યો છે. સાહિત્ય સિવાયના વિષયો જેમ કે ઇતિહાસ, વિજ્ઞાન, કળા, મનોવિજ્ઞાન, પર્યાવરણ, સંગ્રહો વગેરે સંબંધી પુસ્તકોની સમીક્ષાઓ ૧૨ 'અન્ય – વ્યાપક'ના મથાળા હેઠળ કૃતિઓનાં શીર્ષકોના સળંગ વર્ણાનુક્રમમાં નોંધવામાં આવી છે. આ વિભાગના સંલેખોમાં કૌંસમાં તેના લેખક / સંપાદક / અનુવાદક નામ સાથે ક્વચિત્ સંબંધિત વિષયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ મથાળાં / વિભાગો ઉપરાંત 'સૂચિ', 'પરિચય-પુસ્તિકા', 'પ્રત્યક્ષીય' (સંપાદકીય લેખો), 'પત્રચર્ચા', 'પ્રતિભાવો', 'સામયિક લેખસૂચિ', 'પ્રત્યક્ષ'ના વિશેષાંકો તેમ જ પ્રત્યક્ષના ખાસ વિભાગો : ૧૪, 'વિવિધ વિભાગો' : 'વરેણ્ય', 'ગ્રંથગોષ્ઠિ', 'સ્વાધ્યાયવિશેષ', 'વાચનવિશેષ', 'સંસ્થાવિશેષ', 'રૂપાન્તર-શ્રેણ', અને 'મુલાકાત' (ઇન્ટરવ્યૂઝ)નાં મથાળાં હેઠળ વર્ગીકૃત કરીને આવશ્યકતાનુસાર સમીક્ષિત કૃતિનું શીર્ષક, લેખનું શીર્ષક, સંસ્થાનું નામ, મુલાકાત આપનારનું નામ વગેરેના અકારાદિક્રમમાં સંલેખોની ગોઠવણી કરવામાં આવી છે અને છેલ્લે 'સમીક્ષક સૂચિ' આપવામાં આવી છે. આમ, સમગ્રતયા આ સૂચિને ૨૬ મથાળાં / વિભાગોમાં (વિભાગ ૧૩નાં ૭ પેટા મથાળાં સહિત) વર્ગીકૃત કરીને ઉપભોક્તાકેન્દ્રી બનાવવામાં સંપાદકનું વિશેષ ધ્યાન રહ્યું છે અને તેના પરિણામે સૂચિના રચના-વિધાનમાં સંપાદકીય સૂઝબૂઝ અને કાળજી સ્પષ્ટ દેખાઈ આવે છે. આમ છતાં આ સૂચિની કેટલીક મર્યાદાઓ દેખાઈ આવે છે, જેમ કે આ સૂચિમાં કોઈ એક સર્જકની કઈ કઈ કૃતિઓની સમીક્ષા (ઉદા. તરીકે રઘુવીર ચૌધરી, ધીરેન્દ્ર મહેતા, બિન્દુ ભટ્ટ વગેરેની) તથા અન્ય કોઈ એક ભારતીય તથા વિદેશી ભાષા / વિષયની કૃતિઓની સમીક્ષાની માહિતીની શોધ માટે કોઈ જ સીધા અંગુલિનિર્દેશનો અભાવ છે. વધુમાં, અહીં જે તે સમીક્ષા / લેખ / સૂચિ કયા પૃષ્ઠ નંબરથી કયા પૃષ્ઠ નંબર ઉપર મુદ્રિત છે તેનો તેમ જ લેખ / સૂચિના સહકર્તાનો ઉલ્લેખ (ઉદા. તરીકે ગુજરાતી સામયિક લેખસૂચિ : ૧૯૭૫-૧૯૭૭. સંપા. કનુભાઈ શાહ અને અન્ય) ટાળવામાં આવ્યો છે. અહીં સંલેખ સાથે કે છેલ્લા વિભાગ ૨૦. 'સમીક્ષક સૂચિ'માં પણ ઉપર ઉદાહરણ તરીકે નોંધેલ સૂચિના સહસંપાદક કિરીટ ભાવસારનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત આ સામયિક મુખ્યતઃ ગ્રંથસમીક્ષા વિષયક હોવાથી અહીં સમીક્ષિત કરવામાં આવેલા ગ્રંથના શીર્ષક અને લેખકની સાથે તેની અન્ય વાઙ્મયસૂચિગત માહિતી – પ્રકાશન, પ્રકાશન સ્થળ અને પ્રકાશન વર્ષ – દર્શાવવામાં આવી હોત તો આ સૂચિનું મૂલ્ય દ્વિગુણિત ('પ્રત્યક્ષ'ની સૂચિ તથા ગુજરાતીનાં કેટલાક મહત્ત્વપૂર્ણ પુસ્તકોની વાઙ્મયસૂચિ) બની રહેત.

આ સૂચિની કેટલીક મર્યાદાઓ સાથે પણ ખાસ નોંધપાત્ર, ઉલ્લેખનીય અને સવિશેષતઃ ગ્રંથાલય વ્યવસાયિકો માટે પ્રેરક બાબત એ છે કે સૂચિકાર્યથી તદ્દન બિનઅનુભવી છતાં રમણભાઈ સોની અને જયંતભાઈ મેઘાણીનું માર્ગદર્શન મેળવીને તેમ જ પૂર્વસૂચિઓનો ખંતથી અભ્યાસ કરીને વ્યવસાયે શિક્ષક અને સાહિત્યરસિક જીવ પ્રવીણ કુકડિયાએ 'પ્રત્યક્ષ'ના એક નિયમિત વાચક તરીકે તેની મહત્તા અને ઉપયોગિતા પિછાણીને આત્મસ્ફુરણાથી આ કાર્ય સંપન્ન કર્યું છે. તેમણે આ સૂચિના માધ્યમથી 'પ્રત્યક્ષ' દ્વારા હાથ ધરાયેલ છેલ્લા ૨૬ વર્ષ (૧૯૯૧-૨૦૧૭)ની ગ્રંથસમીક્ષા પ્રવૃત્તિનો એક સુરેખ આલેખ – 'પ્રત્યક્ષ'નો ભોમિયો તૈયાર કરી આપ્યો છે કે જેના માધ્યમથી સંશોધકો / જિજ્ઞાસુઓ ઇચ્છિત માહિતી

સરળતાથી શોધી શકાશે. આવા દૂરંદેશીપૂર્ણ ઉમદા કાર્ય માટે સંપાદક પ્રવીણ કુકડિયા વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

**ચાણક્ય નીતિ** / પ્રવક્તા : મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ; સંકલન : મધુસૂદન કૃ. સોની. સાગોડિયા (પાટણ) : સર્વ મંગલમ્ આશ્રમ, ૨૦૧૬. XXXII, ૪૧૬ પૃ. કિં. રૂ. ૧૭૫

તક્ષશિલા વિદ્યાપીઠના આચાર્ય વિષ્ણુગુપ્ત – મહામાત્ય ચાણક્ય / કૌટિલ્ય (ઈસા પૂર્વ ૩૫૦-૨૮૩) વિચક્ષણ રાજનીતિજ્ઞ અને 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર'ના કર્તા તરીકે સમગ્ર ભારતવર્ષમાં સુખ્યાત છે, કે જેમણે મગધના મહાપદ્મ નંદના રાજવંશનું ઉન્મૂલન કરીને ચંદ્રગુપ્ત મૌર્યને સત્તાનાં સૂત્રો સોંપીને અખંડ ભારતનું નિર્માણ કરવામાં અહમ્ ભૂમિકા નિભાવી હતી. ઉપર્યુક્ત ગ્રંથ ઉપરાંત તેમણે રાજરીતિનીતિથી પર રહીને લોકકલ્યાણની ભાવનાથી પ્રેરાઈને ભારતીય ચિંતન પરંપરાના ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વિચારધારાનું દોહન કરીને માનવજીવનને ઊર્ધ્વગતિએ લઈ જવામાં અને સરવાળે વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને સાકાર કરીને વિશ્વશાંતિ પ્રસ્થાપિત કરવામાં ઉદ્દીપનની ભૂમિકા નિભાવતો આચરણશીલ ગ્રંથ 'ચાણક્ય નીતિ' પણ આપ્યો છે, કે જેના થકી તેઓ 'મહાત્મા ચાણક્ય' તરીકે પણ સન્માનિત થયા. જોકે અત્રે નોંધવું રહ્યું કે આ ગ્રંથના કર્તૃત્વ સંબંધી અર્થાત્ તેના કર્તા / સંકલનકર્તા ચાણક્ય જ છે કે કેમ તે સંબંધી પ્રશ્નો ઊભા જ છે.

કર્તાએ ગ્રંથારંભે ભગવાન વિષ્ણુને વંદન કરીને વિનમ્રભાવે જણાવ્યું છે કે આ બધા શ્લોકો 'નાનાશાસ્ત્રોદ્ધૃતં..., અર્થાત્ વિવિધ શાસ્ત્રોમાંથી પસંદ કરીને અહીં રજૂ કરું છું. અહીં ૧૭ અધ્યાયોમાં ૩૩૧ જેટલા શ્લોકો / નીતિસૂત્રો સંકલિત કરવામાં આવ્યાં છે, જેમાં માનવજીવન વ્યવહાર સંબંધી સઘળાં પાસાંઓ જેમ કે ગુરુ-શિષ્ય, વિદ્યા, માતા-પિતા, પતિ-પત્ની, સ્ત્રી, કુળ, સ્થળ-કાળ, મિત્ર, સજ્જન-દુર્જન, શિક્ષણ, ઉદ્યોગ, ધર્મ, અર્થ, કામ, મોક્ષ, દાન, શીલ, સત્ય, રાજા-પ્રજા, પશુ-પક્ષીઓના ગુણો, આહાર-વિહાર, આરોગ્ય, વાણી-વર્તન, મૌન, સુખ-દુઃખ, સંસાર, સમ્યકજ્ઞાન-વિવેક, સમાધિ વગેરેને આવરી લઈને કેવું આચરણ કરવું જોઈએ અને ન કરવું જોઈએ તેનું પ્રબોધન સરળ ભાષા અને સુપથ્યકારક શૈલીમાં કરવામાં આવ્યું છે. આ બધાં નીતિસૂત્રો હોવાની સાથે-સાથે તેટલાં જ આધ્યાત્મિક પણ છે. આ ગ્રંથમાં નિરૂપિત મૂલ્યોની મહત્તાને ઉજાગર કરતાં મુનિશ્રી ભાનુવિજયજી મહારાજે નોંધેલ શબ્દો : 'દુનિયાનું ડહાપણ આ 'ચાણક્ય નીતિ' નામના ગ્રંથમાં પડેલું છે. આ ગ્રંથ યુવાન, વૃદ્ધ, ગૃહસ્થ સંન્યાસી, વ્યાપારી, નોકરિયાત, ઉદ્યોગપતિ, રાજકારણી કે રાજવી એ તમામ માટે ઉપયોગી છે. ચાણક્યનાં સૂત્રો લોકસભા અને વિધાનસભાના દ્વારા ઉપર મૂકી, તમામ સભ્યોને એ વાંચીને તેનો અમલ કરવા ફરજ પડાય તો સાચા અર્થમાં ભારતનું કલ્યાણ થાય' ધ્યાનાર્હ બની રહે છે.

સમીક્ષિત ગ્રંથ એ મુનિશ્રી ભાનુવિજયજી મહારાજે પાટણમાં સર્વ મંગલમ્ આશ્રમના ઉપક્રમે આપેલાં ચાતુર્માસ પ્રવચનોનું ગ્રંથસ્વરૂપ છે, કે જેનું સંકલન મહારાજશ્રીના ગણપતિ એવા મધુસૂદન કૃ. સોની દ્વારા કરવામાં આવ્યું છે. અહીં 'ચાણક્યનીતિ'ના બધા જ શ્લોકો / સૂત્રોના સ્થાને પસંદગીના ૭૮ શ્લોકો / સૂત્રોનો દેવનાગરી લિપિમાં મૂળપાઠ, ગુજરાતી અનુવાદ અને તેનું સવિસ્તર ચિંતનાત્મક વિવરણ – ભાષ્ય સુનિયોજિત ૧૨૧ પ્રકરણોમાં આપવામાં આવ્યું છે. આ ઉપરાંત આ બધા પસંદગીના શ્લોકોના ભાષ્યની સાથે-સાથે 'ચાણક્યનીતિ'ના અન્ય શ્લોકો / સૂત્રોનું હાર્દ પણ પ્રસંગોપાત્તની ચર્ચામાં વણી લેવામાં આવ્યું છે. પ્રસ્તુત ભાષ્ય અને 'ચાણક્યનીતિ' વિશે ગુજરાતી તથા હિન્દીમાં લખાયેલા કેટલાક ગ્રંથોનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં નિરીક્ષણ કરતાં સ્પષ્ટ જણાયું છે કે આ બધા ગ્રંથો પ્રાયઃ મૂળપાઠ, અનુવાદ અને ક્વચિત ખૂબ જ સંક્ષેપમાં તેની સમજૂતી આપતા જોવા મળ્યા છે. આ દૃષ્ટિએ તપાસતાં મહારાજશ્રી કૃત ભાષ્ય પ્રત્યેક સૂત્રના વાચ્યાર્થ અને વ્યંગ્યાર્થ – ગર્ભિત અર્થ–ને સવિસ્તાર ઉજાગર કરી આપતું હોવાથી અને ક્વચિત ચાણક્યને અભિપ્રેત અર્થનો વિસ્તાર કરતું – ઉદા. તરીકે કુટુંબની વ્યાખ્યા કરતાં નોંધ્યું છે કે, 'કુટુંબ માણસનું છે તેમ નહિ પણ 'વસુધૈવ કુટુમ્બકમ' એટલે કે સમગ્ર વિશ્વ એ માણસનું કુટુંબ છે. અર્થાત્ માણસજાત પશુ, પક્ષી, જીવ-જંતુઓ, નદી-નાળાં, પહાડો, કોતરો, વનસ્પતિ, ધરતી અને આકાશની સાથે જીવે છે. માટે કોઈ પણ જીવને પીડા ન થાય તે રીતે માણસ જીવે તેને 'ચાણક્યનીતિ' કહે છે' – જોવા મળે છે. મહારાજશ્રી મૂલતઃ જૈન ધર્માવલમ્બી અને જૈન શાસ્ત્રોના પ્રખર અભ્યાસુ હોવાથી કુટુંબની આ વ્યાખ્યાના વિસ્તારમાં જૈનદર્શનનો પ્રભાવ જોવા મળે છે. આ ઉપરાંત મૂળગ્રંથ ૧૭ અધ્યાયોમાં વિભાજિત કરવામાં આવ્યો છે, પરંતુ વિભાજન કોઈ ચોક્કસ વિષય / થીમ આધારિત ન હોવાથી અધ્યાયોનું નામાભિધાન પણ કરવામાં આવ્યું નથી, જેથી કઈ બાબત કયા અધ્યાયમાં નિરૂપિત છે તે જાણી શકાતું નથી. જ્યારે પ્રસ્તુત ભાષ્યમાં મહારાજશ્રીએ પ્રવચન માટે પસંદ કરેલા શ્લોકો/સૂત્રોનું ૧૦૦ જેટલા વિષયો હેઠળ વર્ગીકૃત કરીને પ્રત્યેકનું

નામાભિધાન કર્યું છે – ઉદા. તરીકે ક્રિયાત્મક જ્ઞાન, બાળઘડતર, બીજાનો ભેદ ન ખોલવો, વિવેક, સદ્‌ગુણોની ગંગોત્રી, સંસ્કાર સિંચન વગેરે – પરિણામસ્વરૂપે ઇચ્છિત વિષય સંબંધી શ્લોક / સૂત્રની શોધ સરળતાથી થઈ શકે છે. પસંદ કરવામાં આવેલ પ્રત્યેક શ્લોક / સૂત્રનાં વિવિધ પાસાંઓને આવરી લઈને આનુસંગિક ઉદાહરણો સાથે ઊંડાણપૂર્વકની સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે. આ ઉદાહરણો પણ પ્રમુખ ધર્મોના આર્ષગ્રંથો – વેદો, શ્રીમદ્ ભગવદગીતા, રામાયણ, મહાભારત, ઉપનિષદો, પુરાણો, જૈન આગમો, ત્રિપિટકો, બાઇબલ, કુરાન વગેરે તેમ જ ભારતના અને ગુજરાતના પ્રમુખ ચિંતકો – દાર્શનિકો, સંતભક્ત કવિઓ જેમ કે ગાંધીજી, શ્રીમદ્ રાજચંદ્ર, શંકરાચાર્ય, મહર્ષિ પતંજલિ, હરિભદ્રસૂરિ, ઉપાધ્યાય યશોવિજયજી, વલ્લભાચાર્યજી, ભર્તૃહરિ, કાલિદાસ, કબીર, તુલસીદાસ, નરસિંહ, અખો, મીરાં, ગંગાસતી વગેરેના ચિંતનગર્ભ સંદર્ભો સાથે તથા સામ્પ્રતકાલીન ઘટનાઓ, અને જિવાતા જીવનના પ્રસંગો વગેરેના આધારે દર્શાવવામાં આવ્યા છે અને તેની સાથે જ લોકજીવનમાં પ્રચલિત કહેવત કથાનકો / લોકોક્તિઓની સાહજિક ગૂંથણી કરી હોવાથી હૃદયસ્પર્શી બની રહે છે. અહીં મહારાજશ્રી ક્વચિત્ ભાષા–શિક્ષક તરીકે પણ ઊભરી આવે છે, જેમ કે પોતાનાં પ્રવચનોમાં કોઈ એક પ્રદેશ – વિશેષમાં પ્રચલિત શબ્દો ઉદા. તરીકે 'વાંકળાં', 'પાછા થવું' વગેરેને ઉપયોગમાં લે છે ત્યારે સંબંધિત પ્રદેશ – વિશેષ અને અન્યત્ર તે કયા સંદર્ભમાં પ્રયોજાય છે તેની સમજ આપવાનું તથા એક જાગરૂક સમાજશિક્ષક તરીકે પ્રવર્તમાન સમયમાં ધર્મના નામે થતા ઝઘડા પ્રતિ નાપસંદગી દર્શાવીને 'ધર્મ', 'સંપ્રદાય' અને 'અધ્યાત્મ' વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં જણાવે છે કે, આજે જ્યારે હિન્દુ કે મુસલમાન 'ધર્મ કા જય હો અધર્મ કા નાશ હો'ના નારા લગાવે છે ત્યારે તેમને અભિપ્રેત ધર્મ અને અધર્મનો ખ્યાલ સાંપ્રદાયિક આંચળાથી ગ્રસ્ત હોય છે.' મહારાજશ્રીને મન 'દયા, પ્રેમ, વહાલપ, વાત્સલ્ય અને અહિંસા જ્યાં છે ત્યાં ધર્મ છે. આ નથી ત્યાં ધર્મ નથી જ. ધર્મના નામે થતાં યુદ્ધો કે પ્રાણીઓની હિંસામાં ધર્મ નથી' અને તેથી આવી સામ્પ્રદાયિક સંકુચિતતાથી બહાર નીકળી સાચા સનાતન ધર્મનું પાલન કરવા તેઓ જણાવે છે. અને તેથી જ આ ભાષ્ય 'ચાણક્યનીતિ'નાં ભાષ્યોમાં અદકેરા સ્થાનનું અધિકારી બની રહે છે, તેમ જ મહારાજશ્રી કૃત ભારતીય સંસ્કૃતિ સંબંધિત ગ્રંથોમાં પણ આ ગ્રંથ 'ગ્રંથશિરોમણિ' બની રહે છે કે જેમાં મહારાજશ્રીનો પ્રજ્ઞાપુંજ ખડકાયેલો જોવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયા (પાટણ)ના અધિષ્ઠાતા પ. પૂ. મુનિશ્રી ભાનુવિજયજી મહારાજસાહેબ (૧૯૩૧ – ૨૦૧૮) સંસ્કૃત – પ્રાકૃત ભાષાઓના પ્રખર જ્ઞાતા હોવાની સાથે ભારતીય દર્શનશાસ્ત્ર અને સવિશેષતઃ જૈનધર્મ–દર્શનના અધ્યયનશીલ અધ્યેતા અને પારગામી વિદ્વાન તથા પ્રભાવક વક્તા તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. તેમણે સને ૧૯૬૬માં આશ્રમની સ્થાપના કરીને સાગોડિયા – પાટણને પોતાની કર્મભૂમિ બનાવીને તેને ગીતાને અભિપ્રેત એવા ખરા અર્થમાં જ્ઞાનયજ્ઞ અને કર્મયોગના કેન્દ્ર તરીકે પરિવર્તિત કરી દીધું. મૂલતઃ તેઓશ્રી જૈન ધર્માવલમ્બી રહ્યા હોવા છતાં જૈન ધર્મના અનેકાન્તવાદના સિદ્ધાંતને આત્મસાત કરતાં સાંપ્રદાયિક સંકુચિતતાથી મુક્ત થઈ ગાંધીજીને અભિપ્રેત એવા 'પરમ વૈષ્ણવ' બની રહ્યા હતા. સને ૧૯૬૮થી પાટણમાં ચાતુર્માસ દરમિયાન પ્રતિદિન અને નિયમિત સાપ્તાહિક વ્યાખ્યાનો ઉપરાંત ગુજરાતનાં પ્રમુખ નગરો તેમ જ ગુજરાત બહાર મુંબઈ, ઉજ્જૈન, ઇંદોર, ભોપાલ, અમેરિકા વગેરેમાં જ્ઞાનયજ્ઞો અને ધ્યાનશિબિરોનું આયોજન કરવામાં આવતાં 'પાતંજલ યોગસૂત્રો', 'નારદભક્તિસૂત્રો', 'ઈશાવાસ્ય ઉપનિષદ', 'ઉત્તરાધ્યયનસૂત્ર', 'રામાયણમાં ભારતીય સંસ્કૃતિ', 'ભાગવતનો સંદેશ', 'શિવસૂત્ર', 'આત્મસિદ્ધિશાસ્ત્ર' વગેરે તેમના ૪૫ જેટલા ગ્રંથો પ્રકાશિત થયા છે. આ બધા ગ્રંથોનું સંકલન મહારાજશ્રીનાં પ્રવચનો સાંભળીને પ્રારંભમાં સ્વ. વકીલ પુરુષોત્તમદાસ શાહ અને ત્યાર બાદ મહારાજશ્રીની વાણીના સુજ્ઞ શ્રોતા, પરમ ઉપાસક અને ચિંતક મધુસૂદનભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં આ બંને સાધકોની ગુરુજી પ્રત્યેની અનન્ય શ્રદ્ધાભક્તિ, ધ્યેયનિષ્ઠા અને જે તે વિષયના આધિકારિક જ્ઞાનની સાથે જ તેમના ભાષાકૌશલની પણ સહજમાં પ્રતીતિ થાય છે. ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે મહારાજશ્રીએ પ્રવચનોના માધ્યમથી વિષયવસ્તુનું નિરૂપણ કર્યું, પરંતુ તેને સુગ્રથિત પ્રકરણો અને પ્રત્યેક પ્રકરણને પેટામુદ્દાઓ હેઠળ વર્ગીકૃત કરીને ગ્રંથસ્વરૂપ આપવામાં તેના સંકલનકર્તાનો બહુમૂલ્ય ફાળો રહ્યો હોવાથી તેઓ વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. નોંધવું રહ્યું કે જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગના ખરા અર્થમાં આરાધક અને તેને વ્યવહારમાં ક્રિયાન્વિત કરનાર એવા 'સામ્પ્રતકાલીન પાટણના હેમચંદ્રાચાર્ય' તરીકેના હુલામણા અભિધાનથી ખ્યાત મુનિશ્રી ભાનુવિજયજી મહારાજસાહેબ સાગોડિયા આશ્રમમાં તા. ૧૬ મે, ૨૦૧૮ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અભિમુખતા

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા નવા જોડાયેલા સ્વયંસેવકો માટે ઓરિએન્ટેશન અને આવકાર કાર્યક્રમ તા. ૬ જુલાઈના રોજ આયોજિત કરવામાં આવતાં વિદ્યાર્થીઓને એન. એસ. એસ. અંતર્ગત વર્ષ દરમિયાન કરવાની થતી પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રોગ્રામ ઑફિસર ડૉ. રથવી, ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને પ્રો. સમીર પંડ્યા હાજર રહ્યાં હતાં.

### આદિવાસી દિવસ

● સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજ, કડીમાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં તાલીમાર્થી બહેનોએ આદિવાસી નૃત્ય, ગીત ભજનો રજૂ કર્યાં હતાં.

### આવકારોત્સવ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૩૦-૬-૧૮ના રોજ શેઠ નવીન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં જેમાં વિષય નિષ્ણાત તરીકે જાણીતા લેખક અને વક્તા શ્રી હર્ષદ માંકડે વિદ્યાર્થીઓને likes & dislikesનો તફાવત સમજાવી જીવનઘડતર અને જીવન-મૅનેજમેન્ટની શીખ આપી હતી. તેઓનાં જિવાતા જીવનનાં ઉદાહરણોને લીધે વિદ્યાર્થીઓએ રસપૂર્વક તેમને સાંભળ્યા તેમ જ પોતાના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો મેળવ્યા હતા. ત્યાર બાદ જુદાજુદા વિભાગોના વડાઓ દ્વારા શૈક્ષણિક, પરીક્ષા, સાંસ્કૃતિક બાબતો, એન. એસ. એસ., રમતગમત વગેરેની તથા નીતિનિયમોની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત અધ્યાપકોનો પરિચય પણ આપવામાં આવ્યો હતો.

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો આવકારોત્સવ તા. ૧૯-૬-૧૮ના રોજ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ અતિથિશ્રી ડૉ. સોમભાઈ પટેલ (કૅમ્પસ ડાયરેક્ટર) અને ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલનો પરિચય આપ્યો હતો. ડૉ. સોમભાઈ પટેલે શિક્ષક પાસે રાખવામાં આવતી અપેક્ષાઓ, વાત્સલ્ય તથા નિપુણતા જેવા શિક્ષકના ગુણો વિશે વાત કરી હતી. આ પ્રસંગે દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગર દ્વારા નવીન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના સ્વાગત કાર્યક્રમનું આયોજન તા. ૧૪ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યઅતિથિ તરીકે જાણીતા કટાર લેખક તેમ જ યુવાશક્તિ માટે પ્રેરક વક્તા શ્રી મનોજ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, યુનિવર્સિટી તેમ જ કૉલેજનો તલસ્પર્શી પરિચય આપવામાં આવ્યો હતો. ડૉ. જયેશ તન્નાએ આભારવિધિની સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા કેળવવા માટે ઈજન પૂરું પાડતું વક્તવ્ય આપ્યું હતું.

### એક્ષપોર્ટ પ્રોસિઝર કોર્સ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા ધોરણ ૧૨ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો એક્ષપોર્ટ પ્રોસિઝર ઍન્ડ ડોક્યુમેન્ટેશન સર્ટિફિકેટ કોર્સ ચલાવવામાં આવે છે. આ કોર્સના દ્વિતીય બેચના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્કૃષ્ટ તાલીમ તેમના વ્યાવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. પ્લેસમેન્ટ તેમ જ ટ્રેનિંગ કમિટિના હેડ ડૉ. જયેશ તન્નાએ એક્સપોર્ટ ડોક્યુમેન્ટેશનની મહત્તા બાબતે માર્ગદર્શિત કર્યા હતા. આ

કોર્સના કો-ઓર્ડિનેટર ડૉ. આશિષ ભુવા છે.

## ઔદ્યોગિક મુલાકાત

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના સેમેસ્ટર-૬ના ૭૮ વિદ્યાર્થીઓ માટે મુન્દ્રા પોર્ટની મુલાકાતનું આયોજન તા. ૧૯-૨૦ જુલાઈના દિવસોમાં કરવામાં આવતાં સેઝ તેમ જ વેસ્ટ પોર્ટની મુલાકાતમાં વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રિફાઇનરી પ્લાન્ટ તેમ જ મુખ્ય પોર્ટ વિશે શ્રી મનોહરસિંહ ગોહિલે અદાણી પોર્ટનાં વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમાં મહત્ત્વ તેમ જ સંચાલન અને વહીવટી પાસાંઓની સમજ આપી હતી. આ ઉપરાંત અદાણી વિલમાર કંપની દ્વારા વિવિધ ખાદ્ય તેલોની પ્રોસેસ પણ સમજાવવામાં આવી હતી. શ્રી ચંદ્રકાંત પંડ્યાએ યોગ, હવા, પાણી, ખોરાક હાસ્યના ફાયદા સમજાવ્યા હતા. અદાણી વેસ્ટ પોર્ટ અદાણી પોર્ટ તેમ જ અદાણી પાવર લિમિટેડની મુલાકાત દરમિયાન વિદ્યુત ઉત્પાદનના બબ્બે પ્રકાર તેમ જ તેના તબક્કાઓ બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને અમદાવાદ સ્થિત વરમોરા પ્લાસટેક પ્રા. લિ.ની મુલાકાતે લઈ જવામાં આવતાં વિદ્યાર્થીઓએ ફર્નિચર, પ્લાસ્ટિક અને હોમ વેર પ્લાન્ટ્સ વિશેની માહિતી મેળવી હતી.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા જુલાઈ માસમાં ચાર ઔદ્યોગિક મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પારલે ઇન્ડસ્ટ્રીઝ, નરોડા, હેવમોર આઈસક્રીમ - નરોડા, બાલાજી વેફર્સ, રાજકોટ અને કોકાકોલા સોફ્ટ ડ્રિંક્સ - ખેડાનો સમાવેશ થાય છે. આ મુલાકાતોથી વિદ્યાર્થીઓએ ઉત્પાદન, પેકિંગ, ટ્રાન્સપોર્ટેશન અને માર્કેટિંગ જેવી જુદી-જુદી વાણિજ્યિક પ્રવૃત્તિઓ વિશે સઘન માહિતી મેળવી હતી.

## કારગીલ વિજય દિવસ

● સર્વ નેતૃત્વ ટીમ દ્વારા સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં કારગીલ વિજય દિવસની ઉજવણીના ભાગરૂપે કારગીલ યુદ્ધના ઇતિહાસની વિજયગાથા, સૈનિકો, શહીદો અને તેમના પરિવારનાં બલિદાન, શોર્ય અને પરાક્રમો વિશે વાત સર્વ નેતૃત્વના કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવી હતી. તેમ જ મેજર રૂષિકેશ રામાણીની ડોક્યુમેન્ટ્રી બતાવવામાં આવી હતી.

## કાર્યશિબિર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.) ગાંધીનગર દ્વારા નીચે દર્શાવ્યા મુજબની કાર્યશિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને એચ. આર. ક્ષેત્રે કારકિર્દીના ઘડતર માટે તા. ૨૭ જૂનના રોજ શ્રી શૈલેશ ચોરસિયા (સીનિયર મૅનેજર, મેક્સલાઇફ ઇન્સ્યોરન્સ) એ શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે આંતરિક રીતે વ્યક્તિનો વિકાસ કઈ રીતે થાય અને તે પોતાના ધ્યેયને પામવા કઈ રીતે અગ્રેસર થઈ શકે તે બાબતે બીજાની સફળતા કે સલાહ મુજબ પોતે પણ શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર કરશે તેમ સમજવાના બદલે પોતાની આંતરિક શક્તિને ઓળખીને તેમ જ પોતાની રૂચિ તથા આવડતને આધારે કારકિર્દી ઘડતરના નિર્ણય અંગે તેમ જ ઇન્ટરવ્યૂ માટેની તૈયારી બાબતે પણ માર્ગદર્શન આપ્યું હતું.

તા. ૨૮-૬-૧૮ના રોજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને શ્રી મનોજ પાત્રા (ડેવલોપમેન્ટ ઑફિસર, એલ. આઈ.સી., ગાંધીનગર) એ સફળ આંત્રપેન્યોર બનવા તેમ જ સફળ કારકિર્દીના ઘડતર માટે આવશ્યક ઇફેક્ટીવ કમ્યુનિકેશન સ્કીલ વિશે માર્ગદર્શન પૂરું પાડી સ્વાનુભવના આધારે કમ્યુનિકેશન માટેની ટિપ્સ આપીને વીમા અને બૅન્કિંગ ક્ષેત્રો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા લક્ષ્ય નિર્ધારણ માટે માર્ગદર્શન આપ્યું હતું.

તા. ૨૯-૬-૧૮ના રોજ તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને ડૉ. લિટ્ટી ડેનિસ (સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગર) એ રિસર્ચ મેથોડોલોજી બાબતે સમજ આપીને રિસર્ચનું મહત્ત્વ, હેતુઓ, રિસર્ચના પ્રકારો, સાહિત્યિક ચોરી અને તેમાંથી બચવા વિશે માર્ગદર્શિત કર્યા હતા.

તા. ૧૦-૭-૧૮ના રોજ 'International Finance and Working Capital' વિશે શ્રી સુનીલ ઉપાધ્યાય (ડાયરેક્ટર લેમિટ્યુડ્સ લી, દુબઈ) એ કેપિટલનો અર્થ અને તેના વિવિધ પ્રકારો અને વર્કિંગ કેપિટલને અસરકર્તા વ્યવસાયલક્ષી તેમ જ આર્થિક પરિબળો બાબતે તેમ જ સફળ આંત્રપેન્યોર બનવા માટે ગંભીરતાપૂર્વક અધ્યયન કરવા જણાવ્યું હતું. વધુમાં, વર્ચ્યુઅલ કંપની બનાવવા માટે ઘટતી તમામ પ્રક્રિયા ઉપરાંત બૅંકિંગ કામગીરી, ધિરાણ મેળવવા માટે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવો, વર્કિંગ તેમ જ ઇન્ટરનેશનલ ફાયનાન્સ વગેરે બાબતે સમજ આપી હતી.

તા. ૧૨-૭-૧૮ના રોજ તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને શ્રી સઝીલ શાહએ Biodata / Resume બનાવવા માટેનાં આનુસંગિક પાસાઓની ઊંડાણપૂર્વક ચર્ચા કરીને કયા પ્રકારની માહિતીનો ઉલ્લેખ કરવો કે ન કરવો તેમ જ કઈ

માહિતી હોવી જરૂરી છે તથા કયા ફોરમેટમાં મૂકવી વગેરે વિશે સમજાવ્યું હતું.

### કાવ્યરચના

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV) અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે કાવ્યરચના અને કાવ્યપઠન શિબિરનું તા. ૨૦-૭-૨૦૧૮ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સાહિત્ય વર્તુળના ઉદ્દેશોની તથા શ્રી મોહનલાલ પટેલના જીવન અને કવન વિશેની માહિતી આપી હતી. ત્યાર બાદ તજ્જ્ઞ કવિશ્રી દલપતભાઈ પઢિયારે કવિતા એટલે શું ?, કવિતાની શક્તિઓ, કાવ્યમાં ધ્વનિ વગેરે ઝીણવટપૂર્વક માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓનું તેમ જ સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું.

### ગુરુપૂર્ણિમા

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજ અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનમાં તા. ૨૭-૭-૨૦૧૮ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. તાલીમાર્થીઓએ ગુરુનું મહત્ત્વ, પ્રાચીન સમયના ગુરુઓ અને તેમનો શિષ્યભાવ વિશે પ્રવર્તમાન સમયમાં પ્રાચીન ગુરુના જેવું મહત્ત્વ કેવી રીતે જાળવી શકાય તે વિશે વિચારો વ્યક્ત કર્યા હતા. તેમ જ ગુરુ વિષયક ભજન, ધૂન, સુવિચાર વગેરેની રજૂઆત કરી હતી. કાર્યક્રમના અંતે ડૉ. કુસુમબહેન યાદવે ગુરુ વિશે ચિંતનસભર વક્તવ્ય આપ્યું હતું.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૨૭-૭-૨૦૧૮ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુવંદના કાર્યક્રમ યોજાયો. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને ધ્યાનમાં રાખીને સુખ્યાત ગુરુ-શિષ્ય પરશુરામ-કર્ણ, વશિષ્ઠ-રામ, દ્રોણાચાર્ય-એકલવ્ય, ગુરુનાનક-મર્દાના, ગુરુ આલોક-આર્યભટ્ટ, રામકૃષ્ણ પરમહંસ-સ્વામી વિવેકાનંદ, ગોપાલકૃષ્ણ ગોખલે-મહાત્મા ગાંધી, સ્વામી સમર્થ રામદાસ-છત્રપતિ શિવાજી, દ્રોણાચાર્ય-અર્જુન, સાંદિપની-કૃષ્ણ, ગુરુ રઘુનાથ-મહારાણા પ્રતાપ, પરશુરામ-ભીષ્મ, ચાણક્ય-ચંદ્રગુપ્ત મૌર્ય, ભગવાન શંકર-રાવણ તથા રમતગમત ક્ષેત્રે મિતાલીરાજ-ગીતા પોગટ જેવા વ્યક્તિ ગુરુ તરીકે સૂચવવામાં આવ્યા હતા. આ અંગે દરેક વર્ગને પ્રેઝન્ટેશનની થીમ આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા અને અધ્યાપકોના સન્માનથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુઓના જીવનચરિત્ર પરથી નાટક રજૂ કરીને તેમના જીવનની ઝાંખી જીવંત કરી હતી. તેમ જ થીમ પર વર્ગ સુશોભન કર્યું હતું તથા ગુરુનું જીવનમાં શું મહત્ત્વ છે તે સમજાવ્યું હતું.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા ગુરુપૂર્ણિમા કાર્યક્રમની ઉજવણી અંતર્ગત આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને આજના દિવસનો મહિમા સમજાવી શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે ગુરુપૂર્ણિમાને અનુલક્ષીને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા આ સંબંધી પોસ્ટર પણ તૈયાર કરવામાં આવ્યાં હતાં.

### તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ

● જીટીયુ દ્વારા મે-જૂન માસમાં લેવાયેલ છેલ્લા સેમેસ્ટરની પરીક્ષામાં વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગરના પ્રથમ ૧૦માંથી ૧૦ અને ૭ કરતાં વધુ એસ.પી.આઈ. મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ વીપીએમપી દ્વારા તા. ૯ જુલાઈના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રિ. ડૉ. એ. જે. પટેલે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર, સ્મૃતિ-ચિહ્ન અને પુસ્તક ભેટમાં આપી ઉજ્જ્વળ કારકિર્દી માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

### દાંડીકુટીર

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનની કૉલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૧૧-૭-૨૦૧૮ના રોજ દાંડીકુટીરની મુલાકાત લઈ ગાંધીજીના જીવન અને પ્રદાનને આવરી લેતું પ્રદર્શન નિહાળ્યું હતું.

### ફ્રેશર્સ પાર્ટી

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૧૮-૭-૨૦૧૮ના રોજ ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ વર્ષ બી. કોમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ, સ્કેચ, પેઇન્ટિંગ, શીઘ્ર વક્તૃત્વ અને ડાન્સ જેવી વિવિધ કલાઓમાં પોતાનું કૌશલ પ્રદર્શિત કર્યું હતું. સ્વપરિચય, કલા કૌશલ અને નિર્ણાયકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

### રેડ હેટ કોર્સ

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર અંતર્ગત એમ. એસસી. (આઈટી) દ્વારા 'Red Hat Certified System Administraton'નો ૯૦ કલાકનો પ્રમાણપત્ર

અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે, જેના ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન તા. ૫ જુલાઈ, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ અભ્યાસક્રમોના ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં રેડ હેટ એકેડેમીના શ્રી શિરીષ પાંડ્યેએ આ કોર્સ કરવાથી કારકિર્દીની ઉજ્જ્વળ તકો, ઉપયોગિતા અને મહત્ત્વ વિશે સમજાવ્યું હતું. આ પ્રસંગે આ કોર્સ પૂર્ણ કરનાર અગાઉની બેચના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં એમ. એસસી. (આઈ.ટી.)ના વડા ડૉ. પ્રો. ભદ્રેશ પંડ્યાએ સૌનું હાર્દિક સ્વાગત કરીને સંસ્થાનો અને અતિથિ શ્રી શિરીષ પાંડ્યેનો પરિચય કરાવ્યો હતો.

### વુમન આંત્રપેન્યોર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થિનીઓ માટે વુમન આંત્રપેન્યોર કાર્યશિબિરનું આયોજન તા. ૧૦-૧૧ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યું હતું. આમંત્રિત તજજ્ઞ આંત્રપેન્યોર શ્રી મિત્તલબહેન પટેલ તેમ જ શ્રી કલ્પેશભાઈ પટેલ આ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે, જેમણે જ્વેલરી, સિલ્ક જ્વેલરી, નેટ જ્વેલરી જેવી અલગ-અલગ પ્રકારની જ્વેલરી બનાવવાની તાલીમ આપી હતી.

### વૃક્ષારોપણ

● સર્વ નેતૃત્વના પૂર્વતાલીમાર્થીઓ દ્વારા લવારપુર ખાતે છેલ્લા ત્રણ વર્ષથી 'સ્વચ્છતાના પગલે' નામના પ્રોજેક્ટ અંતર્ગત સફાઈનું કામકાજ કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ યુવાનોએ સ્મશાનની સફાઈ કરવા ઉપરાંત લવારપુરના અલગ-અલગ વિસ્તારોમાં વૃક્ષારોપણ કર્યું હતું.

● વીપીએમપી પોલિટેકનિક, ગાંધીનગરમાં તા. ૯-૭-૨૦૧૮ના રોજ પ્રિ. ડૉ. એ. જે. પટેલ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરીને વિવિધ પ્રકારના ફૂલ-છોડ વાવીને કૅમ્પસને હંમેશાં હરિયાળું રાખવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

### વ્યક્તિત્વ વિકાસ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ તેમ જ વકીલશ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનમાં તા. ૨૭-૬-૧૮ના રોજ વ્યક્તિત્વ વિકાસ વિશે પ્રેરણાદાયી વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું, જેમાં તજજ્ઞ શ્રી જે.સી. પટેલે જીવનમાં તણાવમુક્ત કઈ રીતે રહી શકાય, એકબીજાના પૂર્વગ્રહો, સંબંધો કઈ રીતે સુધારવા, આત્મવિશ્વાસમાં વધારો કઈ રીતે કરી શકાય, વ્યક્તિના કામની પ્રશંસા કઈ રીતે કરવી, ટટ્ટાર બેસવાથી થતા ફાયદા, ઈર્ષ્યા, નફરત તેમ જ કામચોરી ન કરવી, મન અને શરીર વચ્ચેનો સંબંધ તેમ જ હકારાત્મક અને નકારાત્મક વિચારો વગેરે વિશે તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા.

### વ્યાખ્યાન

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના એમ. કોમ.ના વિદ્યાર્થીઓ માટે એડવાન્સ કોર્પોરેટ એકાઉન્ટ વિશે ડૉ. પાર્થ ભટ્ટનાં વ્યાખ્યાનોનું આયોજન તા. ૨૪ જૂનના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વક્તાશ્રીએ કંપની ધારા ૨૦૧૩ના સુધારા સાથે એકાઉન્ટ્સના સિદ્ધાંતો અને ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડના કાર્યક્ષેત્ર, ઉદ્ભવ, સંચાલન વગેરેની વિવિધ ઉદાહરણો અને રોલપ્લે દ્વારા ચર્ચા કરી હતી. આ ઉપરાંત જુલાઈ માસ દરમિયાન આઠ તજજ્ઞ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કમ્પ્યૂટર વિશે સોનિયા સુથાર, નીતિન પદાવીયા, ડૉ. ધવલ વ્યાસ અને ડૉ. વિનોદ દેસાઈ, એકાઉન્ટન્સી વિશે C. A. જૈમીન ગોસ્વામી અને ડૉ. પાર્થ ભટ્ટ, અંગ્રેજી લેખન અને વાતચીત કળા વિશે ડૉ. વિકાસ રાવલ અને મૅનેજમેન્ટ વિશે ડૉ. જિગ્નેશ વાજાના વ્યાખ્યાનોનો સમાવેશ થાય છે.

### સર્વ નેતૃત્વ-૩૬

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર આયોજિત ચારિત્ર્યનિર્માણથી રાષ્ટ્રનિર્માણની તાલીમ આપતી '૩૬મી સર્વ નેતૃત્વ' નિવાસી તાલીમ શિબિરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫ કૉલેજોના ૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયાએ સવારે ૫થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી સતત પ્રવૃત્તિશીલ રહીને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બહુઆયામી નેતૃત્વનું શિક્ષણ સતત ૫ દિવસ સુધી આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જીવનમાં સફળ થવા માટે સૌથી પહેલાં તમે તમારું સાંભળો એટલે કે ૫રથી ખસીને, સ્વમાં વસશો તો તમારું જીવન ખુશી, આનંદ અને ઉલ્લાસથી ભરપૂર બની રહેશે. હરીફાઈ ભરેલા જીવનમાં ટોચ ઉપર રહેવા માટે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક અને અધ્યાત્મિક વિકાસ જરૂરી છે. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે નિષ્ઠાબહેન ઠાકરે પોતાના જીવન સંઘર્ષની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. આ સાથે પૂર્વ તાલીમાર્થી શ્રેયા, અમિતા અને મુસ્કાન દ્વારા સમાજ ઉત્થાનના પ્રોજેક્ટસની વિસ્તૃત માહિતી આપવામાં આવી

હતી. છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણાની મુલાકાત કરાવી હતી. શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### શૈક્ષણિક મુલાકાત

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ તેમ જ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિમાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનની કૉલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૨૮-૬-૧૮ના રોજ લકુલીશ યોગ યુનિવર્સિટી તેમ જ અડાલજની વાવની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન લકુલીશ યોગ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. ચંદ્રસિંહ ઝાલાએ યોગ એટલે શું ? વિવિધ આસનો, પ્રાણાયામ તથા યોગ વિશેના વિવિધ ગ્રંથોની માહિતી આપી હતી.

## શાળા વિભાગ

### ઈ-વેસ્ટ જાગૃતિ અભિયાન

● એસ. જી. એસ. વી. અંગ્રેજી પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓને તા. ૧-૮-૧૮ના રોજ અમદાવાદની સંસ્થા E-Coli Waste Managementના સહયોગથી નાટક દ્વારા E-Wasteના નિકાલ માટેની સમજ આપવામાં આવી.

### એ. એફ. એસ.

● શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરી ઈ. મિ. સ્કૂલ, કડીમાં છેલ્લા ત્રણ વર્ષથી A. F. S. કાર્યક્રમ ચાલે છે. આ અંતર્ગત શાળાના બે વિદ્યાર્થીઓ યશ દવે અને હેમલ પટેલ અંગ્રેજી તથા ફ્રેન્ચ ભાષા શીખવા માટે ૨૧ દિવસ માટે કેનેડાની મુલાકાતે ગયા છે.

### કલા મહાકુંભ

● તા. ૨૦-૭-૨૦૧૮ના રોજ કડી તાલુકાનો કલા મહાકુંભ આદર્શ સ્કૂલ ખાતે યોજાયો હતો. જેમાં શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરી ઈ. મિ. સ્કૂલ, કડીના વિદ્યાર્થીઓ સુગમ સંગીત, સમૂહગીત, લગ્નગીત, ગીત સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે તથા જિલ્લાસ્તરે તા. ૪-૮-૨૦૧૮ના રોજ આયોજિત સ્પર્ધામાં લગ્નગીત, સુગમ સંગીત, સમૂહગીત અને સમૂહગીત-બ વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા થયા.

### ગુરુપૂર્ણિમા

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૭-૭-૨૦૧૮ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં ગુરુ-શિષ્યના સંબંધો વિશે જણાવ્યું હતું. વધુમાં, વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ગુરુ-શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

● લોદરિયા પરિવાર ગર્લ્સ હૉસ્ટેલની પ્રાર્થનાસભા દરમિયાન વિદ્યાર્થિનીઓ દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી તા. ૨૭-૭-૧૮ના રોજ કરવામાં આવી. આ અન્વયે 'પૂજ્ય છગનભા અમારા શ્રેષ્ઠ ગુરુ' નામની લઘુનાટિકા રજૂ કરવામાં આવી, જેમાં પ્રજાપતિ અંકિતા, (T.Y.B.Com.) એ છગનભાનું પાત્ર ભજવ્યું અને છગનભા દ્વારા કરાયેલાં સામાજિક અને શૈક્ષણિક કાર્યો રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત હાસ્યલઘુનાટિકા દ્વારા વિદ્યાર્થિનીઓને 'સાચા જ્ઞાની શિક્ષકની જરૂર છે' તેવો સંદેશ આપ્યો. આ કાર્યક્રમમાં સમગ્ર હૉસ્ટેલ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે સુપ્રિટેન્ડેન્ટશ્રી કૌશલ્યાબહેનની ઉપસ્થિતિમાં 'માતા-પિતાને છેતરવાં નહીં' તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી તથા આ નિમિત્તે સર્વ ધર્મ ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર દિવસે આચાર્યા નીરુબહેન પટેલે ગુરુનું મહત્ત્વ, અંધશ્રદ્ધા તથા સ્વચ્છતા વિશે સમજ આપી હતી.

● મેઘના નિરંજન શિશુ વિદ્યા વિહાર બાલમંદિરમાં માતૃ-પિતૃ વંદના અને ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. બાલ મંદિરનાં બાળકો દ્વારા તેમનાં માતા-પિતાની આરતી, પ્રદક્ષિણા અને વિધિસર પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ ઉપરાંત બાળકોએ કાલીઘેલી ભાષામાં ગુરુ વિશે વાચા આપી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. જયંતીભાઈ પટેલ, ડૉ. બાબુભાઈ પટેલ અને ભગીની સંસ્થાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ અને ડૉ. જયંતીભાઈ પટેલે પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

### ગ્રંથાલય મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ધોરણ-૫ની વિદ્યાર્થિનીઓને કૅમ્પસમાં સ્થિત એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનની લાઇબ્રેરીની મુલાકાતે લઈ જવામાં આવતાં કૉલેજ ગ્રંથપાલશ્રી સુરજિતભાઈ અને શ્રીમતી દક્ષાબહેને વિદ્યાર્થિનીઓને ગ્રંથાલયનો પરિચય કરાવીને તેની ઉપયોગિતા તથા જીવનમાં વાચનના મહત્ત્વ વિશે વિગતે સમજાવ્યું હતું.

### નિસર્ગ સાયન્સ સેન્ટર

● એસ. જી. એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૩નાં વિદ્યાર્થીઓ માટે સેક્ટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટરની મુલાકાતનું આયોજન કરી બાળકોને વિજ્ઞાનના વિવિધ મોડેલ તેમ જ પ્રોજેક્ટ વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

### ફૅશન ડિઝાઇનિંગ

● લોદરિયા પરિવાર ગર્લ્સ હૉસ્ટેલ દ્વારા ચલાવવામાં આવતા ફૅશન ડિઝાઇનિંગ – અભ્યાસક્રમની માહિતી આપવા માટે ચાલુ વર્ષમાં નવીન પ્રવેશ મેળવેલ હૉસ્ટેલની વિદ્યાર્થિનીઓ માટે કાર્યશિબિરનું આયોજન તા. ૩-૭-૧૮ના રોજ કરવામાં આવ્યું. આ કાર્યશિબિરનું એશા શાહ દ્વારા પાવર-પ્રેઝન્ટેશનથી નિદર્શન કરવામાં આવ્યું, જેમાં બે વર્ષ દરમિયાનના સંપૂર્ણ કોર્સની માહિતી આપવામાં આવી હતી. આ સાથે ગત વર્ષે તૈયાર કરેલ વિવિધ ડિઝાઇનના ડ્રેસોનું ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષમાં ૮૦થી વધુ વિદ્યાર્થિનીઓ આ અભ્યાસક્રમમાં જોડાઈ છે.

### ફૅશન-શો

● એસ. જી. એસ. વી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં તા. ૨૭ જુલાઈના રોજ ફૅશન શોનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓ ભારત દેશનાં ૨૯ રાજ્યોના વિવિધ પહેરવેશ પહેરીને આવ્યા હતા. વધુમાં દરેક બાળકે અલગ-અલગ રાજ્ય વિશે માહિતી પણ આપી હતી.

### બાળ પ્રતિભા સ્પર્ધા

● જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી દ્વારા ગાંધીનગર શહેર બાળ પ્રતિભા શોધ અને બાળનાટિકા સ્પર્ધા તા. ૧૭-૯-૧૭ના રોજ વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ સેક્ટર-૨૫માં યોજાઈ ગઈ, જેમાં શ્રીમતી એમ. બી. પટેલ સ્કૂલની ૭૦ વિદ્યાર્થિનીઓએ જુદીજુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પૈકી નિબંધ લેખન – પરમાર દૃષ્ટિ (૫-બ) અને પરમાર કેનાલી (૮-અ), ચિત્રકલા – પરમાર ધ્રુવી (૫-અ), વક્તૃત્વ સ્પર્ધા – ઠક્કર કૃપાલી (૫-ક) અને ઠાકોર આરતી (૮-ડ), એક પાત્રીય અભિનય પટેલ શ્રુતિ (૫-ક) અને પ્રજાપતિ આન્સી (૮-ક), લગ્નગીત સ્પર્ધા સર્જનાત્મક કામગીરી – પટેલ ધ્રુવી (૬-અ), લોકગીત ચાવડા રોશની (૮-બ), ભજન – પરમાર અંજલી (૮-ક), દોહા – ત્રિવેદી કાત્યાયની (૮-બ)એ પ્રથમ નંબર તથા સમૂહગીત, સમૂહ લોકનૃત્ય તથા બાળનાટિકામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.

### ભવકુંજ સ્કૂલને C.B.S.E.ની માન્યતા

● સી.બી.એસ.ઈ. – સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત ભવકુંજ સ્કૂલ, કડીને માન્યતા પ્રદાન કરવામાં આવી છે. આ સ્કૂલ અદ્યતન ટૅક્નૉલૉજીથી સજ્જ છે, જેમાં મલ્ટી મીડિયા ક્લાસરૂમ, પ્રોજેક્ટરથી શિક્ષણ, અનુભવી અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા શિક્ષકો, ટેબલેટ દ્વારા ઓન લાઇન પરીક્ષા, ગણિતના પ્રશ્નોના ઉકેલ માટે એપ્લિકેશન, R.F.I.D. સિસ્ટમથી S.M.S. દ્વારા ઓન લાઇન હાજરી, અભ્યાસક્રમ સંબંધી માહિતી ફ્લિન્ટ એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ, સ્માર્ટ લાઇબ્રેરી, ગણિત અને વિજ્ઞાનની અદ્યતન પ્રયોગશાળા, આધુનિક સાધનોથી સજ્જ સંગીત ખંડ, નૃત્ય ખંડ, કળા-કારીગરી ખંડ વગેરે જેવી સુવિધાઓ પ્રાપ્ત કરાવવામાં આવી છે. વધુમાં, રમતગમત ક્ષેત્રમાં આગળ વધવા અને કૌશલ્યો ખીલવવા માટે ઇન્ડોર અને આઉટડોર રમતોમાં તૈયાર થઈ કલા – મહાકુંભ અને ખેલ – મહાકુંભમાં વિદ્યાર્થીઓ અગ્રેસર રહે તેવી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. સમગ્ર સ્કૂલ કૅમ્પસ C.C.T.V. કૅમેરાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી સમતોલ અને પોષ્ટિક આહાર આપવામાં આવે છે.

### ભારતને જાણીએ

● એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં બાળકો ભારતીય સંસ્કૃતિથી પરિચિત થાય તે હેતુથી ભારત વિકાસ પરિષદ દ્વારા 'ભારત કો જાનો' વિષય પર પરીક્ષાનું આયોજન કરવામાં આવતા ધો. ૫થી ૮નાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત તા. ૮-૮-૨૦૧૮ના રોજ સ્વાતંત્ર્ય પર્વ વિષય પર રંગોળી બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મહાત્મા મંદિર

● એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના ધો. ૫ના ૩૦૦ વિદ્યાર્થીઓને સેક્ટર-૧૪માં આવેલ મહાત્મા ગાંધી મંદિરની મુલાકાતે લઈ જતાં ગાંધીજીના જીવન વિશેનો વીડિયો તેમ જ પ્રદર્શન નિહાળ્યું હતું. આ વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો પણ જોડાયા હતા.

## માર્ગદર્શન

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરમાં તા. ૧૮-૭-૧૮ના રોજ Ahmedabad Chapter of WIRC of ICSI (ભારતીય કંપની સચિવ સંસ્થા) દ્વારા C. S. Smt Chhavi Kochhar દ્વારા કંપની સેક્રેટરી બનવા માટે લાયકાત, કૉલેજ અને ફી અંગે તથા તા. ૨૦-૭-૧૮ના રોજ Airostar Jet Training Academy Pvt. Ltd. Chandkheda, Ahmedabad કેન્દ્રના કોઓર્ડિનેટર શ્રી વિવેકભાઈ દેસાઈ, પ્રા. આંકાક્ષા ખૂનેહ, અને આ શાળાની પૂર્વ-વિદ્યાર્થિની કોમલ પરમાર દ્વારા એર હૉસ્ટેસ બનવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## રથયાત્રા

● તા. ૧૩-૭-૨૦૧૮ના રોજ રથયાત્રાની ઉજવણી ગોમતીબહેન રામભાઈ પટેલ કિન્ડર ગાર્ટન, કડીમાં કરવામાં આવી હતી, જેમાં બાળકોએ ભગવાન કૃષ્ણ, બલરામ અને સુભદ્રાની વેશભૂષામાં સજ્જ થઈ હર્ષોલ્લાસથી ભાગ લીધો હતો. શિક્ષિકાઓ દ્વારા રથનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

● મેઘના નિરંજન શિશુ વિદ્યા વિહાર, કડી દ્વારા ભગવાન જગન્નાથના રથયાત્રા પર્વની ઉજવણી અંતર્ગત રથયાત્રાના બળદગાડાને શણગારીને તેમ જ બાલમંદિરનાં ભૂલકાંઓને ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રાજીના પરિધાનમાં સજ્જ કરતાં સર્વ વિદ્યાલય કૅમ્પસનાં પરિવારજનો અને વાલીશ્રીઓને દર્શનનો લાભ આપ્યો હતો. મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ અને ડૉ. બાબુભાઈ પટેલે રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિરમાં રથયાત્રાની ઉજવણીનો શેઠ સી. એમ. હાઈસ્કૂલનાં પ્રિ. ચેતનાબહેન બુચે રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો, તેમ જ જુદીજુદી શાળાના પ્રિન્સિપાલો દ્વારા રથયાત્રાને વધાવવામાં આવી હતી. શ્રી દિનાબહેન ડોડિયાના નિમંત્રણથી લલિતકલા કેન્દ્રમાં મોસાળું કરવામાં આવ્યું હતું.

## વાલીસભા

● તા. ૭ તથા ૯ ઑગસ્ટના દિવસોમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલના ધોરણ ૧૦ તથા ૧૧-૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓની સહચિંતન શિબિર યોજાઈ હતી, જેમાં ૫૦૦ વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રારંભમાં આચાર્યાશ્રી ડૉ. ચેતના બૂચે સ્વાગત પ્રવચન કરી શાળાકીય આયોજનથી વાલીઓને માહિતગાર કર્યા હતા. માધ્યમિક વિભાગના શ્રી મહેશભાઈ વડાલિયા અને શ્રી દશરથભાઈ પટેલે પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું. તેમ જ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શ્રી જે. બી. પટેલે વાલીઓને JEE અને NEET પરીક્ષા સંદર્ભે માહિતી આપી, જ્યારે શ્રી વી. એમ. પટેલ દ્વારા શાળામાં થતી પરિણામલક્ષી આયોજન તથા પરિણામનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૧૧-૮-૨૦૧૮ના રોજ ધોરણ ૧ અને ૨ની વિદ્યાર્થિનીઓના વાલીઓની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. મદદનીશ શિક્ષિકા શ્રી જયશ્રીબહેન પટેલે પાલ્યના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય તેવાં સૂચનો વાલીશ્રીઓને કર્યાં હતાં.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધોરણ ૧ અને ૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓનાં વાચન, લેખન અને ગણનમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકો અને વાલીઓના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી. શિક્ષકોએ વાલીઓને વિવિધ વિષયોનું મહત્ત્વ સમજાવી પરીક્ષા, શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારનું ઘડતર કઈ રીતે કરવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## વિક્રમ સારાભાઈ જન્મજયંતી

● ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ ઍન્ડ ટૅક્નૉલૉજી, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે અવકાશ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતી અંતર્ગત તા. ૧૨-૮-૨૦૧૮ના રોજ ગાંધીનગરમાં યોજાયેલ કાર્યક્રમમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પ્રિયાંશુ બી. પનારાએ જોન લુઈસ ગીલનો વેશપરિધાન કરી રજૂઆત કરતાં પ્રથમ નંબર પ્રાપ્ત

કરી રૂ. ૫૦૦નું, જ્યારે શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની જયસ્વાલ દષ્ટિ હિતેશકુમારે 'કલ્પના ચાવલા'ની ભૂમિકા ભજવતાં તૃતીય નંબરે વિજેતા થતાં રોકડ ઇનામ મેળવ્યું.

### વિજ્ઞાન પરિસંવાદ

● ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ઍન્ડ ટેક્નૉલૉજી, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે તા. ૨૭-૭-૧૮ના રોજ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે યોજાયેલ નૅશનલ સેમિનારમાં શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થિની કુ. હાર્દિ ચૌધરી (ધો. ૮/ક) એ 'ઔદ્યોગિક ક્રાંતિ ૪.૦ શું આપણે તૈયાર છીએ ?'ના વિષયમાં ભાગ લીધો હતો.

### વૃક્ષારોપણ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગરમાં સ્કાઉટ ગાઈડની વિદ્યાર્થિનીઓ દ્વારા વૃક્ષારોપણની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યા નીરૂબહેન પટેલે વિદ્યાર્થિનીઓને જીવનમાં વૃક્ષોના મહત્ત્વ અને જાળવણી અંગે માહિતગાર કર્યાં હતાં.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા તા. ૧૯-૭-૧૮ના રોજ શાળાના પ્રાંગણ, સેક્ટર-૨૨ પોલીસ ચોકી તથા આયુર્વેદિક દવાખાનાના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં પોલીસ જવાનોની સાથે મળી ૭૦ જેટલા છોડવા રોપવામાં આવ્યા હતા. આ સાથે વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની કાનૂની કાર્યવાહીની માહિતી પ્રાપ્ત કરી હતી. વૃક્ષારોપણ બાદ વિદ્યાર્થીઓએ આયુર્વેદિક દવાખાનાના દ્વારા ઔષધિય વૃક્ષોની ઓળખ કરવાની સાથે આયુર્વેદિક ચિકિત્સા અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

● એસ. જી. એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ તા. ૧૮-૭-૧૮ના રોજ યોજવામાં આવ્યો હતો. તેમ જ બાળકોને વૃક્ષોનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ અંતર્ગત શાળાના કેમ્પસ તથા શાળા વિસ્તારની આજુબાજુ વૃક્ષારોપણ કરવા ઉપરાંત આજુબાજુનાં ઘરોમાં, બૅન્ક, પોસ્ટ ઑફિસમાં અલગ અલગ છોડનું દાન કરવામાં આવ્યું હતું.

### શુભેચ્છા સમારંભ

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરમાં દીર્ઘકાલીન સેવાઓ આપીને વયનિવૃત્ત થયેલા આચાર્યશ્રી બચુભાઈ કે. પટેલ તથા અન્ય કર્મચારીઓનો વિદાય – શુભેચ્છા સમારંભ શેઠશ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે જાણીતા સાહિત્યકાર અને કવિ શ્રી હર્ષદ ત્રિવેદીના મુખ્ય મહેમાનપદે યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં કાર્યકારી આચાર્યા શ્રી ચેતનાબહેન બુચે સૌનું સ્વાગત કરી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયેલા આચાર્ય શ્રી બચુભાઈ પટેલ ઉપરાંત માધ્યમિક વિભાગમાં સુપરવાઈઝર તરીકે સેવાઓ આપનાર શ્રી પ્રહલાદભાઈ પટેલ, સિનિયર કલાર્ક શ્રી હરિહરભાઈ દવે અને ગ્રંથપાલ શ્રી રમીલાબહેન પટેલનો પરિચય કરાવી તેમણે આપેલ નિષ્ઠાપૂર્વક સેવાઓની સરાહના કરી હતી. ત્યાર બાદ મુખ્ય મહેમાન શ્રી હર્ષદભાઈ ત્રિવેદીના વરદહસ્તે આ સૌને સન્માનપત્ર, સ્મૃતિચિહ્ન અને શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ આ સૌની સેવાઓને બિરદાવીને તેમનો નિવૃત્તિકાળ પ્રવૃત્તિશીલ બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. નિવૃત્ત આચાર્યશ્રી બચુભાઈ પટેલે ભાવભીના સ્વરે શાળાની સફર – સ્મૃતિ યાદ કરી સંસ્થા ઉત્તરોત્તર વધુ સારી પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવીને દરેક કર્મચારી શાળાના વિકાસ માટે ટીમ ભાવનાથી યોગદાન આપે તેવી અભિલાષા સેવી હતી.

### શૈક્ષણિક મુલાકાત

● તા. ૪-૫ જુલાઈના દિવસોમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાની ૧૫૨ વિદ્યાર્થિનીઓએ મુંદ્રા પોર્ટની મુલાકાત લીધી. આ અન્વયે અદાણી પાવર, અદાણી કોમર્શિયલ પોર્ટ, અદાણી વિલમર લિમિટેડ અને અદાણી કાર્બન લિમિટેડની મુલાકાત લઈ તેનાં ઉત્પાદનો અને કામગીરી સંદર્ભે માહિતી મેળવી. આ મુલાકાતમાં આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલ તથા ૮ શિક્ષકો જોડાયાં હતા.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૨ની ૧૮૦ વિદ્યાર્થિનીઓને તા. ૨૩ અને ૨૪-૭-૧૮ના દિવસોમાં સરિતા ઉદ્યાનની મુલાકાતે લઈ જવામાં આવતાં અવનવી રાઈડ્‌સનો આનંદ લીધો અને વન ભોજનની મજા માણી હતી. ધોરણ-૩ના તમામ વર્ગોની વિદ્યાર્થિનીઓને તા. ૨૫ અને ૨૬-૭-૧૮ના દિવસોમાં પુનિતવનની મુલાકાતે લઈ જવામાં આવતાં નવગ્રહોનાં વૃક્ષો (રાશિવન), ફૂલછોડ વગેરે વિશે પરિચિત કરાવવામાં આવી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ધોરણ ૩-૪નાં તમામ વર્ગોનાં વિદ્યાર્થીઓ માટે તા. ૨૫-૨૬, જુલાઈના દિવસોમાં આયોજિત મુલાકાતમાં વિદ્યાર્થીઓએ પોસ્ટ ઑફિસની કામગીરી તથા અડાલજની વાવનો ઇતિહાસ, નિર્માણ અને રચના વિશે તેમ જ વૈષ્ણોદેવી મંદિરના નિર્માણ અને રચના વિશે માહિતી પ્રાપ્ત કરી વૈષ્ણોદેવીનાં દર્શન કર્યાં હતાં. ત્રિમંદિરમાં દર્શન બાદ જીવનનાં મૂલ્યો અને શૈક્ષણિક જ્ઞાન આપતી ફિલ્મ અને પ્રદર્શન નિહાળી જીવનપયોગી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત ધોરણ-૧ અને ૨નાં બાળકોને સરિતા ઉદ્યાનની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

### સંસ્કારવર્ધક પરિસંવાદ

● અવર યુથ અવર રિસ્પોન્સિબિલિટી ગ્રૂપ દ્વારા શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સંસ્કારવર્ધક સેમિનારનું આયોજન તા. ૩૦-૭-૧૮ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓમાં બદલાવ લાવી દેશ વિકાસનાં સોપાનો સર કરે તેવા દૃઢ ઉદ્દેશ સાથે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અવનવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### સ્કેટિંગ

● તા. ૧૮-૭-૧૮ના રોજ સ્કેટિંગ રોલ પોલમાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી મોદી યુગે (ધોરણ-૮/એ) અંડર-૧૪માં પ્રથમ નંબર, લક્ષ્ય જોશી (ધોરણ-૮/ઈ) એ અંડર-૧૪ અને ૧૭માં પ્રથમ નંબર અને શોબાન એચ. બેલીમે (ધોરણ-૭/ડી) અંડર-૧૪ અને ૧૭માં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.

### સ્વાતંત્ર્ય પર્વ

● સર્વ વિદ્યાલય, કડીના પ્રાંગણમાં રાષ્ટ્રના ૭૨માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલને હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ તેમણે રાષ્ટ્રના ગૌરવવંતા સમારોહમાં ઉપસ્થિત સર્વ વિદ્યાલયના પરિવારજનો અને કડી નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેવવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રાસંગિક ઉદ્દબોધનમાં વિદ્યાર્થીઓને પ્રાપ્ત સમયનો ભરપૂર ઉપયોગ કરી શ્રેષ્ઠ જીવનઘડતર કરવા અને રાષ્ટ્રનિર્માણમાં ભાગીદાર થવા જણાવ્યું હતું. આ ઉપરાંત ગાંધીનગરના સેક્ટર ૨૩માં સ્થિત સર્વ વિદ્યાલય કેમ્પસમાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક વિભાગ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવતા મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત શ્રીમતી રાજેશ્રીબેન વર્ષાનીયાના વરદહસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. મુખ્યમહેમાનશ્રી ઉપરાંત શ્રીમતી કૌશલ્યબહેન પરીખ અને આચાર્યાશ્રી સુધાબેન પટેલે પ્રાસંગિક વક્તવ્યોમાં જીવનમાં શિસ્ત, સદાચાર અને સ્વચ્છતાના આગ્રહી બની રહેવા તેમજ જીવનમાં પગભર બની શકાય તેવું શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓને શીખ આપી હતી. વધુમાં આ શાળાની વિદ્યાર્થિનીઓએ રાજભવન તથા ગાંધીનગરના રામકથા મેદાનમાં આયોજિત ઉજવણીમાં ભાગ લીધો હતો. એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરના પ્રિ. ડૉ. કેયૂર શાહના મુખ્ય મહેમાનપદે અને શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલના યજમાનપદે ભગિની સંસ્થાઓના સહયોગથી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત મુખ્ય મહેમાનશ્રી દ્વારા ધ્વજવંદન કરાવ્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિનાં ગીતો તથા વ્યસનમુક્તિ સંબંધી પ્રેરક કાર્યક્રમ રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા આરોગ્ય વિભાગના ડૉ. નીત, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ અને મુખ્ય મહેમાન ડૉ. કેયૂર શાહે પ્રસંગોચિત ઉદ્દબોધનોમાં રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામની ગાથા સંક્ષેપમાં વણી લઈને એક વિદ્યાર્થી – નાગરિક તરીકે રાષ્ટ્ર પ્રતિ શી ફરજ હોઈ શકે તે વિશે સમજ આપી હતી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૮, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૮, સળંગ અંક : ૪૬**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



એસ. જી. અંગ્રેજી માધ્યમિક પ્રાથમિક શાળાનાં બાળકો
સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે આયોજિત રંગોળી પૂરણીમાં વ્યસ્ત..



લોદરિયા પરિવાર
ઉચ્ચશિક્ષણ કન્યા છાત્રાલય
દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી
નિમિત્તે રજૂ કરવામાં
આવેલ લઘુનાટિકા
'પૂ. છગનભા અમારા
શ્રેષ્ઠ ગુરુ'નું દ્રશ્ય.



મેઘના-નિરંજન શિશુ વિદ્યાવિહાર, કડીમાં આયોજિત માતૃપિતૃ વંદના કાર્યક્રમનું એક દ્રશ્ય.



સર્વ નેતૃત્વની ટીમ દ્વારા લવારપુર ગામમાં વૃક્ષારોપણનું એક દ્રશ્ય.





શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગર દ્વારા આયોજિત રથયાત્રાનાં બે દ્રશ્યો.



એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓ પુનિતવનની મુલાકાતે.



સૂરજબા મહિલા બી. એડ. કૉલેજ, કડીમાં વિશ્વ આદિવાસી દિવસની
ઉજવણી પ્રસંગે આયોજિત આદિવાસી નૃત્યનું એક દ્રશ્ય.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 8, Issue No. 4 July-August 2018**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રેસિડેન્ટશ્રી ડૉ. રામભાઈ પટેલ રાષ્ટ્રના ૭૨મા સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે રાષ્ટ્રધ્વજને સલામી આપી રહ્યા છે તે પ્રસંગની તસવીર.

